
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૫૭ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

નવકારના ૬૮ અક્ષરોમાં
કયા અક્ષર કેટલી વાર આવે છે ?
તે સર્વે પરમાર્થથી શેના સૂચક છે ?



૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન
હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે
'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ

આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ||૫૭||

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## ☐ VOLUME - 57

Year 2021 / સંવત્ ૨૦૭૭
350 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot



team@mindfiesta.com


---


## ☐ SPONSOR

Shri C. K. Mehta
Vadodara | Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra


---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## યોગવિભૂતિના દર્શન આપી શકે સમ્યગ્દર્શન...



અપૂર્વ એવા આ અક્ષયપાત્રો માટે ચતુર્વિધ સંઘમાંથી જે સાધકાત્માઓ દ્વારા પોતાના હૃદયોદ્ગારો આવે છે, તેમાંથી એક ઉત્તમ સાધિકાના ઉદ્ગારો તેમના જ શબ્દોમાંઃ 'સાહેબ! આપે બહુ જ અદ્ભૂત કાર્ય કર્યું-કરાવ્યું છે. પૂજ્ય પંન્યાસજી ભગવંતની પરાવાણી પુસ્તકોમાં લાવી અમને અદ્ભૂત સાધના બતાવી છે. આપનું ઋણ અમારા ઉપર ભવોભવ રહેશે. આ હસ્તાક્ષરો વાંચીને એક જ ઈચ્છા થાય છે કે શીઘ્રાતિશીઘ્ર એમને દેવલોકમાં જઈને મળું અને એમના ચરણોની સેવના કરૂં, યોગાવંચકદશાને પામું. આવા યોગી મહાપુરૂષના યોગથી હું પણ યોગદાનને પ્રાપ્ત કરૂં.

પંન્યાસજી ભગવંતના આ જ પદાર્થો નિર્વિકલ્પ દશા, અમનસ્કવૃત્તિ, ઉન્મની દશા, જ્ઞાયકભાવ, સાક્ષીભાવ, અકર્તૃત્વ દશા, ધ્યાનની દશા આદિ practical level ઉપર બધાને મળવા જોઈએ. પરમ પૂજ્ય કલાપૂર્ણદાદાની પણ જે વિક્ષિપ્ત, યાતાયાત, સુશ્લીષ્ટ, સુલીનદશાની વાત છે કે કેવી રીતે મન ઉપર વિજય પ્રાપ્ત કરવો? મનની ઓળખ, હું કોણ છું? મારૂં સ્વરૂપ શું છે? પ્રભુએ બતાવેલા અનુષ્ઠાનો શું છે? મારા પ્રભુની સાધના શું છે? યોગનું માહાત્મ્ય શું છે? આ ભવ માત્ર અને માત્ર પોતાના આત્મા માટે જ છે. ન દેહ, ન ઈન્દ્રિય, ન મન, આત્માનું (પોતાનું) માહાત્મ્ય. આ રીતે હસ્તાક્ષરનું division પડવાનું છે. આ બધા Topics બધાને અસરકારક - લાભદાયક થાય. મારા જીવનમાં પહેલાં આ ભાવોને અનુભવી પછી બાજુવાળાને પણ તદ્ભાવની પ્રાપ્તિ માટે તલસાટ થાય, એનું મહત્વ અંકાય. સાહેબ! પણ આ બધા પદાર્થો પહેલાં વચનોનાં અવલંબનથી લોકો સુધી પહોંચશે, પછી એ પુસ્તકનું મહત્વ થશે, કારણ આ દિશાનો અનુભવ જ નથી. અનાદિકાલીન અમારી ચેતના

રાગ-દ્વેષ, અહંકારના અનુભવમાં અટવાઈ છે. અનાદિકાળથી સ્વનો અનુભવ થયો નથી. સ્વનું મહત્વ એટલે જ નથી. આ માત્ર શબ્દો નથી, પૂજ્ય પંન્યાસજી ભગવંતની વાણીનો - પ્રભુનો અક્ષરદેહ છે. જે સ્વનો અનુભવ કરાવી જ આપે.

પ્રભુ! સાચે આ દુષમકાળને વંદન છે, જે કાળમાં આવા મહાપુરૂષનો જન્મ થયો! હું બહુ જ કમભાગી છું કે મને એમના દર્શનનો પણ અવસર નથી મળ્યો, પણ આજે આ ભવ મારો એમના માટે જ થયો છે. એમનો વિયોગ મારા ઉપાદાનને તૈયાર કરવા માટે જ જાણે પ્રાપ્ત થયો છે. હવે પછી એમનો વિયોગ નથી જોઈતો. ભવોભવ કોઈનો યોગ મળે તો આ જ યોગીપુરૂષનો યોગ મળે. એમના વાત્સલ્યને આપની જેમ મેં દેહરૂપે ભલે અનુભવ્યો નથી પણ એમની ઉર્જારૂપે આજે ય અનુભવાઈ રહ્યો છે. સર્વ સાથે આત્મીયતાનો ભાવ - એક જીવનો ય તિરસ્કાર ન થાય. અદ્ભૂત! આવુ ચિત્ત બને તો 'મોક્ષ હાથમાં આવી જાય'. અત્યાર સુધી રાગ જ ગમતો હતો, પહેલીવાર એમની વીતરાગતા ગમી ગઈ. મંત્ર-ચૈતન્યના પ્રભાવે 'હું કોણ છું' એ તરફ દ્રષ્ટિ ગઈ. ભવોભવનો ભાર ઓછો થઈ ગયો. ભવોભવ એમના ચરણોની રજ બનીશ તો પણ ઋણથી મુકત થઈ શકું, એવું સામર્થ્ય જ નથી. બસ, એમની વાણી બને એટલા લોકો સુધી પહોંચે. આટલા ભવોથી ચાલતી સાધના જ્યાં તૂટી રહી છે, તેનું અનુસંધાન એમના વચનો કરાવવા સમર્થ છે. એક વાત હજી નથી સમજાતી કે કોઈના વચનો એટલા અસરકારક બની શકે કે આંખ ભીની બની જાય? એક-એક અક્ષરદેહ એમના પ્રત્યે અનન્ય સદ્ભાવ પ્રગટાવે? અનાદિકાલીન સંજ્ઞાને તોડવી અતિવ દુષ્કર છે. ચિત્ત અનાદિકાળથી સંજ્ઞાવાસિત છે, હવે આત્મવાસિત કરવાની જ સાધના કરવી છે. આત્માની ઓળખ (મારી પોતાની ઓળખ) મને આ યોગીપુરૂષથી મળી. આપના ઋણના ભારને મુકત કરવા કંઈક અવસર જોઈએ છે.'

આવી અભિવ્યક્તિના નિમિત્ત એવા આ ગ્રંથશ્રેણીના એકધારા સર્જનના ભૂમા આર્થિક સહયોગમાં સાહેબજીના અનન્ય ભકત વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતાનું** સાગર સમું ઔદાર્ય પહેલાં ભાગથી જ અનવરતપણે અગ્રિમ છે, વળી આ ગ્રંથોનું સંકલન-સંપાદન કરનાર અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા** સાથે તેમના કાર્યવાહક જૂથનો આનંદશ્રમ સરાહનીય છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# દેહમાં વિરાજમાન આત્મચૈતન્યની ફિકરમાં...



पुन्यपुंज बिनु मिलहिं न संता, संतसंगति संसृति कर अंता ।

મારાં જ સૌભાગ્યની અનુમોદના કરતાં કરતાં અને જીવનના નવ દાયકાની સમીપે પહોંચીને આજે મૌન એકાંત માણતાં માણતાં કોઈવાર જ્યારે મારૂં શરીર અસ્વસ્થતા અનુભવે છે, ત્યારે સ્મરણમાં આવે છે શ્રી રાતામહાવીરજી તીર્થની એક સલૂણી સાંજે જેઓનું સામ્ય અનુત્તર હતું, એવા મારા ગુરૂમહારાજ સાથે કરેલો એક અર્થપૂર્ણ સંવાદઃ

'દેહ એ કાંઈ આપણું કાયમી સરનામું કે શાશ્વત નિવાસસ્થાન નથી ચીમનભાઈ, માટે તમે મારાં અસ્વસ્થ શરીરની ચિંતા ન કરો. બસ! આ રળિયામણાં તીર્થનાં મૂળનાયક શ્રી વીરપ્રભુને પ્રાર્થના કરો કે આ દેહમાં વિરાજમાન આત્મચૈતન્ય સ્વ-સ્થ રહે અને સિદ્ધગતિ તરફની મારી યાત્રામાં પ્રભુનો સાક્ષાત્કાર પળેપળ થતો રહે!'

ખરેખર, પૂજ્ય સાહેબજીને થયેલ પળેપળનાં એ પ્રભુસાક્ષાત્કાર થકી ઉદ્‌ભવેલી અપૂર્વ અનુપ્રેક્ષાઓ રૂપી શુભ્રમોતીઓથી આજે જ્યારે હસ્તાક્ષરના ગ્રંથોની દિપમાળા શોભી રહી છે, ત્યારે આપણાં જિનશાસનને વધુ ઉજાશવંતુ - ગૌરવવંતુ થયેલું ભાળું છું!

તે ભદ્રંકર અજવાળામાં આપણા સૌના અસ્તિત્વનું સત્ય પણ
વધુ અને વધુ નિત્ય ઉજાગર થાય, તેવા મનોરથ સાથે...

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












ૐ હ્રીઁ ક્લીઁ બ્લીઁ તતઃ શ્રીઁ, તદનુ હસકલ, હ્રીઁ અથો ઐઁ
નમોઽન્તે, લક્ષં સાક્ષાજ્જપેદ્ યઃ, કરસમવિધિના સત્તપા
બ્રહ્મચારી, નિર્યાન્તીં ચન્દ્ર બિમ્બાત્ કલયતિ મનસા,
ત્વાં જગચ્ચન્દ્રિકાભાં, સોઽત્યર્થં વહ્નિકુણ્ડે,
વિહિતઘૃતહુતિઃ, સ્યાદ્ દશાંશેન વિદ્વાન્ ॥

## મુનિપતિ શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ

मुक्त्वा स्त्रीगजरत्नचक्रमहतीं, राज्यश्रियं श्रेयसे;
प्रव्रज्या दुरिताश्रयप्रमथनी, येनाश्रिताऽभूत् पुरा ।
मृत्यु-व्याधि-जरा-वियोगमगमत् स्थानंपरंयोऽत्यद्भुतं ।
तं वन्दे मुनिपप्रभुमृषभं, सेन्द्रामरराजार्चितम्
अट्ठविह कम्ममुक्को तिलोयपुज्जो य संथुओ भगवं ।
अमरनररायमहिओ अणाइनिहणो सिवं दिसउ
न - स्व - सं - पृ - १३०/१३१/१३२

અર્થ: જેમણે સ્ત્રીઓ, હાથીઓ અને રત્નોના સમૂહથી યુક્ત એવી મહાન રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને કલ્યાણના અર્થે પાપના આશ્રયભૂત મોહનીય કર્મનો નાશ કરનારી દીક્ષાને પૂર્વે અંગીકાર કરી હતી અને મૃત્યુ, વ્યાધિ અને વૃદ્ધાવસ્થા જ્યાં છે નહિ, એવા અત્યંત અદ્ભુત મોક્ષસ્થાનને પ્રાપ્ત કર્યું હતું, તે અપ્રમેય - જેમનું સંપૂર્ણ સ્વરૂપ છદ્મસ્થ ન જાણી શકે, એવા અને જેમના ઇંદ્રો સહિત દેવતાઓએ પૂજા કરી છે, એવા મુનિપતિ શ્રી ઋષભદેવ સ્વામીને વંદન કરું છું.
૮ કર્મરહિત, ત્રિલોકપૂજ્ય, દેવો - મનુષ્યો - દેવેન્દ્રો - નરેન્દ્રોથી પૂજાયેલા ભગવાન શાશ્વત એવા મોક્ષને આપો.

પ્રથમ તીર્થપતિની સાથે નવકારનો ઘનિષ્ઠ સંબંધ

(૧) ૯૯ પુત્રોની દીક્ષા (૨) શત્રુંજય મહાતીર્થની ૯ ટૂંક
(૩) ૯૯ પૂર્વ વાર આવ્યા (૪) ૯૯ અભિષેકની પૂજા
(૫) અભિષેકની બધી પૂજાઓની સંખ્યા ૯ - ૯ છે.
(૬) નવપદજીની પૂજામાં ૯ અભિષેક.
(૭) આશાતના ટાળવા ૧૮ અભિષેક.
(૮) શાંતિસ્નાત્ર મધ્યે ૨૭ અભિષેક.
(૯) નવાણું પ્રકારી પૂજામાં ૯૯ અભિષેક.
(૧૦) નમિઉણ પૂજનમાં ૧૮૯ અભિષેક.
(૧૧) એક સમયે ઉત્કૃષ્ટથી ૧૦૮ આત્માની સિદ્ધિ.
(૧૨) જઘન્યથી આંતરૂં ૬ મહિનાનાં
૧૮૦ દિવસ અને વર્ષના કુલ ૩૬૦ દિવસ.

તીર્થંકર ભગવાનની દ્રવ્યસેવાનો પ્રત્યેક પ્રકાર ભાવ ઉપર આરોહણ થવા માટે છે, તેમ હોય તો જ ભાવજનક ઔચિત્યરૂપ 'દ્રવ્ય' શબ્દની સાર્થકતા છે.

દીપકને ઉપાસી વાટ જેમ દીવો બને છે, તેમ આનંદઘનરસ રૂપ પરમાત્માની ઉપાસનાથી આત્મા પણ સ્વરૂપાચરણની શ્રેણીઓ ચઢી આનંદઘનરસ રૂપ પરમાત્મા થાય છે.

## 'અહં'થી 'અર્હં' પહોંચવાની યાત્રા

'નમ' વડે 'મન'નો અંત આવે છે અને મનનો અંત
આવવાની સાથે અહંનો પણ અંત આવે છે અર્થાત્
આપણો 'અહં' નાશ પામે છે અને
આપણું શુદ્ધ આત્મસ્વરૂપ 'અર્હં' પ્રગટ થાય છે.
વિચાર એ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ છે અને
ભાવના એ મોહનીયનો ક્ષયોપશમ છે.
'નમો' એ સ્વયંનું વિસર્જન કરે છે અને 'વયં'નું
સર્જન કરે છે. તે વ્યષ્ટિમાંથી સમષ્ટિમાં લઈ જાય છે,
પછી અરિહંતાદિ વડે પરમેષ્ઠિમાં ભળતા કરી શકાય છે.
સ્વયંમાં જે સ્વકાર છે, તે સંસાર છે અને સ્વકાર
ગયા પછી જે 'વયં'ની અવસ્થિતિ છે, તે સદ્ભાવના
રૂપ છે, જે સ્વસ્વભાવમાં જવા માટેનું દ્વાર બને છે.
સમષ્ટિભાવ એ એકબાજુ વ્યષ્ટિભાવનું
વિસર્જન કરે છે અને બીજીબાજુએ તે સમષ્ટિભાવ
પરમેષ્ઠિભાવનું સર્જન થવાની યોગ્યતા પેદા કરે છે.
બીજાની સાથે મિત્રતા બાંધવી હોય,
તે જેઓના મિત્ર હોય, તેના મિત્ર બનવું જોઈએ અને
તે જેઓના શત્રુ હોય, તેના શત્રુ થવું જોઈએ.

'નમો' પદ દ્વારા અરિહંતોની સ્તુતિ - કીર્તન થાય છે
અને કીર્તન એ માયારૂપી નર્તકીનું વિસર્જન કરે છે.
નર્તકી એ માયા છે અને
જય પામે અહં - મમનો નાશ કરાવે છે અથવા
અહં - મમનો ભાવ એજ માયારૂપી નર્તકી છે.
તેને મૂળથી જ ઉખેડી ફેંકનાર કીર્તનરૂપી 'નમો' પદ છે.
મનનું વિપરીતગમન જેમ 'નમ' છે,
તેમ નર્તકીનું વિપરીતસ્વરૂપ 'કીર્તન' છે.
'નમો' ભાવ વડે મનનું દાન થાય છે.
ધનના દાન સાથે મનનું દાન ન હોય, તો તે શોભતું નથી.
ભાવ વિનાના દાન આદિ તુચ્છ છે, કિન્તુ આદર તથા
સત્કારપૂર્વક આપેલું અલ્પદાન પણ મહામૂલ્યવાન છે
અને તે વિનાનું અનલ્પદાન પણ અલ્પ છે, તુચ્છ છે,
લૂણ વિનાનું ભોજન છે, સાકર વિનાની ખીર છે.
નમો એ મન વડે થતું દાન હોવાથી સર્વશ્રેષ્ઠ છે
અને તે જ્યારે સર્વશ્રેષ્ઠ પાત્રોને અપાય છે,
ત્યારે દુઃખ અને દારિદ્ર્ય માત્રનો નાશ કરે છે.
મનને વિશુદ્ધ કરવા 'નમો' મંત્ર સર્વશક્તિમાન છે.
શરીર એ વહાણ છે, મન એ મૂડી છે.

મન દ્વારા શરીર સર્જાય છે,
જેનું મન સારું, તેનું શરીર પણ સારું.

આયુષ્યકર્મનો બંધ મનના અધ્યવસાયોથી થાય છે, તેથી શરીરને ઉત્પન્ન કરનાર મન છે. જેમ મૂડી નાશ થતાં વ્યાજનો ય નાશ થાય, તેમ મન નાશ થતાં આત્મા અશરીરી બને છે. મનોનાશ 'નમો' મંત્ર વડે સહજ બને છે, તેથી 'નમો' એ મોક્ષનું સાક્ષાત્ સાધન છે.

દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના વડે ચતુઃશરણ પ્રાપ્ત કરી શકાય છે. દુષ્કૃતની નિંદા દ્વારા આત્માનો ખોરાક જે સમ્યગ્દર્શન તે તૈયાર થાય છે. 'નમો' એ વિનયસ્વરૂપ હોવાથી આત્માનું અન્ન છે અને સમ્યગ્દર્શન એ આત્માનો પૌષ્ટિક ખોરાક છે.

## 'નમો' વડે સિદ્ધપદની પ્રાપ્તિ

ચતુઃશરણ એ વિનયરૂપ છે અને તાત્ત્વિક વિનય દુષ્કૃતગર્હા અને સુકૃતની સાથે અનુમોદના સ્વરૂપ છે. 'નમો' વડે દુષ્કૃતની નિંદા થવાથી ભૂતકાળના પાપ નાશ પામે છે, સુકૃતાનુમોદન થવાથી વર્તમાનમાં શાંતિ મળે છે અને અરિહંતાદિનો વિનય થવાથી ભાવિ સુધરે છે, પ્રાંતે કેવળજ્ઞાન અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

વિનય એ ભાજન - પાત્રતા છે તથા જ્ઞાન એ જળ છે.
જળ વિના અજ્ઞાનમેલ જાય નહિ અને
વિનયરૂપી ભાજન વિના જ્ઞાનરૂપી જળ ટકે નહિ, તેથી
નમો મંત્ર જ્ઞાનાદિ સર્વ સદ્‌ગુણોનું ભાજન બને છે.

નમો = વિનય - અભ્યંતર તપ.

અરિહંત = સર્વોત્કૃષ્ટ અહિંસા અને દયા.

આણં = સંયમ, પ્રભુની આજ્ઞાનું આરાધન.

નમો = મનનું મારણ, અરિહંત = તનનું તારણ,
આણં = દિલનું વારણ.

આમ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદમાં જ
આપણાં મનનું તારણ - વારણ - મારણ સધાય છે.

माहात्म्यज्ञानपूर्वकः सर्वतोऽधिकः
सुदृढस्नेहो भक्तिः । तदुक्तं
'माहात्म्यज्ञानपूर्वस्तु, सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्नचान्यथा' ॥१॥
- वल्लभाचार्य (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

અરિહંત ન હોય તો અરિહંતની આજ્ઞા પણ ન હોય.
અરિહંતઆજ્ઞા ન હોય, તો સમ્યક્ત્વ પણ ન હોય.
બધાનું મૂળ અરિહંત પરમાત્મા જ છે.

## મહામંત્રના જાપ - સ્મરણનું માહાત્મ્ય

જો સમ્યગ્જ્ઞાન ન હોય, તો સમ્યગ્દર્શન અને
સમ્યક્ચારિત્ર ન હોય અને તે જો ન હોય,
તો સદ્ગતિ અને મોક્ષનાં સુખ પણ ન હોય.
જગતમાં જેટલી સારભૂત વસ્તુઓ છે,
તે બધાનું મૂળ અરિહંત પરમાત્મા છે, તેથી
તેમનું સ્મરણ તો પ્રત્યેક ક્ષણે ક્ષણે હોવું જરૂરી છે.
અરિહંતનું સ્મરણ જ્યારે પ્રાણનો પણ પ્રાણ બને છે,
ત્યારે આપણો જન્મ કૃતકૃત્ય થાય છે.
આ નમસ્કાર મહામંત્રમાં સાધ્ય, સાધક અને સાધન -
એ ત્રણેની એકતા છે. સાધ્ય પરમેષ્ઠિપદ છે, સાધન
તેમનું આલંબન છે અને સાધક પણ તેઓ જ છે.
એ રીતે મહામંત્રના જાપ અને સ્મરણ વડે ત્રિકાલવર્તી
અને ત્રિલોકવર્તી પરમેષ્ઠિઓનો અનુગ્રહ મળે છે.
તે દ્વારા સાધ્ય, સાધન અને સાધકની
એકતારૂપી સમાપત્તિ સધાય છે.
એ સમાપત્તિ વડે તીર્થંકર પદની આપત્તિ અને
તેના વિપાકોદય વખતે
ત્રણ લોકની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

માનવમન તથા માનવદેહ એ microcosm છે
અને સમગ્ર વિશ્વ એ macrocosm છે.
આપણને જો વ્યષ્ટિ અને સમષ્ટિનો સંબંધ સમજાય,
તો જ આ માનવજીવનનું સાચું મૂલ્યાંકન થઈ શકે છે.
આપણો માનવદેહ તો કુદરતનું
એક એવું અદ્ભુત સાધન છે કે
જે વડે મોક્ષસુખનો ખરો સાક્ષાત અનુભવ
અહીં તથા અત્યારે જ શક્ય બને છે.
સર્વ પ્રથમ વિશ્વમાં રહેલાં પદાર્થોનું
સમ્યગ્દર્શન જરૂરી છે, તે પછી જ આપણે
વિશ્વની સાથે પોતાના સંબંધનું જ્ઞાન કરવાનું છે.
સમષ્ટિ અર્થાત cosmosની બહાર
જે objective Reality છે,
તેના સૂક્ષ્મ અંશને વ્યષ્ટિ અર્થાત
પોતાનામાં - Selfની Subjective જોવાના છે,
આ જ સમ્યગ્દર્શન છે. આ સંબંધને અનુભવ કરવાનું
ગણિત માંડવું, એ સમ્યગ્જ્ઞાન છે અને ચારિત્ર્યની
Process - તેના વડે Harmony - Rhythm
પ્રગટે છે, અનુભવાય છે, સંબંધનું જ્ઞાન થાય છે.

ચારિત્રરૂપી તંત્ર એ Harmony between
microcosm and macrocosm લાવે છે.
ચારિત્ર વડે સમગ્ર વિશ્વની, Totalityની, All
and everythingની Harmony પોતાનામાં જે
અનુભવાય, તે Three dimensional process છે
અને તપ એ Four dimensional છે.
એક Horizontal movement છે,
બીજો perpendicular movement છે.

<u>તપ જ અંતિમ સિદ્ધિ અપાવે...</u>

તપ વડે જ એ સત્ય સમજી શકાય કે
આ cosmos Totality સહિત સમષ્ટિ એ
આપણું પોતાનું જ projection છે,
આપણો જ વિસ્તાર છે, તેથી તપ અને માત્ર તપ જ
અંતિમ સિદ્ધિ અપાવે છે. તપનો ચારિત્રગુણમાં અંતર્ભાવ
કરવો હોય, ત્યારે ચારિત્રની બે બાજુ બને છે:
એક પ્રવૃત્તિ - નિવૃત્તિરૂપ, બીજી સ્વરૂપરમણતારૂપ છે.
પ્રવૃત્તિ - નિવૃત્તિરૂપ ચારિત્ર એ વ્યવહારનય છે
અને સ્વરૂપરમણતા એ
નિશ્ચય - અંતરંગ છે તથા વ્યવહાર એ બહિરંગ છે.

શ્રીચંદ કેવલી ભગવંતે પૂર્વના પાંચમા ભવે
૫૦૦ આયંબિલ અને પૂર્વના ત્રીજા ભવે
શાસનની પ્રભાવનાપૂર્વક શ્રી વર્ધમાન તપ કર્યો. સુંદરી
મહાસતીએ ૬૦,૦૦૦ વર્ષ લાગટ આયંબિલ તપ કર્યા.
શ્રેણિકરાજાની રાણી મહાસેનાએ લાગટ રીતે
શ્રી વર્ધમાન તપ પૂર્ણ કર્યો. સંઘોમાં આજે પણ
૧૪ વર્ષ, ૩ માસ, ૨૦ દિવસના આ અસાધારણ તપને
પુણ્યવાન જીવો પૂર્ણ કરી રહ્યા છે.

વળી દરેક મહાન તીર્થંકર ભગવંતો પણ
ગૃહવાસ તજી ચારિત્રમાર્ગનું શરણ અંગીકાર કરે છે.
ષટ્ખંડના માલિક ચક્રવર્તીઓ, ભરતચક્રીની પાટે આવેલ
અસંખ્ય રાજાઓ, ધન્ના - શાલિભદ્ર અને જંબૂકુમાર
જેવા શ્રેષ્ઠિપુત્રોએ પણ આ જ માર્ગે પ્રયાણ કર્યું છે.
નિષ્પાપ સંયમજીવન ગૃહવાસના ત્યાગથી જ સંભવે છે.
ગૃહવાસમાં ષટ્કાયનો આરંભ, અઢાર પાપસ્થાનકોનું
સેવન, ભગવદ્ભક્તિમાં અંતરાય, આત્મચિન્તાને
ભૂલાવનારી પરચિન્તાઓ અને પરિવારાદિના દાક્ષિણ્યે
રાગાદિ દોષોનું સેવન અખંડ રહે છે,
કે જે જીવના અનાદિ ભવભ્રમણને અકબંધ રાખે છે.

ભવભ્રમણથી બચવા માટે શ્રી જિનેશ્વરદેવપ્રણીત પ્રવચનોનો સ્વીકાર એ જ મુમુક્ષુઓને માટે એકમાત્ર આધાર છે અને એટલે જ મંગલમય ચારિત્રમાર્ગે પ્રયાણ કરનાર આત્માઓને કોટિ કોટિશઃ ધન્યવાદ છે. એ માર્ગે પ્રયાણ કરનાર ૨૪ રાજલોકમાં અભયદાનનો પટહ વગાડાવે છે અને અનંતાનંત સકલ જીવોની અંતરંગ આશિષ મેળવી સ્વપરનું આત્મહિત સાધે છે.

ચારિત્રમાત્મચરણાત્ જ્ઞાનં વા દર્શનં મુનેઃ ।
શુદ્ધજ્ઞાનનયે સાધ્યં, ક્રિયાલાભાત્ ક્રિયાનયે ॥૧॥

- જ્ઞાનસાર, મૌનાષ્ટકં, શ્લોક - ૩

આત્માને વિષે ચાલવાથી પુદ્ગલથી નિવૃત્તિરૂપ ચારિત્ર, બોધસ્વરૂપ હોવાથી જ્ઞાન અને જિનોક્ત ભાવની શ્રદ્ધારૂપ હોવાથી દર્શન, એમ જ્ઞાનાદ્વૈતની અપેક્ષાએ મુનિને સાધ્ય છે. એક જ વસ્તુને વ્યાવૃત્તિ - ભેદનયની અપેક્ષાએ ત્રિરૂપ કહી છે. વસ્તુતઃ એક જ્ઞાન જ આત્મસ્વભાવમાં રમણ કરાવતું હોઈને ચારિત્ર છે અને તે જ જ્ઞાન અને તે જ દર્શન છે.

અનાદિકાળથી જીવને ભવમાં ભટકાવનાર ત્રણ સહજ દોષ વળગેલાં છે, જેના નામ છે : રાગ, દ્વેષ, મોહ.

रागी दोषान् न पश्यति । એ ન્યાયે
રાગદોષ જીવને પોતાના દોષોને દેખવા દેતો નથી
અને સ્વકૃત દુષ્કૃતગર્હાનો પ્રતિબંધક બને છે. વળી
જેટલાં અનિષ્ટ બનાવો બને, તેમાં પોતાને નિર્દોષ
અને બીજાને જ દોષિત ઠરાવવાનો પ્રયાસ કરે છે,
તેથી આપણું જુગજૂનું અજ્ઞાન પુષ્ટ બને છે.

द्वेषी गुणान् न पश्यति । એ ન્યાયે
દ્વેષદોષ બીજાના ગુણોને, બીજાના સુકૃતોને,
બીજાના પોતાની ઉપર થઈ રહેલાં, થયેલાં અને
ભવિષ્યમાં થનારાં ગુણોને દેખવા દેતો નથી.
તેથી જે કાંઈ શુભ થાય - ઇષ્ટ બને,
તેમાં બીજાના પ્રભાવને દેખી શકતો નથી અને
તેમાં પોતાના એકલાનું જ કર્તૃત્વ માનીને તથા
બીજાના ઉપકારોનો અપલાપ કરીને અજ્ઞાનની સાથે
ધર્મના નિયમ ઉપર અશ્રદ્ધાને પુષ્ટ કરે છે.

આ બે દોષ ઉપરાંત ત્રીજો દોષ મોહ છે.
તે ગુણ અને દોષનો વિવેક કરવા દેતો નથી, તેથી
ગુણમાં દોષબુદ્ધિ અને દોષમાં ગુણબુદ્ધિ પેદા કરે છે
સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત એવા

પરમાત્મતત્ત્વની ભક્તિમાં અશ્રદ્ધા કરાવે છે અને
દૃષ્ટિવાન તથા ગુણીજનોમાં શ્રદ્ધા કરાવે છે.
કારુણ્ય અને વાત્સલ્યના ભંડાર પરમેષ્ઠિ ભગવંતો કે
જેઓ સ્મરણમાત્રથી ભવબંધનથી મુક્ત કરવાનું
સામર્થ્ય ધરાવે છે, તેના શરણાની બદલે અન્યનું શરણ
શોધે છે, તે મોહદૃષ્ટિનો જ ઉત્કટ પ્રભાવ સમજવાનો છે,
એ ભવાંતર વાંધાપો મોહનો જ આપેલો છે.
તેને વિવશ પડેલો તે બધાનું શરણ શોધે છે પણ
પરમાત્માને શરણે જઈ શકતો નથી કે જે પરમાત્મામાં
તેમનું સ્મરણમાત્ર કરવાથી સ્મરણ કરનારને, શરણે
આવનારને પોતાના સમાન જ બનાવવાનું સામર્થ્ય છે.
પરમપદે રહેલાં પરમેષ્ઠિઓનું પરમ શ્રદ્ધા અને
V.V. Imp. વિશ્વાસપૂર્વક સ્મરણ એ જ શરણ પદાર્થ છે.
જ્યારે શ્રદ્ધા કર્મના નિયમ ઉપર અને વિશ્વાસ એ
ધર્મના નિયમ ઉપર પરિપક્વ થાય છે,
ત્યારે જ પ્રભુનું સ્મરણ સાર્થક બને છે, કારણ કે
ત્યાં સુધી તે વાચિક યા તો માત્ર માનસિક રહે છે.
કર્મના નિયમ ઉપરની શ્રદ્ધા સ્વકૃત દુષ્કૃતગર્હા અને
પરકૃત સુકૃતાનુમોદન કરાવે છે અને ધર્મના નિયમ

ઉપરનો વિશ્વાસ સ્મરણ - ભક્તિમાં પ્રેરક બને છે.
પરમેષ્ઠિઓનું સ્મરણ મિથ્યાત્વરૂપી વિષનો નાશ કરી
કર્મરોગની ચિકિત્સારૂપ બની ભવભયનું ત્રાણ કરે છે.
માટે જ કહ્યું છે: अनन्तानन्तसंसारसंततिच्छेदकारणम् ।
जिनराजपदाम्भोजस्मरणं शरणं मम ॥१॥
પરમેષ્ઠિ સ્મરણ પૂર્વે શ્રવણ - કીર્તન આવશ્યક છે
શ્રવણ કર્મના વિગમનું અને કીર્તન દર્શને ધારણ
કરનાર પરમેષ્ઠિ ભગવંતોના ગુણોનું કરવાનું છે.
એનાથી શ્રદ્ધા વધે બહુમાન ભક્તિ ઉત્પન્ન થાય છે.
શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે અને ભક્તિનું મૂળ વિશ્વાસ છે.
સ્મરણ અને શરણપ્રદ હોવાથી સ્મરણના હેતુભૂત
જેટલી પણ ક્રિયાઓ છે, તે બધી આદરણીય બને છે.
પરમેષ્ઠિઓનું વંદન, અર્ચન, પાદસેવન, વિચિન્તન,
ધ્યાન, આજ્ઞાપાલન, આદર, બહુમાન, ભક્તિ અને
તેનાં સઘળાં સાધન પરમેષ્ઠિના સ્મરણ - ભક્તિ રૂપે
પરિણામ પામી તે પરમ શરણને આપનાર થાય છે.
નિ:સંગ સંતો સમાજસેવા નહિ કરતાં, એમ કહેવું
સત્ય નહિ. નિ:સંગ મહાત્માઓના પરમાણુઓ જ
સમાજની સેવા કરનારા લોકોને શુભ પ્રેરણા આપે છે.

દરેક વ્યક્તિની પ્રકૃતિમાં
દયા, કરુણા વગેરે ગુણોના અંકુરો હોય જ છે.
સદાચારના અમૃતથી સીંચીને તેને સંવર્ધિત કરી શકાય
કે દુરાચરણની આગથી તેને શોષવી પણ શકાય છે.
સદ્ગુણ માત્ર સત્સંગથી જ પુષ્ટ થઈ શકે છે.

કૃતજ્ઞતા ગુણ સર્વ ધર્મનો પાયો છે.
આ જગતમાં સૌથી વધુ કૃતજ્ઞ કોઈ હોય, તો તે
પરમેશ્વર - પરમાત્મા છે, જેમનું નામસ્મરણ કરવા
માત્રથી જ અનંત ભવભ્રમણનાં દુઃખ દૂર થાય છે.

થોડી પણ ભક્તિ ભગવાનની થાય છે, તો તે
પરંપરાએ મુક્તિનાં અનંત સુખ આપનારી થાય છે.
પ્રભુ તો ભક્તને પરતંત્ર બનીને જીવને સ્વતંત્રતા દે છે.
પ્રભુને પણ ભક્તિવશ ભક્તના કબજે આવવું પડે છે,
છતાં ભગવાન જીવમાત્રને પોતાની ભક્તિ કરવી,
કે ન કરવી, તે વિષયમાં સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષે છે.

પ્રભુનો એક સૌથી મોટો ગુણ છે કે:
બીજાને સ્વતંત્રતા આપવી અને પોતે પરતંત્ર રહેવું.
તે ગુણનું જે કોઈ અનુકરણ કરે છે,
તેને પ્રભુપદની પ્રાપ્તિ સહજથી થાય છે.

પરમપદની પ્રાપ્તિનો પરમ ઉપાય એક જ છે:
પોતે તૂટતા રહી બીજાને સ્વતંત્રતા આપો.

મોક્ષ જે મુક્તિ એટલે શેનાથી મુક્તિ?

મુક્તિ એટલે મોહથી મુક્તિ, રાગદ્વેષથી મુક્તિ, ચિંતાઓથી
મુક્તિ અને એ બધા જેમાં થાય છે, તે મનથી મુક્તિ.
મન એ જ સંસારનું કારણ છે અને
મન એ જ મોક્ષનું કારણ છે.
વિષયાસક્ત મન બંધન કરે છે અને
એ જ મન જ્યારે નિર્વિષય બને છે,
ત્યારે મુક્તિ અને મુક્તિનાં સુખોનો અનુભવ થાય છે.

જ્ઞાનનો અર્થ છે સારાસાર વિવેક.

જે અક્ષરજ્ઞાનને પરિણામે આ વિવેકશક્તિ ન આવી,
તે જ્ઞાન નહિ પણ શિક્ષિત મૂર્ખતા છે.
વિજ્ઞાન એ જ્ઞાન - knowledge આપે છે,
તત્ત્વજ્ઞાન એ શાણપણ - wisdom આપે છે.

સમ્યગ્દર્શનથી બંધતત્ત્વ નિર્મૂળ થાય છે,
સમ્યગ્જ્ઞાનથી આસ્રવતત્ત્વની નિવૃત્તિ થાય છે,
સમ્યક્ચારિત્રથી સંવરતત્ત્વનું સેવન થાય છે અને
સમ્યક્તપથી નિર્જરાતત્ત્વ ચરિતાર્થ બને છે.

## ગુરુતત્ત્વનો મહિમા

ઈશ્વર કે ગુરુમાં જેને વિશ્વાસ હોય,
તે કદી ચિંતા કરી શકે નહિ, કોઈને ચિંતા કરાવી, તે
પરમ તત્ત્વોમાં અવિશ્વાસ પેદા કરવા તૈયાર છે.
ઈશ્વર અને આત્માના અસ્તિત્વમાં જેને પાકી શ્રદ્ધા
છે, તેના મનમાં કદી પણ ચિંતા પ્રવેશી શકતી નથી.
ચિત્તમાં પ્રસન્નતા વૃદ્ધિ કરવાથી
મુશ્કેલીઓનો મુકાબલો કરવાની તાકાત જડી આવે છે.

અભ્યર્થનાદર્હતાં મનઃપ્રસાદસ્તતઃ સમાધિશ્ચ ।
તસ્માદપિ નિઃશ્રેયસમતો હિ તત્પૂજનં ન્યાય્યમ્ ॥૧॥

અર્થ: અરિહંતોનું અભિગમન, સ્તુતિ, વંદન,
પર્યુપાસનાદિથી મનની પ્રસન્નતા ઉત્પન્ન થાય છે, જે
આહ્લાદક એવી એકાગ્રતા, સમાધિ, સમતાને લાવે છે.
પ્રસન્નતા, સ્વચ્છતા, શાંતતા આહ્લાદક છે.
રાગાદિ રહિતની ઉપાસનાથી રાગાદિ શાંત થાય છે,
સમાધિથી તત્ત્વવિષયક શુશ્રૂષા જાગે છે તથા
શ્રવણની અભિલાષા જાગે છે,
તેથી તત્ત્વનું ભાવપૂર્વક શ્રવણ થાય છે.
ભાવપૂર્વક શ્રવણથી તત્ત્વનો બોધ - અધિગમ થાય છે.

અધિગમથી હિતની પ્રાપ્તિ, અહિતનો પરિહાર થાય છે,
પરિણામે પરમ કલ્યાણ - નિઃશ્રેયસની પ્રાપ્તિ થાય છે.
સમાધિથી માંડીને નિઃશ્રેયસ પર્યંતના
લાભનો હેતુ હોવાથી અરિહંતોનું પૂજન, નમન, વંદન
તથા પર્યુપાસન ન્યાયયુક્ત છે - કર્તવ્ય છે.

## શ્રી અરિહંતોના પૂજન, નમન, વંદનનું માહાત્મ્ય

શ્રી અરિહંતોનું પૂજન મુખ્યત્વે
તેમના બિંબોની પૂજા દ્વારા થઈ શકે છે.
બિંબો ઉત્તમોત્તમ દ્રવ્ય છે, જિનચૈત્ય ઉત્તમોત્તમ ક્ષેત્ર,
જિનપૂજાનો કાળ અને ભાવ પણ ઉત્તમ છે.
એ રીતે ઉત્તમ દ્રવ્યાદિની સામગ્રી એકસાથે મળવાથી
ઘાતીકર્મોનો ક્ષય - ક્ષયોપશમ થાય છે.
સર્વ ઘાતીકર્મોમાં મુખ્ય મોહનીય કર્મ છે.
મોહરહિત વીતરાગ પુરુષોની ઉપાસનાથી મોહ ઘટે છે,
તેથી ચિત્ત સ્વચ્છ - પ્રસન્ન - નિર્મળ થાય છે.
નિર્મળ ચિત્ત સત્ય પ્રત્યે શ્રદ્ધા - આસ્તિક્ય પામે છે.
સત્ય શ્રી જિનવચનરૂપ છે, તેથી
જિનવચનનું શ્રવણ કરવાનો લાભ મળે છે, ઉપરાંત
શ્રવણ કરાવનારનો યોગ પણ મળે છે.

તેમની પાસે શ્રવણ કરવાથી ગ્રહણ, ધારણા, ઉહાપોહ,
ચિન્તન, મનનાદિ થાય છે, તેથી તત્ત્વનો નિર્ણય થાય છે.
તત્ત્વનિર્ણય વડે હિતપ્રાપ્તિ - અહિતનો પરિહાર થાય છે
અને પરંપરાએ મુક્તિ મળે છે.

સંસારી આત્માઓ ધર્મ કરવામાં
પ્રાયઃ આળસુ, કષ્ટભીરુ અને પ્રમાદી હોય છે.
જિનેશ્વર દેવોની શાંત આકારવાળી પ્રતિમાઓના દર્શન,
પૂજન, વંદનાદિ વડે કર્મોનો ક્ષયોપશમ થાય છે, તેથી
ગૃહસ્થો માટે નિત્ય પૂજન શ્રેષ્ઠ કર્તવ્ય છે.

શ્રી જિન પ્રતિમાદિના દર્શન - વંદન - પૂજનાદિ વડે
પ્રમાદાદિ દૂર થાય છે, સંવેગાદિ વધે છે અને
શ્રી જિનગુણના ધ્યાનમાં મન એકાગ્ર થવાથી સંપત્તિ,
સમાપત્તિ, આપત્તિ આદિ મહાન ફળો પ્રાપ્ત થાય છે.

સાધુ - સાધ્વીને શસ્ત્ર - અસ્ત્ર - તલવાર - બખ્તર કયા?

તપ = તલવાર, સંયમ = ઢાલ, અહિંસા = બખ્તર છે.
તપ - તલવારથી કર્મ કાપે, ઢાલથી કર્મ રોકે. રાગ - દ્વેષની
પરિણતિમાં જતાં એવા મનને અટકાવી સમતાયોગમાં
જોડવું, તે રાજયોગ અત્યંત કલ્યાણકારી છે. સાધુપદના
બહુમાન માટે ગુરુ શિષ્યને 'મત્થએણ વંદામિ' કહે છે.

'ગુરુજનયુત' એટલે દ્રવ્યભાવસંકોચ.
'દ્રવ્યસંકોચ' એટલે ગુરુ આવે, ત્યારે
ઊભા થવું, સામે જવું, વિનય-બહુમાન કરવું ઇત્યાદિ.
'ધ્યાનથી મોક્ષ છે, એમ માનીને જે
ગુરુવિનય, શાસ્ત્રાભ્યાસ અને સ્વાધ્યાય આદિ તથા
બાળ પણ સ્વભૂમિકા ઉચિત અનુષ્ઠાનો છોડી દે, તો
તે ઉત્તમ રત્નટાસાદિ લેવા વડે ઘણું દુઃખ મેળવે છે'
એમ સાંભળીને સામાન્ય મનુષ્ય જો
આજીવિકાના પોતાની ભૂમિકાને ઉચિત ઉપાય છોડીને
રત્નોની પરીક્ષા કરવામાં આદરવાળો બને,
તો તેને રત્નો મળવાને બદલે ખાવા-પીવા અને
લુગડાં-લત્તા તથા ઘર-બાર વિનાના રહેવું પડે.
રત્નપરીક્ષાનો આદર તો એને જ યોગ્ય ગણાય કે જેને
સંપૂર્ણ ભોજન, વસ્ત્ર, ઘર વગેરે પ્રાપ્ત થયાં હોય,
એવો પુરુષ વિશિષ્ટલાભ મેળવવાની અભિલાષા કરે,
તેમ અહીં સાધુના સમગ્ર આવશ્યકપાલનપૂર્વક ધર્મ
અને શુક્લધ્યાનને યોગ્ય સૂત્ર તથા અર્થનો સારી
રીતે અભ્યાસ કરેલો હોય અને શાસ્ત્રોક્ત અન્ય
અનુષ્ઠાનોને બાધા ન પહોંચે, તે વાસ્તવિક ધ્યાન છે.

## શ્રાવકોને એક ખાસ માર્ગદર્શન

શ્રાવકોને નમસ્કારાદિ ધ્યાન પણ શ્રાવકોચિત જાણવું
ધર્મક્રિયાઓને બાધ ન પહોંચે, તે રીતે કરવાનું કહ્યું છે.

જ્ઞાન અને વિવેકવાળી અવસ્થા એ મનુષ્યપણું છે
અને જે અજ્ઞાન - અવિવેકવાળી અવસ્થા છે,
તે બાળકપણું છે, પશુપણું છે.

વિનયસમાધિ = વિનય વડે જે આત્મહિત સધાય તે.

શ્રુતસમાધિ = શ્રુતાભ્યાસથી જે સમાધિ પ્રાપ્ત થાય તે.

### શ્રુતાભ્યાસના ચાર પ્રયોજન

દ્વાદશાંગનું જ્ઞાન, એકાગ્રતા, ધર્મમાં સ્થૈર્ય અને
બીજાને સ્થિર કરી શકે, તે માટે તે શ્રુતસમાધિ છે.

શીલ વડે અને તપ વડે જે સમાધિ પ્રાપ્ત થાય,
તે અનુક્રમે શીલસમાધિ અને તપસમાધિ છે.

આત્મસમર્પણ પણ સમાધિરૂપ છે,
કેમકે તેમાં બહિરાત્મભાવનો ત્યાગ કરી
અંતરાત્મભાવમાં સ્થિર થઈ આત્માને પરમાત્મસ્વરૂપે
ચિંતવવાનો હેતુ છે, તેથી તે તાત્ત્વિક સમર્પણ છે.

લૌકિક ધર્મ = સામાન્ય લોકમાં રૂઢ થયેલો ધર્મ.

અક્ષુદ્રત્વથી દયાલુત્વ સુધીના ૨૦ ગુણો ધાન્યરૂપ છે
અને માધ્યસ્થ્યાદિ ૧૧ ગુણો વસ્ત્રરૂપ છે.

## ધાન્યરત્ન ૧૦ ગુણ

અક્ષુદ્રતા, પંચેન્દ્રિયપટુતા, સૌમ્યતા, જનપ્રિયતા, અક્રૂરતા, પાપભીરુતા, અશઠતા, દાક્ષિણ્ય, લજ્જાળુતા અને દયાળુતા.

## વસ્ત્રરત્ન ૧૧ ગુણ

માધ્યસ્થ, સૌમ્યદૃષ્ટિ, ગુણાનુરાગિતા, સત્યવાદિતા, સત્પક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞ, વૃદ્ધાનુસારી - વિનીત, કૃતજ્ઞ, પરહિતકારી અને લબ્ધલક્ષ્ય.

ઉપરોક્ત ૨૧ ગુણમાંથી ચોથા ભાગના ઓછા હોય, તે મધ્યમ અધિકારી છે, જેને અર્ધા ભાગથી ય ઓછા ગુણ હોય, તો તે જઘન્ય અધિકારી છે અને તેથી બહુ ઓછા હોય, તે દરિદ્રપ્રાય ધર્મરત્નને યોગ્ય નથી. નગરમાં શાક - કાપડ - કરિયાણાં, ધન - ધાન્યની દુકાનો તો ઘણી હોય છે, રત્નના વેપારીઓ અલ્પ હોય છે. તેમ શુદ્ધ ધર્મગ્રહણ કરનારા ઘણાં અલ્પ હોય છે અને પોતાની કલ્પના પ્રમાણે ધર્મ કરનારા મૂઢમતિવાળાની સંખ્યા ઘણી મોટી હોય છે.

અધિકારી આત્માને શુદ્ધ ધર્મ દુષ્કર નથી. ચાર ગતિના દુઃખોનો જેને ભય લાગ્યો છે અને પંચમ ગતિના પરમસુખ મેળવવાનો લોભ લાગ્યો છે,

તેવા સમની આત્માને શુદ્ધ ધર્મ માટેનું કષ્ટ અતિ
અલ્પ લાગે છે. જેનાથી ઘણું દુ:ખ ટળે અને ઘણું
સુખ મળે, તેમાં આદર કરનારને કષ્ટ એ કષ્ટ નથી
પણ પરમસુખનું સાધન હોવાથી સુખકર થાય છે.

નિરાશા એ ધર્મથી વિરુદ્ધની વાત છે.

એક ધર્મ ઉદ્ધરના સહારે જ વ્યક્તિ અને સમષ્ટિ
ઉન્નત થઈ શકે છે. વિશ્વ જ્યારે નિરાશામાં ડૂબે,
ત્યારે તેમાં આશા પૂરનાર એક ધર્મ જ છે.

ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મ પ્રત્યેનો વિશ્વાસ -
એ બે વસ્તુ જ વિશ્વમાં તારણહાર છે.

શ્રદ્ધા એ દેવી છે અને વિશ્વાસ એ દેવ છે.
એક શક્તિ - બીજો શિવ, બન્ને પરસ્પર જોડાયેલાં છે.
જ્યાં શક્તિ - ત્યાં શિવ અને
જ્યાં શિવ - ત્યાં શક્તિ, બંને શાશ્વત છે.

શબ્દધ્વનિથી રહિત, ચિત્સ્વરૂપ (વિમુક્ત કલ્પનાજાલં)
તરંગ વિનાનું અને સમતામાં (સમત્વેસુ પ્રતિષ્ઠિતમ્)
સ્થિર થયેલું ચિત્ત (આત્મારામં) જ્યારે સહજાવસ્થાને
પામે છે, ત્યારે તે ચિત્ત વડે (મન:) અનાહત નાદની
(મનોગુપ્તિ) પ્રારંભ થાય છે. - યોગપ્રદીપ, ગાથા ૧૨૦

'અર્હં' એ અરિહંતનું મંત્રાત્મક શરીર છે. અર્હં આદિ મંત્રોનું ધ્યાન જ્યાં સુધી અનાહત નાદ ન પ્રગટે, ત્યાં સુધી નિત્ય, નિયમિત, ધૈર્યપૂર્વક કરતાં રહેવું.

અક્ષર માતૃકાના ધ્યાન કરતાં પણ
અનાહત ધ્યાનની શક્તિ તો અનેક ગુણી અધિક છે.
સમાધિ, સમાધાન, સ્વાસ્થ્ય, શિવ, શુભ પરિણતિવાળી છે.

શિવ એટલે...

જેનાથી આત્માનું આત્મામાં આત્મા વડે અવધાન થાય.
ચિત્તપ્રસાદ વડે ભાવારોગ્ય, તે વડે બોધિલાભ અને
અંતે સમાધિ મળે અને એનું ફળ સિદ્ધિગતિ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ચિત્તપ્રસાદ | - | દુષ્કૃતગર્હા | = | Sorry. |
| બોધિ | - | સુકૃતાનુમોદના | = | Thanks. |
| સમાધિ | - | સિદ્ધિ, શરણાગમન | = | Yours. |

*Similarity of substance* = દ્રવ્ય.
*Sameness of Purpose* = ગુણ.
*Relatedness (oneness) of all* = પર્યાય.

દ્રવ્યથી સમાનતા, ગુણથી એકતા અને પર્યાયથી અનેકતાનો સંબંધ સંગ્રહ રૂપ દ્રવ્યાસ્તિકનયથી અસ્તિત્વમાં થાય છે. 'એગો આયા |' આમ દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માની એકતાનું જ્ઞાન ધ્યાનમાં પરિણમે, ત્યારે સમતા અનાહત બને છે.

जगज्जीवेषु नो भ्रान्तिद्वैविध्यं कर्मनिर्मितं ।
यदा शुद्धनयस्थित्या तदा साम्यमनाहतम् ॥१॥
स्वगुणेभ्योऽपि कौटस्थ्यादेकत्वाध्यवसायतः ।
आत्मारामं मनो यस्य तस्य साम्यमनुत्तरम् ॥२॥
स्वप्रयोजनसंसिद्धिः स्वायत्ता भासते यदा ।
बहिरर्थेषु संकल्पसमुत्थानं तदाहतं ॥३॥
- अध्यात्मसार, समताधिकारे, श्लोक ८ - ९ - ६

(પરિશિષ્ટ-૨)

અહિંસા વડે મનઃશુદ્ધિ (purification) સધાય છે,
સંયમ વડે મનોનિગ્રહ (control) સધાય છે અને
તપ વડે મનોમૃત્યુ (Absorption) સધાય છે.
તપ ઇચ્છાનિરોધરૂપ છે,
તેનું મૂળ વિનય એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય છે.
ઇચ્છારોગનું ઔષધ આજ્ઞા - આજ્ઞાનું મૂળ વિનય છે
તથા વિનયને વિકસાવનાર 'નમો' પદ છે.
નમો વડે થતો વિનય આજ્ઞાંકિતપણું લાવે છે અને
આજ્ઞારૂપી અંકુશથી મનરૂપી મદોન્મત્ત હાથી વશ થાય છે.
મનનું વશીકરણ વિનય છે.
વિનય વડે મન વશ થાય, તો વિશ્વ વશમાં આવે.

'यो मनोजित्, स विश्वजित्।'

જેણે મનને જીત્યું, તેણે જગતને જીત્યું.
જેણે મનને સાધ્યું, તેણે સઘળું સાધ્યું.
નામ મંત્ર મનને - મનની ઇચ્છાઓને જીતાવનાર છે,
તેથી જગતને જીતાવનાર થાય છે અર્થાત્
ત્રણ જગતને પૂજ્ય બનાવે છે, પૂજ્યપદ અપાવે છે.

**સ્વાધ્યાય આત્મોપકારી ક્યારે બને?**

હજારો શ્લોકોમાંથી કેટલા શ્લોકો આપણને
મોક્ષ આપવામાં સહાયક થાય છે, તેને નક્કી કરીને
તેનો સ્વાધ્યાય જ્યારે થાય,
ત્યારે તે સ્વાધ્યાય આત્મોપકારી બને છે.

**પ્રભુનામનું અમૂલ્ય રત્ન કોને મળે?**

પ્રભુનામનું અમૂલ્ય રત્ન તેને જ મળે છે કે જેના
હૃદયમાં પ્રભુનામનું સ્મરણ સતત રહે છે. પ્રભુનામમાં
સ્નાન કર્યા પછી ચિત્ત બીજે ક્યાંય અટકતું નથી.
પ્રભુનામના અજવાળે ચિત્તના અનેક
પ્રપંચરૂપી અંધારમાં અજવાળું પ્રગટી ઉઠે છે તથા
અંધારી રાત નામના અજવાળે ઓગળી જાય છે.
પ્રભુનામના પ્રેમપ્રકાશે આપણું મન પરમ પવિત્ર,

પાવનકારી અને અમૃતમય બને છે.
પ્રભુના નામે અનેકનો ઉદ્ધાર કર્યો છે.
માયાના ઝેર ચઢી જાય, એવે વખતે માણસે
ભીતરમાં ઉતરી જઈને પ્રભુનામ રૂપી અમૃતકુંભમાંથી
અંજલિઓ ભરતાં શીખવું જોઈએ,
કે વિશ્વમય માયા રૂપી નાગિણના ઝેર નહીં ઉતરે.
કે કિનારો અમૃતના સાગર જેવા ભગવાનની
જ પાસે છે. એનું શરણું સ્વીકારવું અનિવાર્ય છે.
ધાવમાતાની જેમ સંસારનાં કાર્યો કરવાં જોઈએ. કે
ભૂલવું નહિ કે જે કાંઈ મળ્યું છે, તે મૂળ માલિકનું છે,
કિન્તુ મૂળ ઘર અહીં નથી જ.
સંસારનાં કાર્યો કરતી વખતે એક હાથ ભગવાનને
ચરણે મૂકી દઈ બીજા હાથે સંસારનાં કાર્યો પતાવવાં.
બીજો હાથ નવરો થાય કે તુરત જ
એને ભગવાનને ચરણે મૂકી દેવો.
મોટા ભાગના લોકો આથી ઉલ્ટું જ કરે છે
એક હાથ સદા સંસારમાં વળગેલો જ રહે છે અને
બીજો હાથ ઘડી બે ઘડી ભગવાનને ચરણે રાખી
પાછો સંસારમાં વળગાડી દે છે, આમાં ઉદ્ધાર ક્યાંથી થાય?

## ત્રિકાળ મંગલાચરણ શાને ?

જેનું મંગલમય સ્વરૂપ છે, તેનું ધ્યાન કરવાથી,
તેનું ચિન્તન કરવાથી, તેને વંદન કરવાથી તથા
તેનું સ્મરણ કરવાથી મંગલાચરણ થાય છે.
ત્રિકાળ મંગલાચરણ કરવું જોઈએ.
જગ અમંગલ છે, પ્રભુ મંગલમય છે.
મંગલમયના સ્મરણથી અમંગલ પણ મંગલ બનાય છે.
નિર્ગુણરૂપે પ્રભુ સર્વદા સર્વત્ર છે અને
સગુણરૂપે તેઓ દેહધારીપણે વિચરે છે.
દુ:ખ તે દુ:ખ નહિ પણ ઈશ્વરવિસ્મરણ એ જ દુ:ખ.
સુખ એ સુખ નહિ, પરન્તુ
ઈશ્વરનું સતત સ્મરણ કરવું, એ જ સાચું સુખ છે.
આત્મવિસ્મૃતિ એ જ દુ:ખમાત્રનું મૂળ છે.
ઈશ્વરસ્મરણ જ આત્મસ્મરણનું પરમ આલંબન છે.
'પોતે કોણ છે' એનું સતત સ્મરણ રાખો,
તો પૃથ્વી ઉપર દુ:ખ જેવું કાંઈ રહે નહિ.
આત્મસ્મૃતિ સતત ટકાવી રાખો,
તો દુનિયા સાથેના તમામ વ્યવહારો રૂપાંતર પામે.
માનવજીવનનો આ એક માત્ર જ મહાપુરુષાર્થ છે.

આત્મસ્મૃતિના પરિણામે અહંભાવ - અહંકૃતિ નાશ
પામે છે, નામશેષ થાય છે તથા કામ, ક્રોધ અને
લોભ વગેરે ષડ્રિપુઓ દૂરથી જ ભાગે છે.
જે સત્ય છે, તેના વિસ્મૃતિ થવાથી જ ભેદભાવો
ઊભા થાય છે અને સર્વ ક્લેશ - કંકાસો જન્મે છે.
તે કારણે આત્મસ્મૃતિને જ
ધર્મશાસ્ત્રોમાં અતિમહત્વ અપાયેલું છે.
સમ્યગ્દર્શન એટલે અંતરાત્મામાં પરમાત્મભાવનું દર્શન.
એ થાય, ત્યારે માનવનો આધ્યાત્મિક જન્મ થયો ગણાય.
એ માટે અંતરની ભૂમિને સ્વચ્છ, શાંત અને
પવિત્ર બનાવવી જોઈએ, એ પવિત્રતા વડે હૃદયભૂમિમાં
યાને હૃદયમંદિરમાં પરમાત્માની પધરામણી થઈ શકે છે.
પ્રત્યેક બાળાક્ષર પંચમહાભૂતથી યુક્ત છે, તેમાં
બિન્દુ = આકાશતત્ત્વ, ચંદ્રરેખા = વાયુતત્ત્વ,
શિરોરેખા = અગ્નિતત્ત્વ, અક્ષરાકાર = જલતત્ત્વ અને
તેનું આધાર સ્થાન તે પૃથ્વીતત્ત્વ છે.
ધ્યાન વેળાએ આંખોની કીકીઓને નિશ્ચલ બનાવવી.
પાંપણોને નાસાગ્ર ઉપર સ્થિર કરવી.
કુંભક પ્રાણાયામ વડે ઉદરમાં જતાં પવનનો નિરોધ કરવો.

પાંચે ઈંદ્રિયોના સમૂહને
પોતપોતાના વિષયોમાં જતાં રોકીને શાંત કરવો.
આ રીતે કરતાં જ્યારે ધ્યાનમાં એકાગ્રતા આવતી જાય,
ત્યારે પરમાત્મસ્વરૂપના ચિન્તનની સ્થિતિ આવે છે.

દેવો ભૂત્વા દેવં યજેત્ ।

એ ન્યાયે ધ્યાન કરનાર પોતે જ
દેવ સ્વરૂપ બની જાય છે.
ધ્યાન નિશ્ચલ બને, ત્યારે એમ વિચારવું કે:
'હું અમૃતથી સિંચાઈ રહ્યો છું, કોઈએ મારા શરીરના
સર્વ અંગોના અવયવોને પુલકિત બનાવી દીધા છે'
એમ કરતાં ગંભીર નાદ ઉત્પન્ન થાય છે.
ૐકારનો આકાર ચંદ્રમા જેવો હોવાથી
તેમાંથી અમૃતનો પ્રવાહ વહેવા માંડે છે.
એ પ્રવાહ જાણે દુઃખ રૂપી દાવાનળને બુઝાવવા માટે
જ ન હોય, વળી લાખો સૂર્યના તેજ કરતાં વધારે
ઝળહળતો પ્રકાશપુંજ એમાંથી ફેલાઈ રહ્યો છે.
એવું ધ્યાન કરતાં કરતાં
ભૂત-પ્રેત-પિશાચ-શત્રુ-રોગ-શોક આદિ ઉપદ્રવો
જાણે ચીસ પાડીને ભાગી જાય છે.

ૐ એક અક્ષર ૩૬૦ વાર ગણાય, ત્યારે એક પળ થાય.

૬૦ પળની ૧ ઘડી, તેથી

એક ઘડીમાં ૩૬૦૦ની સંખ્યામાં જાપ થાય.

વળી એક ઘડીના ઉચ્છ્વાસ - ૩૬૦ થાય, તેમાં એક ઉચ્છ્વાસે સ્વાધ્યાયમાં ૧૦ ૐકારનો જાપ કરી શકાય.

એ રીતે પણ એક ઘડીમાં ૩૬૦૦ ૐનો જાપ થાય.

આ રીતે ૩॥ ઘડી એટલે ૧ કલાક ૨૪ મિનીટમાં

૧૨ હજાર ૐકારનો જાપ થઈ શકે.

ઓંકારમાં ત્રણ વર્ણો છે: અ, ઉ અને મ.

અ = બ્રહ્મા, ઉ = વિષ્ણુ અને મ = મહેશના આરાધનમાં ક્રમશઃ સત્ત્વ, રજસ અને તમસની શક્તિઓ માનેલી છે.

ૐકારમાં પંચપરમેષ્ઠિઓ પણ અધિષ્ઠિત છે,

પાંચે પરમેષ્ઠિઓનું એક સાથે ધ્યાન કરવા

આ ઓંકારી મંત્રાક્ષરનો ઉપયોગ થાય છે.

આમ ચોવીસે તીર્થંકરોનું પાંચ વર્ણો વડે ધ્યાન થાય છે.

## ૐકાર મંત્રના જાપ શા માટે?

મોહરૂપી હાથીને વશ કરવા માટે ૐકાર અંકુશ સમાન છે.

ૐકારનું ધ્યાન ભવોભવનાં દુઃખોને છેદી શકે છે તથા એનાથી આ જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે.

## હ્રીંકારનું માહાત્મ્ય

હ્રીંકાર બહુ મહાશક્તિશાળી બીજમંત્ર છે.
એનાથી ધર્મ, અર્થ, કામની સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.
'ૐ' એ બ્રહ્મબીજ છે, હ્રીંકાર એ માયાબીજ છે.
હ્રીંકાર બધા મંત્રોનો રાજા છે.
એના એક લક્ષ જાપથી ઇષ્ટસિદ્ધિ થાય છે.
વિચારને રૂપ આપવું અને એને દૃઢ બનાવવું,
એ મંત્રનું કાર્ય છે. મંત્ર વડે ગુપ્ત મંત્રણા થાય છે.

## હ્રીંકારના પાંચ અવયવો

પહેલો અવયવ હ્ અને ર - એ બે વ્યંજનો પીતવર્ણે,
બીજો બિન્દુ શ્યામવર્ણે, ત્રીજો અવયવ કળા રક્તવર્ણે,
ચોથો નાદ શ્વેતવર્ણે અને પાંચમો દીર્ઘ ઈકાર નીલવર્ણે.
તેમાં ચોવીસ જિનેશ્વરો છે અને
એ બધાના પ્રતિબિંબ રૂપ અરિહંત પરમાત્મા છે.
Law of gravity = ગુરુત્વાકર્ષણનો નિયમ.
Law of grace = ઈશાનુગ્રહનો સિદ્ધાંત.
આત્મા જ્યારે જ્યારે ભૌતિકતા તરફ ઢળે છે, ત્યારે
ગુરુત્વાકર્ષણનો નિયમ તેને નીચે ખેંચે છે.
ભૌતિકતા એટલે રજોગુણ - તમોગુણનું પ્રાબલ્ય.

રજોગુણ વિષયવૃત્તિ વડે ચંચળતાને ઉત્પન્ન કરે છે
અને તમોગુણ કષાયવૃત્તિ વડે જડતા લાવે છે.
વિષયનો વૈરાગ્ય અને ધર્મના અભ્યાસ વડે જ્યારે
તેનું જોર મંદ પડે, ત્યારે સત્ત્વગુણની પ્રધાનતા થાય છે.
સત્ત્વગુણ એટલે માત્ર પોતાનું અસ્તિત્વ - અહંત્વ,
તે ઊર્ધ્વમુખી બને, ત્યારે ગુરુત્વાકર્ષણથી બહાર નીકળી
ઈશાનુગ્રહના ક્ષેત્રમાં આવે છે, ત્યાં પરમાત્માનો પ્રસાદ,
કૃપા સતત પોતાનું કાર્ય અચિંત્યપણે કરી રહેલ હોય છે.
પરમાત્મકૃપા સત્ત્વગુણી જીવને ઊર્ધ્વ તરફ ખેંચે છે.
પ્રસાદના ક્ષેત્રમાં આવવા માટે ઈરિયાવહિ વડે અપરાધોની
ક્ષમાપના વડે તમોગુણને અને લોગસ્સ સૂત્ર વડે થતી
સ્થિરતાના પ્રભાવે પ્રભુની અભિમુખતા સધાય છે,
ત્યાં પ્રભુપ્રસાદની પ્રાપ્તિ થાય છે, તે 'પસીયંતુ' શબ્દ
વડે પ્રતીતિમાં આવે છે, પછી 'દિંતુ' અને 'દીસંતુ'
શબ્દો વડે ઊર્ધ્વગતિ ઉત્તરોત્તર થતી અનુભવાય છે.

મંત્ર એ મનઃશક્તિનું પરિણામ છે.

અહીં કશુંક અલૌકિક, દૈવી કે ચમત્કારિક દેખાય છે,
તે તે વિષયના અભાવને આભારી છે.
મંત્રમાં શક્તિ છે, તે સર્વશક્તિમાન ચૈતન્યતત્ત્વની છે.

मूकं करोति वाचालम्, पंगुं लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वन्दे, परमानंद माधवम् ॥१॥

સાચું બળ જ્ઞાન - દર્શન - ચારિત્રમાં છે.

આત્મજ્યોતિ પ્રગટાવો, તો અદ્ભુત આત્માનંદ મળશે.

તનનો ટેકો લાકડી છે તથા મનનો ટેકો
શ્રદ્ધા, ઈમાન, ઈતબાર અને વિશ્વાસ છે.

માયાના બંધ તોડી - મુક્ત થાઓ,
વિશ્વને તમારું કરો - વિશ્વના તમે થાઓ.

સમત્વ એ જ સાચું સાધુપણું છે.

પોતાની જાતને જીતો, જિન બનો અને
રાગ તથા દ્વેષ - બંનેને છોડી મુક્તિને વરો.

દરેક જીવ કોઈ અનંત શક્તિશાળી આત્મા છે.

જેના હૃદયમાં સઘળાં જીવો પ્રત્યે પ્રેમ છે,
તેને બાળ જીવ પોતાને લઈ ચાલ્યો જાય છે.

જીવ જ્યારે પોતાના સ્વરૂપમાં ડોકિયું કરશે, ત્યારે
તેને ત્યાં જ સુખ રહેલું છે, એવો અનુભવ થશે.

પ્રેમ જ મનુષ્યને મહાન બનાવે છે.

વેર કરતાં પણ પૃથ્વી ઉપર પ્રેમનો મહિમા મોટો છે,
પ્રેમ જ સર્વસ્વ છે.

'પરધન ધૂળ સમાન - પરસ્ત્રી માત સમાન'નો આદર્શ
પ્રત્યેક ભારતવાસીના મનમાં વસી ગયેલો છે,
એમાં રામાયણ - મહાભારતાદિનો પ્રભાવ છે,
તે રામનામ દ્વારા આત્મસંયમ શીખવે છે.
'વત્થુ સહાવો ધમ્મો |' વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે,
સ્વસ્વભાવ - આત્મસ્વભાવ તે ધર્મ છે. આ ધર્મ
પાળવાનો નથી, પામવાનો છે. આત્માને પળાય નહિ, તેને
તો પામવો જ રહ્યો. એની અનુભૂતિ થાય પછી તે
કહી શકાય નહિ કે આંગળી ચીંધીને બતાવી ન શકાય.
આત્મસ્વભાવ રૂપ ધર્મને આંગળી ચીંધીને કે આંગળીના
વેઢાં ગણીને કહી શકાય નહિ કે મેં આટલો ધર્મ કર્યો.
પ્રભુપૂજા, પ્રતિક્રમણ, સામાયિક, અહિંસા, સંયમ, તપ
- આ બધા ધર્મ નહિ પણ ધર્મના માર્ગો છે,
આત્માને પામવા માટેની જ આ બધી ક્રિયાઓ છે.
જૈન ધર્મ એક દર્શન છે, ચિન્તન છે, તત્ત્વધારા છે.
જૈન ધર્મ એ જીવનને ઉર્ધ્વગામી બનાવવાનું,
જીવને શિવ બનાવવા માટેનું સમ્યગ્ માર્ગદર્શન છે.
તે 'સ્વ'ની આરાધનાનું લક્ષ્ય છે,
સર્વ જનસમુદાય સાથે ઉજવણાનું લક્ષ્ય છે.

આરાધનામાં સમર્પણ છે, ઉજવણામાં અભિવ્યક્તિ છે.

આરાધના નિત્ય છે, ઉજવણા નૈમિત્તિક છે.

અહિંસા = સમભાવ, અનેકાંત = સમદૃષ્ટિ.

એક આચારને ઉજ્જ્વળ કરે, બીજો દૃષ્ટિને શુદ્ધ કરે છે.

સંયમનો એક અર્થ છે : માનસિક સંયમ.

તેના વ્યાપક અર્થમાં બ્રહ્મચર્ય પણ આવી જાય.

## અધ્યાત્મજીવનની અનિવાર્ય જરૂરિયાતો

અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, સત્ય અને અપ્રમાદ ઉપરાંત નિર્વ્યસનીપણું - માંસાહાર તથા મદિરાપાનનો ત્યાગ છે.

માંસાહાર એટલે પેટને પ્રાણીઓનું કબ્રસ્તાન બનાવવું.

ગુજરાતની ૨॥ કરોડની વસ્તીમાં ૨ કરોડ માંસમુક્ત છે, ૫૫ કરોડમાં ૫ કરોડ માંસાહારી નથી, તેમાં રાજસ્થાન, મહારાષ્ટ્રના બ્રાહ્મણ, દક્ષિણના લિંગાયતાદિ છે. જેઓ રોજ નહિ પણ મહિને-પંદર દિવસે એકવાર ખાનારા છે, તે ભેળા ગણીએ તો સરેરાશ ૨૦ કરોડ નિરામિષાહારી થાય.

## જૈનાગમોમાં ભરેલો તત્ત્વખજાનો

જૈનાગમોમાં ધ્યાનયોગના વિશાળ, ગંભીર અર્થો ભર્યા છે. આ કાળમાં 'ધ્યાનવિચાર' જેવા જે ગ્રન્થો મળે છે, તે સાક્ષાત્ તીર્થંકરોની ભેટનો ભાસ કરાવે છે.

આ નાનો એવો 'ધ્યાનવિચાર' ગ્રન્થ
વિશાળ એવા ધ્યાનયોગના મહાગ્રન્થોનો સૂચક છે.
સંત જ્ઞાનદેવ ઈશ્વરને કહે છે કે:
'તમે મારા ધણી છો, હું તો તમારી હવાલે છું.
મેં જે યજ્ઞનો આરંભ કર્યો છે,
તેમાં ભોગ તો મારા અંદરના વિકારોનો આપ્યો છે.
વિકારો બાળી નાંખ્યા છે, વૈરની આહુતિ આપી છે.
મનનું વાંકાપણું, કુટિલપણું નાશ પામો.'
આ રીતે આપણે આ જગત શાંત થાય અને
સર્વત્ર શાંતિ થાય, એ જ માંગવાનું છે.
અહો ! અહો ! ગહૂંલિમાં નવપદ સ્પષ્ટ સમજાય છે:
ગહૂંલિમાં સ્વસ્તિક, ત્રણ ઢગલીઓ, સિદ્ધશિલા હોય છે.
સ્વસ્તિકની ચાર પાંખડીઓ એમ સૂચવે છે કે:
ચાર ગતિનું ભ્રમણ ટાળવા માટે
દાન, શીલ, તપ, ભાવ કે દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ,
એમ ચાર પ્રકારનો ધર્મ એ જ આરાધ્ય છે.
સ્વસ્તિકની ઉપરની ત્રણ ઢગલીઓ સૂચવે છે કે:
ચાર પ્રકારના ધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરનાર
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ, એ ૩ પ્રકારના ગુરુતત્ત્વ છે.

ગહૂંલિમાં સિદ્ધશિલાની આકૃતિમાં કળા એ અરિહંતને અને નાદ - બિન્દુ = ઁ એ સિદ્ધપદને બતાવનાર છે.

◡ = કળાની આકૃતિ જ એવી છે,
કે જે ધર્મજહાજને સૂચવે છે.
જહાજ જેમ સાગરથી તારે છે,
તેમ અરિહંતનું ધર્મતીર્થ પણ ભવસાગરથી તારે છે.
અરિહંત ભગવંત તીર્થસ્વરૂપ છે,
તેથી એ અર્થ સ્પષ્ટ થાય છે.
સમગ્ર સિદ્ધચક્ર એ
ભવસાગરથી તરવા માટે જહાજની ગરજ સારે છે.

(૧) જીવ જ્યારે સમકીત પામે, ત્યારે
એવા રૂચિના પરિણામ હોય કે : શ્રી અરિહંત દેવે ભાખેલું તે જ સાચું અને શંકા વગરનું. એમણે દેખેલું અને ભાખેલું છે, તેમાં ફેરફાર ત્રણે કાળમાં ન થાય.

(૨) સમકીતના પાંચ લક્ષણોમાં
સમકીતનું મુખ્ય લક્ષણ તો આસ્તિક્ય જ છે.
એ પછી સાધકમાં ક્રમે ક્રમે બાકી ચાર લક્ષણો રૂપે
અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમ આવે.
વાત્સલ્ય એ અનુકંપા લક્ષણના પેટામાં ગણાય.

(૩) આત્માના તત્ત્વરુચિ ગુણને આવરનાર મિથ્યાત્વ મોહનીય છે. તેનો આત્યંતિક નાશ થવાથી ક્ષાયિક સમકીત પ્રકટે, તે વખતે સંપૂર્ણ તત્ત્વરુચિ ગુણ પ્રકટ થાય.

સિદ્ધ અવસ્થામાં એ ગુણ સદા ય રહે.

સર્વ જીવો અથવા સર્વ પદાર્થોનો કદી પણ દ્રોહ ન ચિંતવવારૂપ મૈત્રીભાવ એમને કાયમ હોય.

(૪) સમસ્ત વિશ્વના સર્વ પદાર્થો અને તેનાં કાર્યો શ્રી અરિહંત પ્રભુના જ્ઞાનમાં સમાઈ જાય છે.

એથી એમ કહી શકાય કે:

'એમના જ્ઞાન મુજબ જ જગત પ્રવર્તે છે.'

સ્તવનોમાં એથી જ કહ્યું છે કે:

'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવગુણ, રાજનીતિ એ ચાર જી;
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની કોઈ ન લોપે કાર જી.'

આ અપેક્ષાએ એમ કથન કરી શકાય કે:

'આખું જગત પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલે છે.'

(૫) સિદ્ધ ભગવંતો કૃતકૃત્ય હોવાથી એમને કાંઈ જ કરવાનું હોતું નથી પણ એમના આલંબને જીવો પોતાનું સાધ્ય સાધવા સત્પુરુષાર્થ કરી શકે છે, એ એમના વાત્સલ્યનો પ્રભાવ અપેક્ષાએ કહી શકાય.

(૬) તપશ્ચર્યાનું ફળ કર્મક્ષયની દૃષ્ટિપૂર્વક
આહાર પ્રત્યેની લાલસા ઘટાડવાનું તથા
કર્મની સાથે અને સકામ નિર્જરા સાધવાનું છે.

'આપણા ધર્માનુષ્ઠાનનું ફળ મુખ્યપણે
આપણને જ મળે અને ગૌણપણે બીજાને પણ મળો'
એ ભાવના રાખી શકાય.

મુખ્ય ભાવ તો પોતાની નિર્જરા માટે જ તપ કરાય,
એ જૈનશાસનની રીતિ છે.

भत्ती जिणेसु[1] मेत्ती जीवेसु[2] तत्ती[3] गुरुजणस्सेसु |
पीई[4] सीलगुणड्ढेसु तह मई धम्म[5]सवणम्मि ||१||
परउवयारे[6] चित्तं, चित्तं परलो[7]ककज्जचिंताए |
धम्मपहाणो जम्मो निरुवमपुण्णाण जइ होइ ||२||

- સંવેગરંગસાલા, ૨૬, ૨૬/૭ (પરિશિષ્ટ-૩)

યોગનું મુખ્ય સાધન મૌન છે.

દેહ નશ્વર - દેવ શાશ્વત. જગત સાપેક્ષ - બ્રહ્મ નિરપેક્ષ.

'આપણી જે બુદ્ધિપ્રભા સુખમય સંયોગોમાં સુપ્ત
રહેલી હોય છે, તે સંકટના સમયમાં ઝળકી ઉઠે છે'
એ વિશ્વાસ રાખવા કરતાં એ પણ એક મત છે કે:
'વિશ્વાસથી છેતરાવું સારું.'

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ॥१॥

પ્રકૃતિ: સર્વ કર્મો સત્ત્વાદિ ગુણો દ્વારા અને પ્રકૃતિ
દ્વારા કરાતાં હોવા છતાં અહંકારથી વિમૂઢ થયેલો
આત્મા 'હું કર્તા છું' એમ માને છે.

જન્મ્યું તે પ્રકૃતિ, તેના પર રાગદ્વેષ ન કરવો, તે શુદ્ધાત્મા.
પ્રકૃતિ એટલે કર્મપ્રકૃતિ. પ્રકૃતિની ભૂલનું ફળ સંસાર
અને પુરુષની ભૂલનું ફળ મોક્ષ.

આત્મા સ્વગુણોથી પૂર્ણ છે.

પ્રકૃતિના ગુણે કરી ગુણશૂન્ય છે, નિર્ગુણ છે.
દેહભાન એટલે આત્માનું ભેળાનપણું પ્રકૃતિ
દેહાધ્યાસ એટલે અજ્ઞાન, સ્વભાનથી જ મુક્તિ.

ઊંઘમાં પણ આત્મભાન રહેવું જોઈએ.

દરેક દરેક પ્રાપ્ત સંજોગોને સમભાવે નિકાલ કરી
આત્મજાગૃતિને નિભાવવા માટે આ દેહ પ્રાપ્ત કર્યો છે.
વાણી જડ છે, એટલે વીતરાગની વાણી ચેતન છે.
તે સ્વયં સ્ફૂર્ત છે. ગુણાગુણેષુ વર્તન્તે । માટે આસક્ત
ન થા. પ્રકૃતિથી જ સૌ કર્મો સદા - સર્વત્ર થાય છે.
આત્મા તો ન કરે કાંઈ, આ દેખે તે જ દેખતો.

– ગીતા, ૩ - ૨૭

## મનનો વિચિત્ર સ્વભાવ

મન તો એક ફિલ્મ છે, તેમાં જે આવે, તે જોવાનું
અને જાણવાનું. એમાં રડવાનું કે હસવાનું ના હોય,
જેવા સંકલ્પ - વિકલ્પ તેવા ફોટાઓ પડે છે,
Negative Film તૈયાર થાય છે.
જ્યારે તેનો પ્રક્ષેપ થાય, ત્યારે
પડદા પર ચિત્રો જોતાં હોઈએ, એવો અનુભવ થાય છે.
'હું હાથીભાઈ' એ વિકલ્પ છે અને
'આ મારો બંગલો' એ સંકલ્પ છે.
જે જે વિચાર - વૃત્તિઓ આવે અને જાય,
તેને ફક્ત જોવાની અને જાણવાની છે.
વિચાર સાથે આપણો સંબંધ હાથ મિલાવવાનો હોય,
એની સાથે શાદી કરવાની ન હોય.
વિચાર એ જ્ઞેય છે, હું જ્ઞાતા છું.
છેક મોક્ષ પહોંચતા સુધી મનનું ચલચિત્ર દેખાય છે.
એ ચિત્ર પૂરું થાય, એટલે મોક્ષ - મુક્તિ - નિર્વાણ.
આવતાં, જતાં, રહેતો - એ સતની ત્રિપુટી છે.
મનના સ્વભાવને વશ કરી શકાય એમ નથી,
એનો સ્વભાવ અત્યંત વિચિત્ર છે.

આજે જેને માટે પ્રેમ હોય,
તેને માટે આવતીકાલે ભારે અભાવ થઈ જાય.
સંકલ્પ - વિકલ્પ બંધ કરે આત્મા નિર્વિકલ્પ બને.
વિષયની આરાધનાથી નિર્વિષય આત્મા કેવી રીતે મળે?
જેની દ્રષ્ટિ દ્રષ્ટામાં અને જ્ઞાન જ્ઞાતામાં આવી જાય,
તે જિતેન્દ્રિય અહર્નિશ જિન છે.
જે જેમાં રચ્યોપચ્યો રહે, તે વિષય.
દેહે વિષય ભોગવ્યો, તો તે મુક્ત કરશે અને
મન વિષય ભોગવે, તો નવું બીજ પડ્યું!
લોકો વિષય માટે નહિ જીવતાં, પરન્તુ
વિષયના અહંકારને પોષવા જીવે છે.
જે આરાધના વિષયોની કરે અને ભોગે અહર્નિશ જે
શોધે નિર્વિષય આત્માને - એનો પાર ક્યારે આવે?
જે કાંઈ કર્યું, તેમાં તન્મય કરશે - અહંકાર કર્યો,
તે બધા વિષય છે. અહંકાર નિર્મૂળ કરશે,
ત્યારે પરમાણુ ફૂલ આપીને ચાલ્યાં જશે.
જ્યારે પરમાણુએ પરમાણુનો સમતાથી નિકાલ કરશે,
ત્યારે આ દેહનો પણ મોક્ષ થશે.
જેટલાં દોષ દેખાય, એટલા વિદાય થાય.

'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ!
'દીઠાં નહીં નિજ દોષ, તો તરિયે કોણ ઉપાય?'
મન જ્ઞાનને વશ થાય છે.
જ્ઞાની સ્વરૂપજ્ઞાનથી તેની ગ્રન્થિઓ ઓગાળી નાંખે છે
અને નિર્ગ્રન્થ પદને પામે છે.
શુદ્ધાત્મ દૃષ્ટિથી મનની ગ્રન્થિ પર દૃષ્ટિ નાંખવામાં આવે,
તો ગ્રન્થિ ધીમે ધીમે ઓસરતી જાય છે.
મન machine છે, તે computer છે.
મનના બે પ્રકાર: સ્થૂળ - સૂક્ષ્મ કે દ્રવ્ય - ભાવમન.
ભાવમન = cause અને દ્રવ્યમન = effect.
conscious and unconscious mind.
ભાવમન શુદ્ધ તો અવશ્ય જ પહોંચી શકે.
મનને charge ન કરવું અને
discharge કરવું, તે જ્ઞાતા - દૃષ્ટાપણું છે.
દર્શન એ સ્વગુણ છે, બુદ્ધિ એ પ્રાકૃતગુણ છે,
શાસ્ત્ર એ બુદ્ધિજન્ય જ્ઞાન છે. બુદ્ધિ નિર્ણય કરે,
તે પહેલાં મન અને ચિત્ત ભાંજગડ કર્યા કરે, પરન્તુ
નિર્ણય થયાં પછી બંને ચૂપ.
ચિત્તવૃત્તિ સંચય કરે છે, તેનાથી ગ્રન્થિઓ બંધાય છે.

ચિત્તને ડગાવે, તે બધા 'વિષયો' છે.
મન અને ચિત્ત સાથે ભળી બુદ્ધિ જે નિર્ણય આપે;
તેના ઉપર અહંકાર છેલ્લી સહી કરે છે.
અહંકાર 'સહી' ન કરે, ત્યાં સુધી કાર્ય થાય જ નહીં.
'હું શુદ્ધ છું' એ શુદ્ધ અહંકારથી જ બોલી જવાય.
અહંકારને દબાવાનો નથી પણ નીરસ કરવાનો છે.
અહંકારમાં તન્મયાકાર ન થવું અને
જાગૃતિ રાખવી, એ જ આભ્યંતર તપ છે.
દેહ ક્યાંક શાતા ન લઈ જાય,
એ તરફ સજાગતા રાખવી, એ જ અદીઠ તપ છે.
આપણે શાતા છોડવી અને અહંકાર એ દેહ છે.
'આ હું અને આ મારું' એ વિકારી સંબંધ છે.
પ્રતિષ્ઠિત એટલે આરોપિત. પ્રતિષ્ઠિત આત્માને સારી
ઊંઘ આવે, તે શુદ્ધાત્મા જાગૃત છે. જેણે અહંતા-
મમતાની પ્રતિષ્ઠા કરી, તે પ્રતિષ્ઠિત કે શુદ્ધાત્મા નહીં.
કર્તા, ભોક્તા કે વેદક : તે માત્ર જ્ઞાતા - દ્રષ્ટા છે.
દેહ અને મન એ મિશ્ર ચેતન છે, નિશ્ચેતન ચેતન છે.
પ્રતિષ્ઠિત આત્મા એટલે જે સર્જિત - વિસર્જિત યા
charge-discharge થાય તે.

પ્રકૃતિ ખાવું, પીવું, ઊંઘવું, પચવું, ઇન્દ્રિયાભિમુખ થવું, શ્વાસોચ્છ્વાસ - એ સૌને વ્યવસ્થિત સંચાલિત કરે છે.

પ્રકૃતિ જેમ નચાવે, તેમ નાચે છે અને
છતાં જગ એમ માને છે કે 'હું નાચ્યો'!

યથાર્થ પુરુષાર્થ સ્વરૂપનું ભાન થયા પછી અર્થાત્ પુરુષ થયા પછી જે થાય, એમાં સંપૂર્ણ અકર્તા પદ હોય છે.

પુરુષ સાક્ષી માત્ર છે.

જ્ઞાન - દર્શનમાં રહે, તે આત્માની ક્રિયા છે.

ઔદયિક = ફરજિયાત - Destined.

વ્યવસ્થિત = Predetermined by nature.

કારણ સિવાય કાર્ય ન હોય.

પૂર્વભવના કારણોને લઈ હાલનો દેહ કાર્યસ્વરૂપ છે.

કારણ બંધ થાય, તો કાર્ય બંધ થાય.

સ્વરૂપનો બોધ થાય, તો કારણો બંધ થાય.

રાગ-દ્વેષ ન થાય, તો નવાં બંધન પડે નહીં.

જેટલાં ચિકણ, તેટલાં પ્રકૃતિમાં આવે જ.

ચિકણ થયાં ન હોય, તે પ્રકૃતિમાં ન આવે.

પૂરણ થાય, તેનું ગલન થાય જ.

ભોજનાલય અને શૌચાલય - એ પૂરણ અને ગલન.

મનમાં જે વિચારો આવે ને જાય, તે પૂરણ-ગલન છે.
ખોરાકથી ટાંકાનું પૂરણ અને જીવ માટે ગલન થઈ રહ્યું
છે, માટે જેનું પૂરણ કરો, તે જોઈ વિચારીને કરજો.
પૂરણ કરતાં સતત સજાગ રહેજો.

કર્મ એ જગતનો કુદરતી ન્યાયાધીશ છે.
ભોગવે તેની ભૂલ, તેથી જીવનમાં જે કંઈ આવે,
તે ભોગવી લેજો, એટલે કર્મનો હિસાબ ચૂકતે થશે.

ઇચ્છા એ effect છે, ચિન્તન એ cause છે.
ઇચ્છા પૂર્વચિન્તનના ફળ રૂપે આવે છે,
તેને કાર્યરૂપે જોવાની છે, તેમાં ભળવાનું નહિ.

વિષમ જગતમાં ધર્મ એજ શરણ છે.
ધર્મ એટલે શું? વસ્તુ સ્વગુણ ધર્મમાં પરિણમે તે ધર્મ.
વસ્તુનો સ્વભાવ એજ એનો ધર્મ.
અનાત્મા-પુદ્ગલને જો 'હું' માનવામાં આવે, તો તે
અવસ્તુ છે, વિભાવ છે, પરધર્મ છે, સ્વધર્મ નહિ.
'વૈભાવિક' એટલે ભ્રાંતિથી ઉત્પન્ન થાય તે.
આત્માને 'આત્મા' માનવામાં આવે,
તે વસ્તુ છે, આત્મધર્મ છે.

મુક્ત મન એ સાધનાની પૂર્વ શરત છે.

જીવનમાં ૨૦% શાસ્ત્ર, ૭૦% જ્ઞાનીનો પરમ વિનય
અને ૧૦% સંસારીભાવના રાખવા.
માત્ર શાસ્ત્રો જ પી પી કરવાથી તો મરડો થઈ જાય.
જ્ઞાનીનો પરમ વિનય કરવો, એ જ
દુસ્તર ભવસાગરનો તરણોપાય છે.
જ્ઞાનગર્ભિત વૈરાગ્ય અર્થાત્ જ્ઞાન માટે જ વૈરાગ્ય.
આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી, જ્ઞાની - તેમાં જ્ઞાની શ્રેષ્ઠ છે.
સ્વરૂપભાન સિવાય જે જે જાણો છો, તે અજ્ઞાન છે.
આત્મયોગ વડે સ્વરૂપનું ભાન થાય છે.
મન - વચન - કાયાનો યોગ એ અસિદ્ધાંત છે,
જ્ઞાનયોગ એ જ સિદ્ધાંત છે.

## આર્ત - રૌદ્ર - ધર્મ - શુક્લધ્યાન

આર્ત = પોતાનો જ માત્ર અગ્રશોચ તે.
રૌદ્ર = પોતાના સુખ માટે બીજાના અસુખનો વિચાર.
ધર્મ = ચિંતા તથા ક્લેશ જેમાં શાંત થાય તે.
છેલ્લાં શુક્લધ્યાનમાં ચાર પ્રકારના વેદન હોય છે:
(૧) આત્માનું અસ્પષ્ટ વેદન
(૨) આત્માનું સ્પષ્ટ વેદન (૩) કેવળત્વ (૪) મોક્ષ.
ક્રિયા ઔદયિક છે, તેનો આધાર ધ્યાન ઉપર છે.

ધ્યાન તો જ કહેવાય કે જો
ધ્યેય સ્વસ્વરૂપ અને ધ્યાતા શુદ્ધાત્મા હોય.
ધ્યેય - ધ્યાતા - ધ્યાનની એકતા થાય અને
સ્વરૂપ સ્વરૂપમાં જ વર્તે, ત્યારે આત્માનો મોક્ષ થાય.

## મનના ચાર પ્રકારના ઉપયોગ

ભાગનું ભગાડીને જે ગર્વ લે, તે અશુદ્ધોપયોગ છે,
અનિવાર્યપણે પાપ કરી પશ્ચાત્તાપ કરે તે અશુભોપયોગ,
પરના ભલામાં પોતે રાચે, તે શુભોપયોગ છે અને
આત્માનો આત્મામાં ઉપયોગ, તે શુદ્ધોપયોગ છે.
શુદ્ધોપયોગવાન આત્મા તત્ત્વદૃષ્ટિથી જગતને જુએ.

## હઠયોગની કષ્ટે કરેલી સમાધિ

જેટલી વાર હેંડલ મારી, તેટલી જ વાર ઠંડક આવી.
કાયમની ઠંડક નિર્વિકલ્પ સમાધિ - સહજ સમાધિ આવી.
હઠ અને આત્મા તન્મયાકાર ન થાય,
અહીંયા ગમે તે અવસ્થા હોય,
તો પણ તે નિર્વિકલ્પ સમાધિ છે.

## વિઘ્નનિવારણના ત્રણ મંત્ર

નવકાર મહામંત્ર, ૐ નમો ભગવતે વાસુદેવાય ।
અને ૐ નમઃ શિવાય, જય સચ્ચિદાનંદ ।

Imp

મન - વચન - કાયામાં દોષો ભરેલાં જ છે,
તે ઝીણું ઝીણું દેખાવા જોઈએ.
માત્ર સજાગતા રાખી માલ ખાલી કરવાનો છે,
નિરંતર ભાર ઉતાર્યા કરવાનો છે.
Losing a little each day!
જેમ જાગૃતિ વધે, તેમ ક્ષતિઓ વધારે દેખાય.
ભૂલ ન દેખાય, એ નર્યો પ્રમાદ છે.
શુદ્ધોપયોગ = સજાગતા. શુદ્ધાત્મામાં એકે દોષ ના હોય.
સ્થૂળ - સૂક્ષ્મ દોષોના સંપૂર્ણ જ્ઞાતા - દ્રષ્ટા બનો.
છેલ્લાં દોષનું દેખાવું બંધ, તે કેવળજ્ઞાન.
નિજદોષદૃષ્ટિ એ જ સમકીત. જગત નિજદોષથી જ
બંધાયું છે. એ દૃષ્ટિએ દરેક જીવમાત્ર નિર્દોષ દેખાય.
'સ્મૃતિ' એટલે તણાવ, મન ખેંચાયેલું રહે તે.
સ્મૃતિ પોતે જ બોલે છે કે: આમને ધોઈ નાખ.
યાદ આવે છે, માટે જ ચોંટ છે, રાગ - દ્વેષ છે. માટે
સ્મૃતિને જ સજાગતાથી ભૂંસો, તેના માત્ર જ્ઞાતા અને
દ્રષ્ટા બનો. સારા - નરસાં બધા સંયોગમાત્ર છે.
[illegible] સંયોગ ઉપર સ્વામિત્વભાવ ન રાખો. પ્રાપ્ત
સંયોગના જ્ઞાતા - દ્રષ્ટા બનો, સાધનાને અંતે પ્રજ્ઞા જાગશે.

प्राणान् त्यक्त्वा अभयदानं दद्यात् ।
સ્વપ્રાણ ત્યજીને પણ અભયદાન આપવું.

पुरिशेते इति पुरुषः ।
પુરુષ આ શરીરમાં જ છે, અન્યત્ર નહિ.

यत्पिण्डे, तत् ब्रह्माण्डे ।
જે પીંડમાં છે, તે બ્રહ્માંડમાં પણ છે.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
મનુષ્યોનું મન જ કર્મબંધ અને મોક્ષનું કારણ છે.

संस्कारसमूहात्मकं मनः । મન સંસ્કારના સમૂહરૂપ છે.
મનનો સંચાલક કોણ? પ્રાણ યા પ્રાણરૂપથી મનની
પ્રેરક કોઈ અજ્ઞાત શક્તિ - તેનો વિવેક.
સમાધિમાં પ્રાણ નિઃસ્પંદ થવા છતાં જીવન રહે છે.
'अहमस्मि ।' બોધ કાયમ રહે છે, તેથી
પ્રાણ પણ સૂક્ષ્મ મનનું જ એક સ્થૂલ રૂપ છે.
મનનું ઉદ્‌ગમ સ્થાન એક અખંડ ચૈતન્ય સત્તા છે,
જેનું સાંનિધ્ય માત્ર અપાર આનંદનો હેતુ છે.
અખંડ ચૈતન્ય સચ્ચિદાનંદરૂપ છે, તેમાં
સત્ અને ચિત્ તો માનવમાત્રમાં પ્રત્યક્ષ છે, પરન્તુ
આનંદના અભાવમાં તે ચારે બાજુ ભટકતું રહે છે.

તે આનંદ મેળવવા માટે ધન, સ્ત્રી, પુત્ર, કીર્તિ પાછળ
ભટકે છે અને જીવનને પૂરું કરે છે. સૌથી વધુ
આનંદ અને શાંતિ તમોગુણપ્રધાન સુષુપ્તિમાં દેખાય છે.

જો સત્ત્વગુણપ્રધાન નિદ્રા પ્રાપ્ત થાય,
તો તે શાંતિ અને સુખ અખંડ બને. એ તુર્યાવસ્થા
પ્રાપ્ત કરવા માટેનું મુખ્ય સાધન પ્રભુતત્ત્વ જ છે.

हकारेण बहिर्याति सकारेण विशेत् पुनः । श्रुतिः

હકારથી બહાર જાય છે, સકારથી અંદર પ્રવેશે છે.

જવા - આવવાવાળાં શ્વાસની ગતિ અને ધ્વનિ,
સકાર અને હકારથી થવાવાળો અજપાજપ એટલે
'હંસઃ ।'ના જાપ તરફ ધ્યાન દોરવું.

षट्शतानि दिवारात्रौ सहस्राण्येकविंशतिः ।
अजपानाम गायत्रीं जीवो जपति सर्वदा ॥ श्रुतिः

૨૧૬૦૦ વાર ગાયત્રી મંત્રનો જાપ કરે,
તે 'અજપાજપ' કહેવાય.

આ હંસ જાપ પ્રભુ ઉલટાવવાથી સોઽહં બની જાય છે
અને અહીં 'હં' એટલે અહંનો સંગ એટલે મનનું મૂળ છે.
'સોઽહં ।'માંથી સકાર અને હકારને દૂર કરતાં
અવશેષ જે 'ओं' એટલે સચ્ચિદાનંદ તત્ત્વ છે.

સકાર અને હકારની યુતિ જ તેનો અનુભવ થાય છે.
સકાર અને હકાર અર્થાત્ પ્રાણ અને અપાન છે તથા
સૂર્ય અને ચંદ્ર છે, અર્થાત્ પુરુષ અને સ્ત્રી તત્ત્વ છે.
બૌદ્ધોના પ્રજ્ઞા, ઉપાય તથા 'યુગનદ્ધ'નાં પ્રતીક છે.

દેવ - દેવતાઓની યુગલ મૂર્તિના

રહસ્યોદ્ઘાટન કરવાવાળાં આ બે જ તત્ત્વો છે.
આ ૐકાર - પ્રણવની ચંદ્રરૂપે ઉપાસના કરવામાં ૧૬
કળાઓ છે, જેમાંની ૧૫ કળા ક્ષય થાય છે અને ૧૬મા
અમૃતકળા જેનો નાશ થતો નથી, તે ઉન્મની કળા છે.

સૂર્ય રૂપે ઉપાસનાની ૧૨ કળાઓ છે અને
બારમી કળા એ ઉન્મની કળા છે.

આ ઉન્મનીની પ્રાપ્તિ માટે જે અનેક પ્રક્રિયાઓ છે,
તેમાં અષ્ટાંગ યોગ મુખ્ય છે.

પાંચ બહિરંગ અને ત્રણ અંતરંગ સાધન છે.
ધારણા, ધ્યાન, સમાધિ - ત્રણેની એકતાનું નામ સંયમ છે.
વિવિધ વિષયોમાં વિચરણ કરવાવાળાં ચિત્તને
ધ્યેય ઉપર કેન્દ્રિત કરવું, તે ધારણા છે તથા
ધ્યેયવિષયક પ્રત્યયની એકતાનતા, તે ધ્યાન છે:
તેમાં ધ્યેયની સાથે એકાકાર થઈને ચિન્તન કરાય છે.

તે ધ્યાન પોતાની ચરમ સીમા અવસ્થા ઉપર પહોંચે, ત્યારે સમાધિ પ્રાપ્ત થાય છે. તે નિરન્તર અભ્યાસ કરતાં કરતાં જ્યારે સ્વરૂપશૂન્ય બની માત્ર ધ્યેયની સ્થિતિનો જ અનુભવ કરે, ત્યારે જે સમાધિ બને છે, તે સંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે, તેના ચાર પ્રકાર છે:

પહેલી સવિતર્ક સંપ્રજ્ઞાત - સ્થૂળતત્ત્વનું આલંબન.
બીજી સવિચાર સંપ્રજ્ઞાત - સૂક્ષ્મતત્ત્વનું આલંબન.
ત્રીજી સાનંદ સંપ્રજ્ઞાત - સૂક્ષ્મતર તત્ત્વનું આલંબન.
ચોથી સાસ્મિત સંપ્રજ્ઞાત - સૂક્ષ્મતમ તત્ત્વનું આલંબન.
સૂક્ષ્મતમ ઉપર ધ્યાન સ્થિર થવાથી તે પ્રાપ્ત થાય છે.

પૃથ્વીતત્ત્વ તે સ્થૂલ, તેની તન્માત્રા ગંધ તે સૂક્ષ્મ, સૂક્ષ્મતરમાં મહત્તત્ત્વ - સૂક્ષ્મતમમાં 'અહં' તત્ત્વ સમજવાં. તેમાં માત્ર અસ્મિતત્ત્વ કેવળ અસ્તિત્વવાચક રહે છે, પરંતુ અસ્મિતત્ત્વ આત્મવાચક નહિ પણ મનવાચક છે. આ અવસ્થા અસંપ્રજ્ઞાત સમાધિમાં પરિવર્તન પામે છે, તે વખતે કોઈ આલંબન રહેતું નથી. પ્રણવની આ અંતિમકળા છે, જેને 'વિરામ પ્રત્યયાભ્યાસ |' કહે છે. ત્યાં મનની સત્તાનો વિલોપ થઈ મનોન્મની અવસ્થા પ્રાપ્ત થાય છે, તે પછીનું પરાત્પર તત્ત્વ વાણીને અગોચર છે.

પરાત્પરતત્ત્વનું સાધન સદાચારપૂર્વક તપ - જપસેવન છે.
જપથી મન મંત્રાકાર બને છે, તેથી
કર્મની વાસનાઓ નાશ પામે છે અને
તપથી વૃત્તિઓ પાપાભિમુખ થતી અટકી જાય છે.
યમ-નિયમનું મહત્ત્વ પણ પાયામાં સદાચારની આવશ્યકતા
સૂચવે છે. ક્રિયાપરક બહિરંગ સાધનો સાધ્યા વિના
અંતરંગ સાધનોમાં પ્રવેશ અસંભવપ્રાય છે.
આ સાધનાને સુગમ બનાવવા તંત્રશાસ્ત્રોમાં તપ, જપ,
હોમ, ન્યાસ, ધ્યાન અને વિવિધ મુદ્રાઓ બતાવી છે.
તે મુદ્રાઓમાં નાદાનુસંધાન અને ખેચરી મુખ્ય છે.
પ્લુતો દ્વારા મનોલય કરવા માટે
આથી ચઢિયાતાં સાધન બીજાં છે નહિ.
લયના સવા કોડ સાધનોમાં નાદાનુસંધાન મુખ્ય છે.
કહ્યું છે કે : શ્રી આદિનાથેન સપાદકોટિ - લયપ્રકારાઃ
કથિતા જયન્તિ । નાદાનુસંધાનકમેકમેવ મન્યામહે
મુખ્યતમં લયાનાં ॥ - હઠયોગ, ૪/૬૬ (પરિશિષ્ટ-૪)
મનની સ્થિરતા માટે શરીરની નાડીઓનો મળ નીકળી
જવો આવશ્યક છે, એ માટે સ્થૂલ શરીરવાળાઓ માટે
નેતિ, ધોતિ, બસ્તી, નૌલી, કપાલભાતિ, ત્રાટક વગેરે છે.

જેને સ્થૂલ શરીર નથી, તેને નાડીશુદ્ધિ માટે
કેવળ પ્રાણાયામ જ પર્યાપ્ત છે.

મલથી આકુલ નાડીઓમાં પ્રાણ પ્રવાહિત નથી થતો
અને તે ન થાય, તો કાર્યસિદ્ધિ કેવી રીતે થાય?
ઉન્મની ભાવ કેવી રીતે પ્રાપ્ત થાય? કહ્યું છે કે:

मलाकुलासु नाडीषु मारुतो नैव मध्यगः ।
कथं स्यादुन्मनीभावः कार्यसिद्धिः कथं भवेत् ॥
- હ - યો - પ્ર - ૨/૪

યોગની બધી સાધનામાં બ્રહ્મચર્ય જરૂરી છે.
બ્રહ્મચર્ય = પવિત્ર આચરણ તથા સત્ય, અહિંસા,
અપરિગ્રહ તથા સાત્વિક આહાર, જનસંગનો ત્યાગ,
અતિશ્રમનો પરિત્યાગ, પ્રાતઃસ્નાનત્યાગાદિ જરૂરી છે.
યોગારંભ માટે સમય શરદ અને વસંત મહત્વનાં છે.

आहारशुद्धौ सत्त्वशुद्धिः, सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ॥
આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ, સત્ત્વશુદ્ધિથી કેવળલાભ.

अस्तु माऽस्तु वा मुक्तिरत्रैवाऽखंडितं सुखं ।
लययोगोद्भवं सौख्यं राजयोगादवाप्यते ॥१॥ અહક્તિઃ

મુક્તિ હો કે ના હો. અહીં જ લયથી ઉત્પન્ન થનારું
અખંડ સુખ રાજયોગથી પ્રાપ્ત કરાય છે.

## 'હઠયોગ' શબ્દનો અર્થ

હ = સૂર્ય, ઠ = ચંદ્ર, યોગ = બંનેની યુતિ અર્થાત્
પ્રાણોનો સુષુમ્ણા નાડીમાં પ્રવેશ.

એ લય અથવા ઉન્મનીની પ્રાપ્તિનું સાધન છે. કુંભક મનોલયથી પણ પ્રાણોનું મધ્યમાર્ગમાં પ્રવેશ સુકર બને. મનરૂપી મૃગને નાદરૂપી સંગીતથી વશ કરવાની વિધિ જે અવલંબ્ય છે, તેને જ 'નાદાનુસંધાન' કહેવાય છે. પ્રણવ એ સમસ્ત પ્રાણીઓનો પ્રાણ છે. શબ્દબ્રહ્મમાં નિષ્ણાત વ્યક્તિ પરબ્રહ્મમાં સ્વતઃ પ્રવેશ કરી શકે છે. દરેક વર્ણની અંદર એક અનાહતનાદની ધ્વનિ છે, તે વર્ણોનો આત્મા છે, નાદને ઉત્પન્ન કરનાર પ્રાણ છે, પ્રાણનું સ્વરૂપ સ્પંદ છે. સ્પન્દ વર્તુળાકાર તરંગોમાં

પ્રવાહિત થઈ પ્રાણવાયુની નિગ્રહીત શક્તિ

મૂલાધાર ચક્રમાં ઓંકાર રૂપ પરાવાક્ રૂપે રહેલ છે. આ ઓંકારની આકૃતિ એટલે કુંડલિનીના ૩॥ વલય છે.

તે સૂર્ય, અગ્નિ, સોમાત્મક છે.

તેના વ્યક્ત અને અવ્યક્ત - એમ બે સ્વરૂપ છે. આ પરાવાણી પોતે જ પશ્યંતી - મધ્યમા વાણી બની વૈખરીના માધ્યમથી ઉચ્ચારણ સ્વરૂપને ગ્રહણ કરે છે.

પરશિવ પ્રકાશાકાર છે. તેને 'વાસુદેવ' પણ કહે છે.
એ અનુત્તર અવસ્થા છે.
બીજી અવસ્થા શિવશક્તિ સામરસ્ય છે.
તેને અ + હનો વિમર્શ કહે છે.
શિવ અગ્નિરૂપ છે તથા શક્તિ સોમરૂપા છે.
એ બેઉં બિન્દુરૂપ અહમ્ છે.
અગ્નિના સ્પર્શ દ્વારા સોમથી થતો અમૃતસ્રાવ -
એજ ચિત્, કલા કે બ્રહ્માનંદનું સ્વરૂપ છે.
અકાર જ્યારે હકારમાં પરિવિષ્ટ થાય છે,
ત્યારે બિન્દુમાં ઉચ્છૂનતા - સ્ફુરત્તાપણું બને છે અને
જે નાદ અંતરૂપે થાય છે, તેમાં સમસ્ત તત્ત્વ રહે છે.
યોગમાં તેને 'ત્રિકોણ' કહે છે.
ઉન્મની અવસ્થા પ્રાપ્ત થયા પછી જ્યારે બધો પ્રપંચ
લય પામી જાય, ત્યારે પણ એક કલા રહે જ છે, તે
યોગી પ્રાણોને દિવસે ચંદ્રનાડીમાં અને
રાત્રે સૂર્યનાડીમાં પ્રવાહિત કરે છે. તેનો અંતર્નાદ
સાંભળતા રહીને લયનો કાળ વધારતાં રહેવું જોઈએ.
અહં એ ભૌતિક જગતનો મિત્ર અને
આધ્યાત્મિક જગતનો શત્રુ છે.

રેફ એ અગ્નિબીજ છે, તે અ અને હ ની મધ્યમાં ઉપસ્થિત થઈને અહમને અર્હં બનાવી દે છે. અધ્યાત્મ જગતના શત્રુભૂત ષડ્રિપુને જ બાળી દઈ અહંકાર મુક્ત બને છે અર્થાત્ ન + મન થઈ જાય છે. આ નમનની આગળ અનંતત્વસત્તા વિલીન થઈ જાય છે. જ્યારે આ મનસત્ત્વ ગુરુતત્ત્વની આગળ નમન કરે છે, ત્યારે આશાતનાંધકારરૂપી અરિ-હત થઈ અર્હત્ બને છે. માનવીય અનંતત્ત્વ હવે અર્હંમાં પરિણત થઈ જાય છે તથા શુદ્ધાત્માનંદ કૈવલ્યરૂપ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

અહં પોતે જ અર્હં આકાર બની જાય છે.

अकारेण भवेद्विष्णु रेफे ब्रह्मा व्यवस्थितः ।
हकारेण हरः प्रोक्तः अर्हंमूर्तिस्त्रयात्मिका ॥ (પરિશિષ્ટ-૫)

અ = બ્રહ્મસ્વરૂપ, હ = શૂન્ય, મ = મિથ્યારૂપિણી માયાથી મોહિત થઈ અહં બને છે, તે જ માયાનો ધ્વંસ કરી કૈવલ્યની ઉપલબ્ધિ કરી અર્હં બને છે. તે જ સચ્ચિદાનંદ છે, પરશિવ અને પરબ્રહ્મ પણ તે જ છે. યોગીનાથ તે છે કે જેણે અહંની ચિત્તવૃત્તિઓને શત્રુ માની, તેનો ધ્વંસ કરી પોતાને અર્હંપદવાચ્ય બનાવ્યો છે.

भूतिः श्री ह्रीं द्युतिः कीर्तिर्दिक्षु वसति नालसे ।
(પરિશિષ્ટ-૬)

આસો વદ ૧૧, તા. ૨૦ ૧૧/૭૪

'તિત્થયરા મે પસીયન્તુ ।'

હે તીર્થંકર ! મારી ઉપર પ્રસન્ન થાઓ !

આજે જગતના પદાર્થોએ ઈશ્વરનું સ્વરૂપ અને મરણનું સ્વરૂપ ભૂલાવી દીધું છે. 'મારે કાંઈ કરવાનું છે' તે પ્રશ્નોના ચિન્તામાં આજનો માનવ 'પોતે મરવાનું છે' એ ભૂલી જ ગયો છે.

નમસ્કાર મહામંત્ર ઝેરઉતાર

નમસ્કાર વડે ગુણીપુરુષો સાથેનો સંપર્ક આપણામાં ગુણોના બીજને રોપે છે. 'નમો' એ તાર છે, જે અનંતગુણી પરમેષ્ઠિભગવંતો સાથે આપણે જોડે છે. તે તાર દ્વારા પાવરહાઉસમાંથી વિદ્યુતશક્તિ આવે છે. પરમાત્મા અને મહાત્માઓ - એ જ નાગવેલ છે. એની સુવાસને સુંઘવાથી જગતના પ્રપંચી બનાવોરૂપી નાગ - નાગણીઓના ડંખોનું ઝેર નિવારી શકાય છે.

વીતરાગને પૂજતાં રાગ જાય છે અને સાધુને વાંદતાં સાધુતા ન ગમતાં સંસાર જાય છે, એ મોહવિષનું ઝેર છે.

સંસાર અને મોહ પ્રત્યે જીવનું શિથિલત્વ ગાઢ છે.

પરમાત્મા અને મહાત્માઓના અનુગ્રહની એ તાકાત છે
કે દુઃખીઓના દુઃખ અને પાપીઓના પાપને
પશ્ચાતાપ આદિ દ્વારા નાશ કરાવી શકે.

ગરીબોની દુવાથી દુઃખ જાય, ગુરુઓની દયાથી પાપ
જાય અને પરમાત્માના અનુગ્રહથી તો એ બંને જાય.

આજ્ઞાવિચય દ્વારા પરમાત્માનું, અપાયવિચય દ્વારા
બહિરાત્મદશાની હેયતાનું, વિપાકવિચય વડે અંતરાત્મદશાની
ઉપાદેયતાનું તથા સંસ્થાનવિચય દ્વારા ઔદારિક અને
કાર્મણ શરીરની રચનાવિશેષનું ધ્યાન થાય છે.

નમો = દુષ્કૃતગર્હા - પ્રતિક્રમણ, શાંતિ - સ્નાન.
નમો = સુકૃતાનુમોદના - કાયોત્સર્ગ, તુષ્ટિ - પાન.
નમો = શરણાગમન - પચ્ચક્ખાણ, પુષ્ટિ - ભોજન.

આમ 'નમો' પદ વડે અહીં ગુણોનું ગ્રહણ થાય છે.
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન - એ
પરમ નમ્રતાસૂચક છે, ભાવથી થતાં નમસ્કારના પ્રતીક છે.

શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવ = સામ.
સુખ અને દુઃખ પ્રત્યે સમભાવ = સમ.
જ્ઞાન અને ક્રિયા પ્રત્યે તુલ્ય આદરભાવ = સમ્મ.
તે ત્રણેનો લાભ જેમાં હોય, તે સામાયિક ધર્મ છે.

## ભગવાન હૃદયસ્થ થવાથી શું શું થાય છે ?

શાસ્ત્રને હૃદયસ્થ બનાવવાથી ભગવાન હૃદયસ્થ બને,
તેમ નામાદિ ચારેને પણ હૃદયસ્થ બનાવવાથી ભગવાન
હૃદયસ્થ થઈ સર્વાંગીણ - તન્મયભાવ અનુભવાય છે,
ભગવાનને પૂજવા એટલે Reserve force,
અનાહત તાકાત - ઈશ્વર ઉપરની આસ્તિકતા છે.
અર્હં મે ભગવાન્, અર્હં ભગવત્તરઃ।
હજાર હાથ જેને હોય, તે સાક્ષાત્ ભગવાન છે.
કેવળજ્ઞાન - કેવળદર્શનના બળે વિશ્વની
વસ્તુસ્થિતિ પ્રગટ કરનારા સિદ્ધાંતોનું નિરૂપણ થાય છે,
તેમાંથી સદ્ગ્રન્થો રચાય છે,
ગ્રન્થોમાં સુકૃતિઓ ગૂંથાય છે,
તેના બળે સદ્વિચારો ફેલાય છે,
તેમાંથી સદ્વર્તન પ્રગટે છે,
આત્મા, સર્વજ્ઞ, મોક્ષ તથા મોક્ષમાર્ગ આદિ
પ્રમાણસિદ્ધ પદાર્થોનું સ્થાપન થાય છે,
અહિંસાદિ ધર્મો પ્રતિષ્ઠિત થાય છે,
વંદનીયની વંદના, પૂજનીયની પૂજા પ્રચલિત થાય છે
તથા પ્રાંતે પાપકર્મો અટકે છે અને પુણ્યકર્મો વધે છે.

'નિજધામમાં પ્રવેશ' એટલે શું ?

પ્રભુની સમઅવસ્થા કે પિતાની પ્રભુ સમઅવસ્થા છે

અને આવા સમત્વમાં સ્થિરતા પ્રાપ્ત કરવી,

એજ નિજધામ છે, નિજધામમાં પ્રવેશ કરવો તે છે.

ગણેશની ઉપાસના એટલે આપણી અંદર

નિવાસ કરીને રહેલા આત્માની જ ઉપાસના છે.

ૐ = વેદોમાં પ્રતિપાદિત આદિસ્વરૂપ, એ સ્વસંવેદ્ય છે,

તે જ સકલ અર્થ અને બુદ્ધિને પ્રકાશિત કરનાર ગણેશ છે.

અકાર એ ગણેશના બે ચરણ છે,

ઉકાર વિશાળ ઉદર અને મકાર મોટું ગોળ મસ્તક છે.

આ ત્રણે જ્યાં એકત્ર થાય છે,

ત્યાં ગજાનન અર્થાત્ ગણેશ જ પ્રણવ રૂપે રહેલાં છે.

શ્વાસોચ્છ્વાસે ૐનો ઉચ્ચાર થતો રહે,

ત્યારે આત્મજ્ઞાનના શ્રી ગણેશ મંડાય.

શ્વાસોચ્છ્વાસે ગણેશની સ્થાપના કરવી જોઈએ.

શ્વાસ એજ મૂષક છે, તે આયુષ્યને કાતરી ખાય છે.

ૐના રટણ દ્વારા આત્મજ્ઞાનની સ્થાપના કરવામાં આવે,

તો શ્વાસની ચંચળતા કાબૂમાં આવી જાય.

જે શ્વાસ ઝીણી, અધૂરી, અનિયમિત અને આવેગ-

મુક્ત લઈએ છીએ, તે જીવનશક્તિને ગ્રહણ કરે છે.
શ્વાસ એ સ્વાસ્થ્યનું મહાદ્વાર છે અને
પ્રાણસંયમ એજ મનઃસંયમ છે.
પ્રાણની સ્થિરતા સધાય તો મન આપોઆપ સ્થિર થાય
જ્યાં પ્રાણ - અપાનની એકતા સાધવાની છે,
તે મૂલાધારચક્રમાં ગણેશનું ધ્યાન કરવાનું છે.
મૂલાધારમાં રહેલ સુષુપ્ત શક્તિને જાગ્રત કરવા માટે
ૐના ઉચ્ચાર સાથે પ્રાણાયામ કરવાનો છે અને
દ્રષ્ટિને ભ્રૂમધ્યમાં સ્થિર કરવાની છે.
અરિહંત સત્ત્વની જાગૃત થાય, સિદ્ધ સત્ત્વની પક્કડ
થાય છે, આચાર્ય સત્ત્વનું અનુસરણ થાય છે તથા
તપરૂપી ક્રિયાનુષ્ઠાન સત્ત્વની સાથે એકતા સધાય છે.

## લોગસ્સ સૂત્રમાં રહેલ શબ્દાક્ષરી

લોગસ્સ સૂત્રની ૨ - ૩ - ૪ ગાથામાં
૩૫ બિન્દુ, ૨૨ ચક્કાર અને ૭ જિન શબ્દ છે.
ત્રણ વાર વંદે પદ અને બે વાર વંદામિ શબ્દ છે.
૨ - ૩ - ૪ ગાથામાં અનુક્રમે ૩૯ - ૩૬ - ૩૫ અક્ષરો છે,
૫ - ૬ - ૭ ગાથામાં અનુક્રમે ૪૨ - ૩૬ - ૩૭ અક્ષરો છે.
કુલ અક્ષર ૨૫૬ છે.

મૂળાધારથી બ્રહ્મને ઉપાડીને
પાછો મૂળાધાર સુધી લઈ જવો - આવવા દેવો,
એ મુખ્ય ક્રિયા છે.
તે દ્વારા નાડીશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ થતી આવે છે
અને સ્નાનરૂપી ગહ્વરશાના જળમાં
શ્વાસરૂપી ચંચળ મૂષક આવન જાય છે.
જેમ હાથીનું બધું બળ તેના સૂંઢમાં છે, તેમ
મનુષ્યની સમગ્ર બ્રહ્મશક્તિ સુષુમ્ણા દ્વારા પ્રકટે છે,
પરન્તુ બ્રહ્મ ઉદ્વેલિત હોય અને મન ઉદ્વિગ્ન હોય,
ત્યારે આ શક્તિ પ્રકટતી નથી.

સહજ સુષમ સ્થિતિ એટલે શું ?

ઈડા અને પિંગળા નાડી ચાલુ રહે છે, ત્યારે સૂર્ય અને
ચંદ્રનો પ્રભાવ રહે છે. જ્યારેક ઉષ્ણતા - જ્યારેક શીતતા,
બુદ્ધિ અને લાગણી - એમ વિષમ સ્થિતિ હોય છે.
બંને સ્થાને બ્રહ્મની સમગતિ અને
મનની સંવાદીગતિ ચાલે, તે સહજ સુષમ સ્થિતિ છે.
ઈડા - પિંગળા દ્વારા પ્રાણ અને બ્રહ્મ ચાલ્યા કરે છે,
સુષુમ્ણા દ્વારા તેનો સંચય થાય છે અને
એ જ ગહ્વરશાના રિદ્ધિસિદ્ધિના ભંડારને ખોલતા આવે છે.

## સિંહલદ્વીપ - લંકા કોને કહેવાય ?

મૂલાધારમાંથી સુષુમ્ણા માર્ગે બ્રહ્મશક્તિ ઊંચે ચડે છે,
ત્યાં બ્રહ્મશક્તિનો અખૂટ ભંડાર ભર્યો છે,
તેને જ સિંહલદ્વીપ - લંકા કહે છે. મૂલાધારની શક્તિ
સહસ્રારમાં લઈ જવા, તે લંકાથી પરલંકામાં જવાનું છે.
કુંડલિની શક્તિને સિંહલની રાજકન્યા પણ કહેવાય છે.
જીવનની આશા અનુપમ સુંદરીને કાળનો મૂષક કુહો
કુહો કરી ખાય છે. જે લગનીવાળા હશે, તે આ નાદ
સાંભળીને મૂળ માર્ગ પર અવશ્ય ધસી જવાના. જાગતાં
સાધક સારા જગતને ઢોલ વગાડીને જગાડતાં રહે છે.
Positive = વિધાયક, Dynamic = ગતિશીલ.
कोऽन्धो योऽकार्यरतः को बधिरो यः शृणोति नैवार्तिं ।
को मूको यः काले प्रियाणि वक्तुं न जानाति ॥१॥
को दीर्घो जूतदया किं सौख्यमरोगिता जगति ।
कः स्नेहः सद्भावः किं पाण्डित्यं परिच्छेदः ॥२॥
દીર્ઘ કોણ ? પ્રાણીઓ ઉપર દયા. સુખ શું ? નિરોગિતા.
સ્નેહ કોને કહેવાય ? સદ્ભાવ - આત્મભાવ.
પાંડિત્ય - બુદ્ધિશાળીપણું કોને કહેવાય ?
સત્યાસત્યનો વિવેક કરી સત્યને આચરવું તે.

## સત્સંકલ્પ સુમુનિઓ એટલે...

ઇચ્છાને સિદ્ધ કરવાનું સામર્થ્ય જેમનામાં હોય તે.
'આ મંત્રથી આ ફળની પ્રાપ્તિ થાઓ,' સત્સંકલ્પ છે,
અને 'પંચ નમસ્કારથી સર્વ પાપનો પ્રણાશ થાઓ' અને
'સર્વ મંગળોમાં પ્રધાન મંગળની પ્રાપ્તિ થાઓ'
એ અનાદિસિદ્ધ સુમુનિઓનો સંકલ્પ છે અથવા તો
તેને અર્થથી કહેનાર અને શબ્દથી ગુંથનાર શ્રી
તીર્થંકર - ગણધરનો પ્રસાદ છે, આદેશ છે, આજ્ઞા છે.
તેમના વિપ્રકૃષ્ટ તપ, સંયમ અને સંકલ્પ ઉપરાંત
મંત્રદીક્ષા, મંત્રદેવતા અને મંત્રપદ -
એ ત્રણેનો અચિન્ત્ય પ્રભાવ છે.
પ્રાણશક્તિની સહાયથી શુદ્ધ બનેલ મંત્રશક્તિ સુષુમ્ણા
રૂપ મધ્યમાર્ગનો આશ્રય લઈ ક્રમશ: ઉર્ધ્વગમન કરે છે.
મંડલ, મુદ્રા આદિ બાહ્ય પરિકર છે અને
નાદ - બિન્દુ - કલા વગેરે અભ્યંતર પરિકર છે.
પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે સૂક્ષ્મ
અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે દેવતા સ્વરૂપ
બની જાય છે. પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.
વિમર્શનું તાત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે.

'મિચ્છામિ દુક્કડં'થી આપણું જ આત્મહિત

સવ્વે અવરાહ પદે અજ્જ મે ખમાવેમિ નિસ્સલ્લો ।
અમ્માપિઉસરિસ્સા, સવ્વેવિ ખમંતુ મહજીવા ॥૧॥

ભૂલ હોય, તે જ ખમાવે એમ નહિ. બધા જ ખમાવે, એમ પણ નહિ. સંસાર આખો ભૂલભર્યો છે, તેમાં મિચ્છામિ દુક્કડં એજ આત્માનું હિત છે, તે કષાયશમન કરી આપણે શાંતિ-સ્વસ્થતા આપે છે.

નરસ્યાભરણં રૂપં, રૂપસ્યાભરણં ગુણઃ ।
ગુણસ્યાભરણં જ્ઞાનં - જ્ઞાનસ્યાભરણં ક્ષમા ॥૧॥

અર્થાત્: મનુષ્યનું ઘરેણું રૂપ છે, રૂપનું ઘરેણું ગુણ છે,
ગુણનું ઘરેણું જ્ઞાન છે, જ્ઞાનનું ઘરેણું ક્ષમા છે.

પરસ્થમાંથી સ્વસ્થ થવાનું છે. પરવસ્તુની તૃપ્તિ કંઈ વાસ્તવિક નથી, આત્મામાં તૃપ્તિ તે વાસ્તવિક તૃપ્તિ છે.

શુદ્ધિ, શાસન, સમતા આત્મામાં કેવા જોઈએ.

ભગવાનનો ધર્મ મુખ્યત્વે છ જીવનિકાયરક્ષામાં છે.

પ્રથમ સમકીત રોચક, પછી કારક, પછી મોક્ષ ક્રમ છે.

પરમની વાણી નિર્વિકલ્પ છે.

ભગવાનની વાણીથી બધા તરે છે, એનું મૂળ કારણ એજ છે કે તે વાણી પોતાને ઓળખાવે છે કે તે

કેવા રીતે બંધાયો છે, કેવા રીતે ક્લેશ પામે છે તથા
એને સમજાવે છે કે: કેવા દુર્લભ વસ્તુ મળી છે અને
એ બંધન અત્યારે જ છૂટી શકે છે, પછી નહિ છૂટે.

जीवा बज्झंति, किलिस्संति मुंच्चन्ति ।

લોભનું મૂળ અહંકાર છે, ધર્મનું મૂળ નિરહંકાર છે.

દૃષ્ટા બનો. ગુણ જેટલામાં છે, એના દર્શન કરો.

જેને ભેદ નથી ઉદાદયનું દર્શન કર્યું છે,
તેને ભેદ આપોઆપ છૂટી જશે.

છોડવા માટે આગ્રહ રાખવા કરતાં
દૃષ્ટા બનવા માટે આગ્રહ રાખો.

સર્પના દર્શન કર્યાં પછી મણહાર લાગ્યા વિશ્વાસ નહિ રહે.

ભગવાનની વાણી આત્માના દર્શન માટે છે.

આત્માની અંદર અનંત શક્તિ છે.

કર્મ બંધ ક્યાં બેસાડ્યો, એ જ ખરું સમજવાનું છે.

વિચારોથી જે સર્જન થાય છે, તે હકીકત છે.

કામ - ક્રોધ - લોભ વગેરે ideal reality છે,
જગતમાં કોઈ કોઈનું હોતું નથી, માત્ર કલ્પના જ હોય છે.

શુભભાવ આવે, તો રોગી નિરોગી બની જાય છે.

આજના ભાવ જન્માંતરમાં સ્થૂલ રૂપ ધારણ કરે છે.

૨૫૦૦ વર્ષ પહેલાંનાં ભગવાન મહાવીર
એક Historical truth છે.
આજે એનું જે સ્વરૂપ અને ઉપાસના કરીએ છીએ,
તે ideal reality છે.

પરમાત્મા સર્વજ્ઞ અપ્રગટપણે હાજર છે. મૂર્તિ બધા વિચારોને ખસેડી દે છે અને તેમાં પરમાત્મા દેખાય છે. અપ્રગટ પરમાત્મા મૂર્તિ દ્વારા પ્રગટ થાય છે. 'મૂર્તિ' એટલે અમૂર્ત એવા પરમાત્માનું મૂર્ત સ્વરૂપ. સર્વ ત્રિ-કાળમાં પરમાત્મા છે, એમ અનુભવવાનું છે. 'ભગવાન સર્વજ્ઞ નહીં', એ સંસ્કાર કાઢી નાખો. ઉપાધ્યાયજી કહે છે: 'જ્ઞાનગુણથી ભગવાન વિશ્વવ્યાપી છે,
સર્વજ્ઞ છે અને સર્વ કરી શકે છે.'

મંત્રરચનાની જેમ મૂર્તિની પણ રચના છે. મૂર્તિને તેમને સોંપીએ, તો કાર્ય આપોઆપ થાય છે, કિન્તુ આપણો અહંકાર - Ego વચ્ચે આડો આવે છે. વિશ્વમાં ભગવાનનો અનંત ભંડાર છે. તેમાંથી જ લોકકલ્યાણ થઈ શકે છે અને તેમાંથી જ આપણો વિકાસ સાધી શકીએ છીએ. વિચારથી ભાવ મળશે, વૃત્તિ અનુભવાશે અને અન્ય વિચારો છૂટી જશે.

આખો સંસાર ideal reality ઉપર છે, કિન્તુ objective ઉપર નહિ. કામ - ક્રોધ - લોભાદિ તથા જ્ઞાન - દર્શન - ચારિત્ર વગેરે ideal reality અધ્યવસાયની સૃષ્ટિ ઉપર અવલંબેલા છે.

નોકર જો શેઠની મિલ્કતને પોતાની માને અને કૂતરું મહોલ્લાનો માલિક પોતે છે - એમ માનીને વર્તે, તે કલ્પનાસૃષ્ટિ ideal reality છે.

## સંકલ્પ - વિકલ્પને અટકાવવાના ઉપાય

મન ગતિશીલ હોય, ત્યાં સુધી વિચારશીલ હોય છે. ગતિશીલતા અટકે તો આત્મા તરફ જવાય.

મનની સંકલ્પ - વિકલ્પની ગતિ જોરદાર હોય છે. તેને બંધ કરવા મુશ્કેલ છે.

શ્વાસોચ્છ્વાસ દ્વારા તેની ગતિ અટકાવી શકાય છે. ગતિ અટકે એટલે ભીતર તત્ત્વ તરફ જવું સહેલું બને.

Imp મન ત્યાં પવન અને પવન ત્યાં મન.

પવન વડે મનને પકડી શકાય. અંતર્ગત તત્ત્વને જોવા માટે મનનો વેગ અટકવો જોઈએ. તે શ્વાસના ધ્યાન વડે અટકાવી શકાય છે. ગતિ બંધ થઈ જાય, પછી આત્મા જેવા સ્વરૂપનો છે, તેના દર્શન થઈ શકે છે.

જ્યારે આત્મા તરફ વળીએ છીએ,
ત્યારે મનની ગતિ અટકે છે. આત્મસ્વરૂપ જ્યોતિર્મય છે.
આત્મા નિરાકાર જ્યોતિરૂપ છે.
શ્વાસોચ્છ્વાસથી નિરાકાર સ્વરૂપમાં જવું અને
મનમાં સ્થિર થાય, ત્યારે પાછા શ્વાસોચ્છ્વાસમાં જવું.
સ્થિરતા બરોબર સિદ્ધ થાય, તો જ બાહ્યથી છૂટી શકાય.
બાહ્યપદાર્થો તો બિલકુલ તુચ્છ છે.
માનવજન્મમાં જે શક્તિ છે, તે
નકામા ચાળો માટે વેડફાઈ જાય છે, તેમાંથી છૂટવું જોઈએ.
સાધના દ્વારા પરમાંથી સ્વમાં આવી શકાય.
સ્વમાં તો તે શક્તિ જ્યોતિરૂપે જ છે, સ્વમાં લગની
હતી નહિ, એટલે જ જ્યોતિસ્વરૂપ પ્રગટ થતું નહિ.

## પ્રભુમૂર્તિ અને પ્રભુવાણીનું સામર્થ્ય

ભગવાનનું મુખ જોઈ અને
ભગવાનની વાણી સાંભળીને જેવો આનંદ થાય છે,
તેવો આનંદ ઇન્દ્રની ઋદ્ધિ પણ
ફાટી કોડી જેવી લાગે, એ છે સાધનાની મધુરતા.
લોકોના મનને હરી લઈ સાધના તરફ વાળી દે,
તે સામર્થ્ય પ્રભુની મૂર્તિ અને પ્રભુની વાણીમાં છે.

## 'નમો' તથા 'અરિહંતાણં' પદનું માહાત્મ્ય

'નમો'થી પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણની આરાધના થાય છે. 'અરિહંતાણં' પદ વડે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ અને ગુરુવંદનની સાધના થાય છે. પ્રતિક્રમણ વડે નિર્મળતા અને સામાયિક વડે સ્થિરતા સધાય છે. 'નમો' આત્મપક્ષ છે, 'અરિહંતાણં' એ આત્મસ્વરૂપ છે. સામાયિક વડે સમાધિ અને પ્રતિક્રમણ વડે શુદ્ધિ છે. 'નમો અરિહંતાણં' પદ શુદ્ધિપૂર્વક સમાધિ મેળવવા માટે સમર્થ છે. 'નમો' વડે ગ્રન્થિભેદ થાય છે અને 'અરિહંતાણં' પદ વડે ઇચ્છાનો છેદ થાય છે. 'નમો' વડે નિર્ગ્રન્થતાની ઉપાસના થાય છે અને 'અરિહંતાણં' વડે વીતરાગતાની ઉપાસના થાય છે. 'નમો' મિથ્યાત્વની ગાંઠને તોડે છે અને 'અરિહંતાણં' ઘાતીકર્મના પહાડને ભાંગે છે - ચૂરેચૂરા કરી મૂકે છે.

નમો = આસ્રવત્યાગ, અરિહંતાણં = સંવરનું સેવન.
અરિહંતપદમાં = માર્ગદર્શકતા, સિદ્ધ = અષ્ટકર્મનો ક્ષય,
આચાર્યપદમાં = પંચાચારપાલનમાં રક્તતા,
ઉપાધ્યાયપદમાં = જ્ઞાન - ધ્યાનમાં લીનતા,
સાધુપદમાં = આસ્રવનો ત્યાગ તથા સંવરનો સ્વીકાર છે.

आकालमियमाज्ञा ते, हेयोपादेय - गोचरा ।
आस्रवः सर्वथा हेयः, उपादेयश्च संवरः ॥१॥

श्री नवकार महामंत्रमां सत्यसंपन्न सुमुनिओ निर्मित
मंत्रवाद छे, देवताधिष्ठित मंत्रवाद पण छे अने
मंत्रात्मक देवतावाद पण निहित छे.

अर्थथी प्रणेता तीर्थंकर भगवान अने सूत्रथी प्रणेता
गणधर भगवान छे, तेथी ते सुमुनि निर्मित छे. वळी
नवकारना प्रत्येक अक्षरे १००८ देवोनुं अधिष्ठान छे,
तेथी ते देवताधिष्ठित पण छे अने
नवकारना अडसठ अक्षरो स्वयं मंत्रस्वरूप छे,
तेथी मंत्रात्मक - देवतास्वरूप पण छे.

सत्यसंपन्न अने विप्रकृष्ट तपना करनारा
सुमुनिओना मुखमांथी नीकळेलां वचनो मंत्रस्वरूप बने.
वळी पवित्र - लक्षणोपेत पछी देवताधिष्ठित होय छे.
मंत्र अने देवता कथंचित् अभिन्न होवाथी
मंत्र स्वयं पदमया देवतारूप बनी जाय छे.

प्रत्येक मंत्र तत्त्वथी नादस्वरूप छे.
अर्हं आदि मंत्रो ज्यारे नादरूपे परिणमे छे, त्यारे
परमानंदनो अनुभव थाय छे, जे मंत्रनुं तात्त्विक रूप छे.

નામઅરિહંત દ્વારા ભાવઅરિહંતના દર્શન થાય છે.
અનાહતનો 'અર્હં' શબ્દ અર્થ પણ થાય છે.
ॐ ह्रीँ स्फुटानाहत मूलमंत्रं ।
અર્હં એ સ્પષ્ટપણે અનાહત રૂપી મૂળ મંત્ર છે.
અર્હંમાં તન્મયતા થતાં અ-ક્ષર શબ્દ અનાહત નાદ
જે ઉત્પન્ન થાય છે, તે પણ અરિહંત સ્વરૂપ છે.

नामस्थापनाद्रव्यभावभेदाच्चतुर्विध आचार्यः,
तत्राचार्योपयोगरूपो योऽसौ भावाचार्यः
शिष्यस्य मनसि वर्तते, अतो
गुरुविरहोऽपि अत्राऽसिद्ध एवेति ।
- वि-आ॰गा॰ १००७ टीका

અર્થ: નામાદિ ભેદથી આચાર્ય જે ચાર પ્રકારના છે,
તેમાં આચાર્યના ઉપયોગરૂપે જે ભાવાચાર્ય છે,
તે તો શિષ્યના મનમાં વર્તે છે, માટે
ગુરુનો વિરહ એમ સિદ્ધ થતો નથી,
એ જ રીતે સાક્ષાત અરિહંતના વિરહમાં પણ
અરિહંત પરમાત્માના ગુણોમાં ઉપયોગવાળા
સાધકના દિલમાં ઉપયોગરૂપે ભાવઅરિહંત વર્તે છે,
તેથી અરિહંત પ્રભુનો વિરહ સાધકને હોતો નથી.

ભાવપ્રાણે સર્વ જીવો સમાન છે,

સત્તાએ સર્વ જીવો સિદ્ધ સમાન છે અને

આત્મત્વ જાતિએ સર્વ જીવો એક જ છે.

મંત્રપદથી સ્થૂલ સ્વરૂપને મૂકીને જ્યારે સૂક્ષ્મ સ્વરૂપને ગ્રહણ કરે છે, ત્યારે તે દેવતા સ્વરૂપને પામે છે.

'ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ;
પરાપશ્યંતી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિભૂપ રે ભવિયાં.'

સમાપત્તિ = ધ્યાતાનું ધ્યેયાકારે પરિણમન થવું તે.

ધ્યાતા જ્યારે સિદ્ધના સ્વરૂપનું ભાવન કરી તેમાં તન્મય બને છે, ત્યારે સિદ્ધ પરમાત્મા જેવા પોતાના આત્માને નિરંજન - નિરાકાર સ્વરૂપે અનુભવે છે.

સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા છે, તેથી

જ્ઞાનસ્વરૂપ એવા આત્માનું ધ્યાન તેમ જ

પંચ પરમેષ્ઠિનું ધ્યાન - એ ભાવધ્યેય છે.

દ્રવ્યધ્યેય = objective, ભાવધ્યેય = Subjective

અર્હદ્ ધ્યેયરૂપક ધ્યાન પદ્ધતિ.

ધ્યાતા જ્યારે સ્થિરતા ગ્રહણ કરે છે,
ત્યારે ધ્યેય પાસે ન હોવા છતાં જાણે સામે જ છે, એમ ધ્યાતાને જે ભાસ થાય છે, તે ભાવધ્યેય છે.

જ્યારે બાહ્યપદાર્થનું ધ્યાન કરવામાં આવે,
ત્યારે તે 'દ્રવ્યધ્યેય' કહેવાય છે.

ધ્યેયના બળે જ્યારે ધ્યાતા પોતાના શરીરને શૂન્ય કરી, દેહનું ભાન ભૂલી ધ્યેયસ્વરૂપમાં તન્મય બને છે, ત્યારે તે ધ્યેયરૂપને પામે છે, તેને જ 'સમરસીભાવ' કહેવાય છે અને તે વખતે ધ્યાતા - ધ્યેયનું એકીકરણ થાય છે.

'ષોડશક પ્રકરણ'માં કહ્યું છે કે:

સામર્થ્ય-યોગતો યા તત્ર દિદૃક્ષા ઇતિ અસંગશક્ત્યા-
ઢ્યા સોડનાલંબન યોગઃ પ્રોક્તઃ તદ્દર્શનં યાવત્ ।

અર્થાત્: સામર્થ્ય યોગ વખતે પરમાત્મદર્શનની તીવ્ર અભિલાષાને 'અસંગ' નામનો અનાલંબન યોગ કહ્યો છે અને તે આત્મસાક્ષાત્કાર થાય, ત્યાં સુધી રહે છે.
જો કે ધ્યાતાની તે વખતે પરમાત્મતત્ત્વમાં સ્થિતિ નથી, છતાં પરમાર્થથી ધ્યાન રૂપે પરમાત્મતત્ત્વમાં અવશ્ય પ્રવૃત્તિ હોય છે, તેમ જ સયોગિ યોગ - શૈલેશીકરણ પૂર્વે તેની હાજરી પણ અવશ્ય હોય છે.

સો સવિસેસં પચ્ચક્ખવાણાઇણો મણં નિરંભિત્તા ।
સિદ્ધ સિલોવરિસરદિંદુકુંદસંખુજ્જલચ્છાએ ॥૫૮॥
- ઉપદેશપદ વૃત્તિ-પત્ર-૨૬૨

अप्पाणं भावित्ता तद्देस सजीववत्तिणो सिद्धे।
दुविहा सेस किलेसे निउणं परिचिंतिउं लग्गो ॥६५॥
- उपदेशपद वृत्ति - पत्र - २६२

અહિ: પ્રત્યાખ્યાન સ્થાન ચરિત્ર શુદ્ધ શીલ - સંયમમાં મનને રોકી અહિ પ્રત્યાહાર કરીને ધ્યાનમાં બાંધ્યા, સિદ્ધશિલા ઉપર અહિ શરદઋતુના ચંદ્રમા સમાન, મચકુંદના ફૂલ સમાન અને ઉજ્જવલ શંખની કાંતિ સમાન

સિદ્ધશિલા ઉપર નજીકના સ્થાનમાં રહેલાં સિદ્ધોમાં પોતાના આત્માને સ્થાપી - સ્થિર કરીને ધ્યાન કરવા લાગ્યો અને ધ્યાન વડે કર્મક્લેશનો નાશ થવા લાગ્યો.

નૈગમનયથી ૮ રુચક પ્રદેશો નિત્ય ઉઘાડા હોવાથી આત્મા સિદ્ધની સમાન છે, શુદ્ધ સંગ્રહનયથી ચૈતન્ય અપેક્ષાએ આત્મા એક જ છે, તેથી एकमेवाद्वितीयं। એક આત્મતત્ત્વના ધ્યાનમાં જ લીનતા, સમરસીભાવ જન્મે છે, તેથી આત્મા - પરમાત્માનું એકીકરણ થાય છે.

## મોક્ષમાર્ગ મેળવવાના ચાર રસ્તા

જિનભક્તિ, જીવમૈત્રી, પુદ્ગલવિરક્તિ, આત્માનુભૂતિ.

ઉપરના આ ચાર અદ્ભુત તત્ત્વોને જીવનમાં ઉતારવાથી - ચારે મળીને મોક્ષમાર્ગ બને છે.

નાદ = ऐँ - સંબોધન.
બિન્દુ (જ્યોતિ) = अमृते, वाचस्पते, વિશ્વજિહ્વ.
કલા = प्लुवः प्लुः - દ્રાવણ.

o

સત્ = નાદ - ૐ - દુષ્કૃતગર્હા.
ચિત્ = બિન્દુ - अर्हं - સુકૃતાનુમોદના.
આનંદ = કલા - નમઃ । - ચાર શરણ.

o

નમો = નાદ - સંબોધન - સ્વાપકર્ષ.
અરિહં = બિન્દુ - વિશ્વજિહ્વ - પરોત્કર્ષ.
તાણં = કલા - દ્રાવણ - શરણાગતિ.

સ્વાપકર્ષાનુકૂલ - બોધવ્યાપારો નમસ્કૃતિઃ
શરણાગતિઃ । તવાઽસ્મીતિ વિચિન્તનેન
શરણં પ્રપન્નોઽસ્મિ ઇતિ ।

ચિત્તપ્રસાદ માટે મિચ્છામિ દુક્કડં । ઈર્યાપથિકી.
ઇચ્છામિ સુક્કડં । એટલે લોગસ્સ સૂત્ર.
સરણં પવજ્જામિ । એટલે કરેમિ ભંતે સૂત્ર.
બોધિ, સમાધિ અને સિદ્ધિ તથા તેના મૂળસ્વરૂપ
ભાવઆરોગ્ય માટે 'સરણં પવજ્જામિ' એ સૂત્ર છે.

## ૩ પ્રકારની સામાચારી : ઇચ્છા, મિચ્છા, તહકાર.

જ્યારે બાળની પાસે કોઈકાર્ય કરાવવું હોય,
તો પ્રથમ તેના ઇચ્છાને જોવા જોઈએ.
બાળો પોતાને કોઈકાર્ય કરવાનું કહે,
ત્યારે પોતાની ઇચ્છાને ગૌણ કરી
સામાની ઇચ્છાને માન આપવું જોઈએ.
પાપકાર્ય જો પોતે કર્યું હોય,
તો સામાને મિચ્છામિ દુક્કડં દેવું જોઈએ.

ઇચ્છા સામાચારીનું તાત્પર્ય છે કે
કોઈકાર્યમાં પહેલા સામાની ઇચ્છા હોય, તો જ કરવાનું
કર્યાય. ઇચ્છા ન હોય તો ઇચ્છા ઉત્પન્ન કરાવી
શકાય પણ સામાને કદાપિ દબાણ કરી શકાય નહિ.

તહકાર તથા મિચ્છાકાર સામાચારી એટલે...
બાળની યોગ્ય ઇચ્છાને માન આપવું, તે તહકાર છે
અને પોતાની અયોગ્ય કૃતિથી પાછા ફરી જવું,
તે મિચ્છાકાર સામાચારી છે. આ સામાચારીનું પાલન જ
મુનિને મુનિપણામાં સ્થિર કરવા સહાયક બની શકે છે.
આ સામાચારીના ભંગમાં
મુનિનું મુનિપણું સુરક્ષિત રહી શકતું નથી.

ઇચ્છા, મિથ્યા તથા તહત્કાર સામાચારીમાં
'ઇચ્છા સામાચારી' એટલે Please,
'મિથ્યા સામાચારી' એટલે Sorry અને
'તહત્કાર સામાચારી' એટલે Thanks giving.
બીજો કાર્ય બતાવે, ત્યારે તેનો આભાર માનવો, તે
Thanks giving છે.
પોતે બીજાને કાર્ય બતાવે, ત્યારે તેની ઇચ્છાને
પ્રધાનતા આપવા, તે Please શબ્દથી સૂચવાય છે
અને પોતાની પ્રત્યેક ભૂલને ભૂલ તરીકે કબૂલ રાખવા
તથા ફરીવાર તેવી ભૂલ ન કરવાનો સંકલ્પ કરવો,
તે I am very sorry શબ્દથી
ધ્વનિત થતી મિથ્યા સામાચારી છે.
<u>દુ:ખના નાશ માટે શું જરૂરી ?</u>
દુ:ખનું મૂળ મોહ, મોહનું મૂળ તૃષ્ણા,
તૃષ્ણાનું મૂળ લોભ, લોભનું મૂળ સંગ.
સંગત્યાગથી લોભત્યાગ, લોભત્યાગથી તૃષ્ણાત્યાગ,
તૃષ્ણાત્યાગથી મોહત્યાગ અને મોહત્યાગથી દુ:ખનાશ.
દુ:ખનાશ માટે પાપનાશ કરવો જરૂરી છે.
પાપ એટલે મોહ, તૃષ્ણા, લોભ અને સંગદોષ.

## સર્વોત્કૃષ્ટ શુભ - અશુભ શું છે ?

શ્રી જિનની આરાધના અને વિરાધનાથી
જે કાંઈ શુભ કે અશુભ પ્રાપ્ત થાય છે,
તે સર્વોત્કૃષ્ટ શુભ અને સર્વોત્કૃષ્ટ અશુભ હોય છે.

## ભ્રાંતિ - અજ્ઞાનતા - સંમૂર્છિમપણું એટલે...

જે પરભાવને સ્વભાવ માને અને
પરરૂપને સ્વરૂપ માને, તે ભ્રાંતિ અથવા અજ્ઞાનતા.
તે સંજ્ઞી છતાં અસંજ્ઞી જેવ છે.

## ચતુર્ગતિ કોને બંધન લાગે ?

જે એમ સ્વીકારે કે પોતે પરમાં બંધાયેલો છે અને
જે દુઃખથી ચતુર્ગતિના ક્લેશને અનુભવે છે,
તેને જ મુક્તિ માટેનો પ્રયત્ન સદ્ભાવથી થાય છે
અને જે પોતાને બંધાયેલો માને,
તે જ બંધનમાંથી છૂટવા પ્રયત્ન કરે.

प्राज्ञः प्राप्तसमस्तशास्त्रहृदयः, प्रव्यक्तलोकस्थितिः ।
प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेव दृष्टोत्तरः ।
प्रायः प्रश्नसहः प्रभुः परहितार्थी पराऽनिंदया,
ब्रूयाद्धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्टमिष्टाक्षरः ॥१॥
- उपदेशमालादोघट्टी (परिशिष्ट-७)

ભગવાનના ઉપદેશનું હાર્દ છે અહિંસા અને અનેકાંત.

આચારે અહિંસા અને વિચારે અનેકાંત.
સૌને જીવવું ગમે છે, મરવું કોઈને ગમતું નથી, માટે
કોઈપણ જીવની હિંસા કરવી નહિ,
કરાવવી નહિ તથા કરતાંની અનુમોદના કરવી નહિ.
વળી સંસારના દરેક કલહના મૂળમાં
એકાન્ત પ્રત્યે સમજદારીની ખામી રહેલ છે.
સામાને તેના દૃષ્ટિએ સમજવાની કોશિષ કરવી,
સામો માનવી જેટલે અંશે ખોટો છે,
તે જોવા કરતાં તે જેટલે અંશે સાચો છે,
જેટલે અંશે પ્રભુના માર્ગની નજીક છે, તે દૃષ્ટિએ જોવું
અને તેને વીતરાગતાની સન્મુખ બનાવવો,
એજ એક અનેકાંતનો હેતુ છે.
અહિંસા દ્વારા પ્રાણીમાત્ર સાથે મૈત્રી સ્થપાય છે,
તમોગુણનો સમૂળ નાશ થાય છે.
અનેકાન્ત વડે સર્વ દર્શનો સાથે સમન્વય સધાય છે,
કદાગ્રહયુક્ત વાદ - પ્રતિવાદ તથા તર્કવિતર્કની
વિચારશ્રેણી નષ્ટ થાય છે અને
સર્વાભિમુખી સત્યની પ્રતિષ્ઠા થાય છે.

Most Important

ભગવાનના ઉપદેશનો સાર
જો એક જ વાક્યમાં આપવો હોય,
તો વાણી, વિચાર અને વ્યવહાર -
ત્રણેની એકતા, ત્રણેનો સુભગ સમન્વય.
જે જીવ જાગૃત રહી નવા કર્મ બાંધતો નથી અને
જૂના કર્મોને ખંખેરે છે,
તે જીવ નિશ્ચિતપણે શિવપદને પામે છે.
તેનાં સાધન ત્રણ છે : અહિંસા, સંયમ અને તપ.
ભગવાન દેહસ્વરૂપે આજે નથી,
કિન્તુ વાણીસ્વરૂપે તેઓ અવશ્ય વિદ્યમાન છે.
ભગવાનની વાણી કહે છે કે ભૌતિક સુખો તરફ
ભટકતાં મનને આત્મા તરફ વાળો.
બીજાને ઓળખવાનો પ્રયત્ન છોડી સ્વયંને જ ઓળખો.
જેમ વીતી ગયેલ રાત કદાપિ પાછી આવતી નથી,
તેમ ગયેલો આ મનુષ્યભવ વારંવાર મળતો નથી, માટે
સ્વમાં સ્વયંને શોધો અને સમજો.
આયુષ્ય ક્ષણભંગુર છે, જીવન વિઘ્નોથી ભરપૂર છે.
પૂર્વ સંચિત કુસંસ્કારોની રજને ખંખેરી નાંખવાનો જ
પ્રયત્ન કરો, એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કરો.

## અહીં કાળના કાળની મુદ્રાઓ કઈ વાત કહે છે?

દરેક ક્ષણે આત્મજાગૃતિ કેળવો.

મૂર્ખ મનુષ્યો જ સંસારી પદાર્થો અને સંબંધીઓને પોતાનું શરણ માની તેમાં બંધાઈ રહે છે. તે જાણતો નથી કે અંતે તો બધાને છોડી એકલા જવાનું છે અને પોતાનાં કર્મોના વિષમ પરિણામો ભોગવતાં દુઃખથી પીડાઈ હંમેશા ચોરાશી લક્ષયોનિના ચકરાવામાં ભમવું પડે છે. પોતાના કર્મ પોતાને ભોગવ્યા વિના છૂટકો જ નથી,

માટે જાગૃત થાઓ, જાગૃત થાઓ.

વર્તમાનકાળ જ એકમાત્ર તક છે. બોધિપ્રાપ્તિ સુલભ નથી, તેથી આત્મકલ્યાણ માટે તીવ્રતાથી કમર કસો. અહીં કાળના કાળની મુદ્રાઓ આ જ વાતને કહે છે. આપણી શારીરિક, વાચિક અને માનસિક વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ સાક્ષી પૂરે છે કે આપણે ઘેનમાં છીએ, પ્રમાદમાં છીએ અને એના ફળરૂપે જ રાગજન્ય દુઃખો અને દ્વેષજન્ય સંતાપો અનુભવીએ છીએ. આજથી હવે મારો આત્મા નવા કર્મોથી બંધાય નહિ અને જૂનાં કર્મો ખરી પડે તેવા જ વચનો હું બોલીશ, તેવા જ વિચાર કરીશ અને તેને અનુરૂપ વ્યવહારને જ આચરીશ.

## પ્રતિક્રમણ એટલે...

દોષની કબૂલાત અને દોષથી પાછા ફરવાની ક્રિયા.
વિચારની હિંસાથી દૂર રહેવા માટે
અનેકાન્ત સિદ્ધાંતના મતનો આશ્રય અનિવાર્ય છે.
સત્યને અનેક બાજુએથી જોઈ શકે,
બીજાના વિચારમાંથી તે શોધવા - સમજવા પ્રયત્ન કરવો
અને તેનો સ્વીકાર કરવો, તે સૂક્ષ્મદૃષ્ટિની અહિંસા છે.
આત્માની અનંત શક્તિ છે અને
તેનો મનુષ્યે પોતે જ વિકાસ કરવાનો છે.
પૂર્ણ વિકાસનું નામ 'પરમાત્મપદ' છે.

## અહિંસા, કરુણા અને દાન

અહિંસા, કરુણા અને દાનને પરસ્પર સંબંધ છે.
જૈનોની અહિંસા - બૌદ્ધોની કરુણા તથા
વેદાંતનું અન્નદાન આચારમાં એક થઈ જાય છે.
અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને
અપરિગ્રહનું પાલન કરવું. આ પાંચે પાંચ મહાવ્રતો
જૈનો - બૌદ્ધો - વેદાંતી બધાંને એકસરખાં ગ્રાહ્ય છે,
માત્ર પ્રધાનતા - ગૌણતાની અપેક્ષાએ ભેદ પડે છે.
જૈનોની અહિંસામાં કરુણા તથા દાન સમાઈ જાય છે.

## માથું મૂકવું એટલે શું?

શિર કાપીને મૂકવાની વાતનો અર્થ એ છે કે
માણસમાંના અહંકારનો નાશ કરીને
એ ઈશ્વરને શરણે ધરવાની વાત છે.
આવરણ દૂર થાય, ત્યારે
સત્સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રાપ્ત થાય.
માનવદેહે એ એક મોટી ઘટના છે.
એ ચૈતન્ય છે, માટી નથી.

ચીજના અંદર છે, એનો અનુભવ લેવાનો છે.
તે મળ્યાં પછી આત્મારૂપે એ અન્યને જોતો થાય છે,
ઘરેણાંના ઘાટને નહિ પણ અંદરના સોનાને જુએ છે.
અંદરના આત્મદ્રવ્યને એ જુએ છે અને
અહીં વ્યક્તિધર્મમાંથી સમષ્ટિધર્મ પ્રકટે છે, શરૂ થાય છે.
ભવ એટલે પરવસ્તુની પરતંત્રતા, સોપાધિક જીવન.
મોક્ષ એટલે આત્મસ્વાતંત્ર્ય અર્થાત્ નિરૂપાધિકપણું,
તેનો ઉપાય મોહનો ક્ષય. મોહ = Hypnotise થવું,
પરવસ્તુમાં મૂંઝાવું, પરવસ્તુના આસક્તિને વશ થવું.
મોક્ષ એટલે... પરવસ્તુના સંમોહનની અસરથી
સર્વથા મુક્ત થવું તે. ત્યાં સંપૂર્ણપણે સ્વાતંત્ર્ય છે.

મોક્ષમાર્ગ એટલે...

પરવસ્તુના માનસિક બંધનથી છૂટવાની ક્રિયા.
પછી તે ક્રિયા દાન હો, શીલ હો, તપ હો કે ભાવ હો
અથવા જ્ઞાન હો કે દર્શન હો, ચારિત્ર હો કે પરાક્રમ હો.

યસ્ય નાઽસ્તિ પરાપેક્ષા, સ્વભાવાઽદ્વૈતગામિનઃ ।
તસ્ય કિં નુ ભયભ્રાન્તિક્લાન્તિસન્તાનતાનવમ્ ॥

ભગવાન રાગી-દ્વેષી નથી પરંતુ ભક્ત રાગ-દ્વેષવાળો છે,
તેથી તેને ફળ અવશ્ય મળે છે.
ભગવાન ઉપરનો રાગ તેને વીતરાગ બનાવે છે અને
ભગવાન ઉપરનો દ્વેષ તેને ભવભ્રમણ કરાવે છે.

સુખ - દુઃખની અંતિમ વ્યાખ્યા

સર્વં પરવશં દુઃખં, સર્વમાત્મવશં સુખં ।
સ્વાતંત્ર્ય તે સુખ અને પારતંત્ર્ય તે દુઃખ.
'બધું પરવશ તે દુઃખલક્ષણ, સ્વવશ તે સુખ કહીએ.'

પરમાત્મા = આત્માની વિશુદ્ધ અવસ્થા.
જે આત્મા મોક્ષને ઝંખે, તે અવશ્ય પરમાત્મા બને જ.
ઘાતીકર્મ, આત્મગુણનો ઘાત કરનાર, આત્મગુણને બાધા
પહોંચાડનાર તીર્થંકરોને ૪ અઘાતી કર્મો બાકી રહે છે
અને તે કિંચિત્ શારીરિકાદિ બાધાકારક રહે છે,

પરન્તુ કર્મો એવા જે લોકોપકાર થાય છે, તે ઘણી મહાન હોય છે, તેથી પ્રશસ્ય છે, ઉપાદેય છે, પૂજ્ય છે. તીર્થંકર નામકર્મ પણ અઘાતી કર્મ છે અને તે વડે ત્રણ લોકનો ઉદ્ધાર કરનારું તીર્થ ઉત્પન્ન થાય છે તથાભવ્યત્વ, તે તે પ્રકારે થવાની યોગ્યતા, અનિયત પ્રકારે થવાની યોગ્યતાનું કોઈ કારણ નથી, પરન્તુ તે જીવનો સ્વભાવ છે, સ્વભાવને કોઈની જરૂર ન પડે. પથ્થરના જ કારણથી અગ્નિ ઉષ્ણ અથવા જલ શીતલ હોય છે, તેથી તે સ્વભાવ છે. આત્માનાં કર્મગ્રહણ કરવાનો સ્વભાવ પણ કોઈએ પેદા કરેલો નથી.

**જિનપ્રતિમા કરતાં પણ ભગવાન અધિક કેમ?**

જિનપ્રતિમા આદિ વિધિપૂર્વક સેવન કરનારને તે ભાવાનુકૂળ ફળ આપે છે, પરન્તુ તે બધા કરતાં વીતરાગનું સ્મરણ, જાપ, ધ્યાન, પૂજા વગેરેથી અધિષ્ઠાયકો શીઘ્ર પ્રસન્ન થાય છે તથા ઓછામાં ઓછા કષ્ટે ભાગ્ય મુજબ ફળ મેળવી આપવામાં સહાયક બને છે અને નવું ભાગ્ય પણ સર્જાવી આપે છે. નવાં કર્મો બંધાય નહિ, બંધાયેલ શુભ કર્મોની ફળ આપવાની શક્તિ વધે, અશુભની શક્તિ ઘટે યા નાશ પણ પામે.

# વીતરાગની ઉપાસનાથી શું બને ?

દેવ - વીતરાગ, ગુરુ - વિરક્ત અને ધર્મ - ત્યાગ,
તેના પાસે ભૌતિક સુખની માંગણી અઘટિત છે.
વૈરાગ્ય અને ત્યાગ એ વીતરાગભાવનાં જ અંશ છે.
જેમ અગ્નિથી આપણે ગરમી મેળવીએ છીએ, અન્ય
પદાર્થને ગરમ કરીએ છીએ અને તેનાથી જુદા જુદા
ફાયદાઓ થાય છે, તેમ વીતરાગસેવાથી આપણામાં
વીતરાગની ભાવનાનાં અંશરૂપે વૈરાગ્ય અને ત્યાગની
ભાવનાઓ પરિણમાવવાની ધ્યેય છે તથા અંતે આપણા
બહિરાત્મભાવને અંતરાત્મભાવ રૂપે પરિણમાવીને
પરમાત્મસ્વરૂપ બનાવવાનો ધ્યેય છે.

જેમ ચિન્તામણિની આરાધનાથી
અધિષ્ઠાયિકાદિ દ્વારા જુદા જુદા ફળની પ્રાપ્તિ થાય છે
અને અગ્નિના સેવન દ્વારા
તેની ઉષ્ણતા આપણામાં પરિણમે છે, તે યાવત્
વસ્તુને અગ્નિરૂપે પણ પરિણમાવી શકીએ છીએ,
તેમ વીતરાગની ઉપાસનાથી
આપણે આપણા આત્માને ત્યાગી, વિરાગી બનાવીને
યાવત્ વીતરાગી પણ બનાવી શકીએ છીએ.

'જિનવર - જિનઆગમ એક રૂપે,
સેવંતા ન પડો ભવકૂપે' - ૪૫ આગમપૂજા.

જ્ઞાન અરૂપી છતાં અક્ષરોથી વ્યક્ત કરી શકાય, તેમ
મૂર્તિ દ્વારા પણ વીતરાગતાદિ ગુણો પ્રત્યક્ષ કરાય છે.
નામ વડે જેમ નાદાનુસંધાન થઈ શકે છે,
તેમ મૂર્તિ વડે જ્યોતિનું અનુસંધાન કરી શકાય છે.
જેમ નામ એ નાદનું પ્રતીકરૂપ છે,
તેમ મૂર્તિ એ જ્ઞાનજ્યોતિનું પ્રતીકરૂપ છે.
મૂર્તિ એ અમૂર્ત પરમાત્માનું મૂર્ત સ્વરૂપ છે.
જ્યોતિ જ્ઞાનમય છે અને જ્ઞાન આત્મમય છે.
એનો અનુભવ એ પરમાત્માનું પ્રત્યક્ષ દર્શન છે અને
એ જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. નિરંજન, નિરાકાર,
અરૂપી ભગવાનના જ્યોતિર્મય સિદ્ધસ્વરૂપનું ધ્યાન
જ્યોતિર્મય વસ્તુઓના આલંબન દ્વારા કરી શકાય છે.
અસંખ્ય ચંદ્રો કરતાં અધિક નિર્મળ,
અસંખ્ય સૂર્યો કરતાં અધિક પ્રકાશકર અને
અસંખ્ય સમુદ્રોની ગંભીરતા કરતાં ય અધિક ગંભીર
એવું સિદ્ધસ્વરૂપ પરમાત્મમૂર્તિના ધ્યાનમાં
તન્મય બનવાથી અનુભવી શકાય છે.

દર્શન એ ચંદ્ર જેવું નિર્મળ છે,
જ્ઞાન એ સૂરજ જેવું પ્રકાશક છે અને
ચારિત્ર એ સાગર જેવું ગંભીર છે.
આ રત્નત્રયીની પૂર્ણતાને પામેલા સિદ્ધ પરમાત્માનો
સાક્ષાત્કાર કરવાનું સાધન પ્રભુનું નામ અને મૂર્તિ છે.

મનનું મૂળસ્વરૂપ સરળ...

મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાસ્વરૂપ છે.
જેમજેમ રાગ-દ્વેષ ઓછાં થતાં જાય છે, તેમ તેમ
મૈત્રી આદિના નિર્મળ તરંગો પ્રગટ થતાં જાય છે
અને સંકુચિત મનને વિશાળ બનાવે છે.

મૂળવિચાર કોને કહેવાય?

મૂળવિચાર = સંકુચિત મનને વિશાળ બનાવવાની પ્રક્રિયા.
સાચો હીરો આત્મા છે અને તે અંતરમાં ખોજ કરવાથી
જ મળે છે. સુખ બાહ્યસંપત્તિમાં નહિ - આત્મામાં છે,
તેની શોધ આત્મામાં જ કરવી જોઈએ.
સ્વસ્વરૂપના આનંદમાં લીન બનવા માટે
આરાધના, સાધના તથા આચારનો ત્રિવેણી સંગમ જોઈએ.

વાસના ઉપર વિજય મેળવવા માટે
દાન, દમન અને દયાની ત્રિવેણી અનિવાર્ય છે.

ભક્તિ એ પ્રજ્ઞાની સ્થિતિ છે અને
મનુષ્યની પ્રજ્ઞા જો સંવેદનશીલ હોય,
તો જ ભગવાનની વિભૂતિનું પ્રકૃતિ
આકારમાં નિરાકારનું દર્શન થઈ શકે.
આસ્તિક દર્શનોમાં દાર્શનિક ક્ષેત્રે ભિન્નતા હોવા છતાં
આચરણના ક્ષેત્રે એકતા પ્રવર્તે છે.
હું કોણ? જગત શું? દુઃખ શા માટે? મુક્તિ શા રીતે મળે?
આ પ્રશ્નો આધ્યાત્મજ્ઞાન તરફ લઈ જાય છે.
જૈનદર્શન બુદ્ધિ (ગમ્ય) અને અનુભવ, ઉભયગામી છે.
જેનું ચિન્તન દીર્ઘકાળ સુધી થાય,
તે વસ્તુ પોતાનામાં ખેંચાઈ આવે.
દોષદૃષ્ટિ દોષનું - ગુણદૃષ્ટિ ગુણનું ચિંતન કરાવે છે,
તેથી તેનું પરિણામ પણ અનુક્રમે
દોષોની અને ગુણોની વૃદ્ધિમાં જ આવે છે.
જ્ઞાન વિ૦ કૃત ચૈત્યવંદનમાં કહ્યું છે કે:
નામે તો જગમાં રહ્યો, સ્થાપના પણ તિમ હી,
દ્રવ્યે ભવમાંહે વસે, પણ ન કળે કિમ હી ...(૧)
ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવન મેં ત્રિકાળે;
તે પારગને વંદીએ, ત્રિહું યોગે સ્વભાવે ...(૨)

## અર્હં એટલે...

પરમેષ્ઠિવાચક, જિનરાજવાચક, બ્રહ્મવાચક, નાદવાચક,
ત્રૈલોક્યવાચક અને સિદ્ધચક્રનું બીજ આદિ વાચક છે.
જિનરાજ, જિનવર, જિનોમાં રાજા, જિનોમાં શ્રેષ્ઠ.

## અર્હંમાંથી જન્મે અનાહત નાદ

અર્હં અક્ષરમાં તન્મયતા થતાં
અનક્ષર એવો અનાહત નાદ ઉત્પન્ન થાય છે.
'ૐ શ્રીં હ્રીં અર્હં નમઃ ।' એ મંત્ર છે.
સકલાર્હત્ = કલા સહિત અ, ર, હ અક્ષરો છે.
આગમસૂત્રોના મૂળપાઠમાંથી નીકળેલાં દોહન
આગમ અને તેના સારરૂપ નવકાર એ મંત્ર છે.

## આગમસૂત્રના પાંચ અંગ

ચૂર્ણિ, ભાષ્ય, નિર્યુક્તિ, વૃત્તિ અને પરંપરાગત અનુભવ.
શબ્દ બ્રહ્મવાચક છે અને પરબ્રહ્મ એ તેનું વાચ્ય છે.

## નામજપથી શું ન મળે ?

પરમાત્માનું નામ એ પરમાત્માનો મંત્રાત્મક દેહ છે.
નામ દ્વારા ભાવઅરિહંતનાં દર્શન થાય છે.
અરિહંત પરમાત્માનું ભાવથી દર્શન એટલે...
પોતાના આત્માને અરિહંતસ્વરૂપે જોવો તે.

વૈખરી વાણી સ્પષ્ટોચ્ચારવાળી હોય છે,
ઉપાંશુ વાણી કંઠગતા છે, પશ્યંતી હૃદયગતા છે અને
પરાવાણી નાભિગતા છે, તેમાં સમાપત્તિ સિદ્ધ થાય છે.
ધ્યાતા પોતાના આત્માને પરમાત્મસ્વરૂપે નિહાળે છે.

નામ અને આકૃતિ એ

વસ્તુના પર્યાયરૂપ હોવાથી વસ્તુમાં જ રહે છે.
નામ દ્વારા અર્થ ગુણનું ગ્રહણ થાય છે અને
સ્થાપના દ્વારા અનંતગુણોનું ગ્રહણ થાય છે.
સાક્ષાત્ જિનેશ્વરોના દર્શન, વંદન, પૂજન, ધ્યાનાદિ જે ફળ
મળે છે, તે તેમની મૂર્તિના દર્શનાદિથી ય મળે જ છે.
દર્શન વડે તેમની પ્રભુતાનું ભાન થાય છે.
ગુણથી ઉત્કૃષ્ટતા હોવાના કારણે
સ્વાત્મામાં રહેલી પ્રભુતાનું ભાન થાય છે.
તેને પ્રગટાવવા રુચિ (પ્યાસ), આદર,
બહુમાન અને વીર્યોલ્લાસ વડે તન્મયતા સિદ્ધ થાય છે.
દ્રવ્યતીર્થંકરનું મિલન = ચતુર્વિધ સંઘનું દર્શન, પૂજનાદિ.
'હૃદયમાં પરમાત્મા બિરાજમાન થાય છે' તેનો અર્થ
સાધકના હૃદયમાં તે સમયે પરમાત્માનો ભાવ વર્તે છે,
તે જ ભાવપરમાત્મા છે.

## જિન કોણ બની શકે?

અરિહંતના વિરહમાં પણ અરિહંતના ગુણોમાં
ઉપયોગવાળા સાધકના દેહમાં ભાવઅરિહંત વર્તે છે,
તેથી ભાવરૂપે અરિહંતનો વિરહ નથી.
જે આગમથી ભાવનિક્ષેપે અરિહંત બને છે,
તે જ નોઆગમથી અરિહંત બની શકે છે.
જે સ્વયં જિનસ્વરૂપ થઈ
જિનનું સતત ધ્યાન કરે છે, તે જિન બને છે.

દ્રવ્યતીર્થ એટલે...

દાહનો ઉપશમ, તૃષાનો છેદ અને મળનું ધોવું તે.
ક્રોધનો નિગ્રહ તે દાહોપશમ છે,
લોભનો નિગ્રહ તે તૃષ્ણાનો છેદ છે.

ભાવતીર્થ એટલે...

તપ અને સંયમ દ્વારા બહુભવસંચિત
અષ્ટવિધ કર્મરજનું પ્રક્ષાલન. 'યત્ર તત્ર રતિઃ નાથ !'
પ્રત્યેક બનાવને અંતરથી ચાહો,
તે હંમેશાં સારા માટે જ હોય છે,
કેમકે તેના ઉપર પ્રભુત્વ પ્રભુનું છે.
પાંચ સમવાય કારણોમાં મુખ્ય કારણ પરમાત્મા છે.

मौनवानेव ध्यानदिनः स्यात् ।
अत्राऽस्तमेति सहसा सकलोऽपि हि वाक्परिस्पन्दः ।

જે પ્રભુનું નામ લે છે,
તે બોલતો નથી પણ મૌનનું જ સેવન કરે છે.
મૌન એ મન-વચન-કાયાનું પાપમાર્ગે અપ્રવર્તન છે.
દયા, કરુણા, અહિંસા, ક્ષમા - સર્વે સ્ત્રીલિંગવાચી છે.
અહિંસામાં પ્રેમ, જ્ઞાનનો પ્રકાશ, વાત્સલ્ય ભરેલાં છે,
તેમાં સદાચારની સુવાસ - શુદ્ધિનું સંગીત રહેલું છે,
અહિંસામાં તપ - ત્યાગ રહેલા છે અને સંયમની સાથે
દૃષ્ટિની વિશાળતા અને સત્યની પક્ષપાતિતા રહેલા છે.
વિશ્વકલ્યાણના મહાકાર્યમાં
એક અહિંસા જ મોખરે રહેલી છે, તેથી
તે જગતજનની - માતાના રૂપમાં પૂજ્યતમ છે.
જ્યારે ઈશ્વરમાં પૂર્ણ પ્રીતિ, વિષયોમાં દોષદૃષ્ટિ
અને અંતઃકરણની નિર્મળતા હોય છે, ત્યારે ઇંદ્રિયો
પોતાના વિષયોથી અલગ રહે છે. પ્રત્યાહાર સિદ્ધ થવાથી
આત્મસ્વરૂપમાં પ્રીતિ, અંતઃકરણની પ્રસન્નતા,
દુર્બળતાનો નાશ અને ધારણા - ધ્યાન તથા સમાધિમાં
પ્રવેશ કરવાને લાયક સ્થિરવૃત્તિ સધાય છે.

## ચિત્રકલાઓના અનેક સ્થાન

પંચ મહાભૂતની ચિત્રકલા, પાંચ જ્ઞાનેન્દ્રિયની ચિત્રકલા,
નખથી શિખ પર્યંત શરીરના અવયવોની ચિત્રકલા,
આધિદૈવિક, આધિભૌતિક, આધ્યાત્મિક રીતની ચિત્રકલા.
ચિત્રકલાના સ્થાનોમાં એકચિત્ત થવું, તે જ 'ધ્યાન' છે.
ધ્યાનવેળા હૃદયાકાશમાં દેવ-દેવીઓનાં દર્શન થાય છે,
ભૂતાકાશમાં ભૌતિક પદાર્થનાં દર્શન થાય છે અને
ચિદાકાશમાં વૃત્તિ બ્રહ્માકાર થઈ બ્રહ્મનું જ્ઞાન થાય છે.
ખરું ધ્યાન ષટ્ચક્રોની ચિત્રકલા કરી,
ચક્રોના દેવી-વર્ણો આદિનું ધ્યાન કરી,
સુષુમ્ણામાર્ગ દ્વારા સહસ્ત્રદલકમળમાં જઈ, ત્યાં
સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરવી તે છે. દરેક ચક્રોમાં દેવીને
પ્રેમથી પ્રણામ-ભાવથી પૂજન કરી આગળ વધવાનું છે.

## શરીરના પાંચ કોષ

અન્નમય કોષની અશુદ્ધતા એ મળ છે,
પ્રાણમય કોષની અશુદ્ધિ એ વિકાર છે,
મનોમય કોષની અશુદ્ધિ એ વિક્ષેપ છે,
વિજ્ઞાનમય કોષની અશુદ્ધિ એ આવરણ છે અને
આનંદમય કોષની અશુદ્ધિ એ અસ્થિરતા છે.

યોગનું પ્રથમ પગથિયું વાસનાનો નિરોધ,
ઈચ્છા, આશા અને સ્પૃહારહિતપણું,
અપરિગ્રહવૃત્તિ અને એકાંતનું સેવન છે.
<u>યોગની સિદ્ધિમાં આવશ્યક અંગો ૬ છે:</u>
ઉત્સાહ, સાહસ, ધૈર્ય, તત્વજ્ઞાન,
નિશ્ચય અને જનસંગનો ત્યાગ.
આત્મોત્સર્ગવાળું આસક્તિરહિત - વૈરાગ્યવાળું ચિત્ત હોય,
તો કાર્યની સિદ્ધિ શીઘ્ર થાય છે.
નાભિકંદ નાભિ પ્રદેશનો વાયુ વાસનાત્મક છે,
તેને ઉલ્ટાવી સુષુમ્ણામાં લઈ જવાનો છે.
સુષુમ્ણા અગ્નિસ્વરૂપ છે. જ્યાં અગ્નિ હોય, ત્યાં વાયુ પાતળો પડી જાય છે અને વાસનાઓ બળી જાય છે.
ધ્યાન વખતે પગની એડી શિવની નીચે રાખીને બેસવું, ધ્યાન શ્વાસના પ્રત્યેક વખતમાં ઇષ્ટના નામમંત્રનો જપ કર્યા કરવો. સૂતી વખતે શવાસન કરી વૃત્તિને પાછળ પાછળ હટાવવાનો પ્રયાસ કરતાં સૂઈ જવું.
મન એ અનાજના સૂક્ષ્મ પરમાણુનું બનેલું હોય છે,
એ પરમાણુઓ જ્યારે બળી જાય,
ત્યારે મન નિર્વાસનિક બને છે.

## ચિદાકાશનું માપ

ઉદરનો ૦।। (અર્ધો) ભાગ અન્નથી, ૦। (પા) ભાગ જળથી
અને ૦। ભાગ ખાલી રાખવાથી ચિદાકાશ થાય છે,
તે વડે યોગાભ્યાસ સુખપૂર્વક થઈ શકે છે.
વૃત્તિ જ્યારે ભૂતાકાશથી જોડાય, ત્યારે જગત દેખાય,
હૃદયાકાશથી વૃત્તિ જોડાય, ત્યારે દેવ-દેવીનાં દર્શન થાય
તથા ચિદાકાશમાં વૃત્તિ જોડાય, ત્યારે બ્રહ્મજ્ઞાન થાય છે.
જે નાડીમાં જવા વડે બ્રહ્મજ્ઞાન થાય,
તે નાડીનું નામ પણ બ્રહ્મનાડી - સુષુમ્ણાનાડી છે.

## પૂર્વ દ્વાર, પશ્ચિમ દ્વારની ઓળખ

હૃદયાકાશમાં પ્રાણ અને મનને જોડવાથી પણ વૃત્તિ
સ્થિર થાય છે અને સ્વસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.
ત્યાં કુક્કુટના ઇંડ પ્રમાણ રક્ત વર્ણનું એક કમળ
નાભિથી દશ આંગુલ ઊંચે છે, એને 'ચિત્કુંડ' પણ કહે છે.
ત્યાં પ્રાણ - અપાન બે દ્વારપાળ છે,
જેઓ કોઈને અંદર જવા દેતાં નથી.
મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ સનકાદિ છે, તે
પ્રાણવૃત્તિને ઉપર ખેંચે છે, અપાન નીચે ખેંચી જાય છે.
વચમાં જે બ્રહ્મપુર - ચિત્કુંડ છે, ત્યાં જવા દેતી નથી.

ઇંદ્રિયો અને વૃત્તિઓને જીતી લીધી છે,
તે જ ત્યાં પ્રવેશ કરી શકે છે.
તે માટે સદ્ભાવપૂર્વક ગહ્રસીયા - એ ખરો ઉપાય છે.

વીસ સ્થાનક ઉપર અનન્ય શ્રદ્ધા

અરિહંત, સિદ્ધ, પ્રવચન, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય,
સાધુ, જ્ઞાન, દર્શન, વિનય, ચારિત્ર (સંવર),
શીલ (ક્રિયારૂપી દોટ), સમાધિ, તપ (નિર્જરા-અલંકાર),
(સંવરથી નવાં કર્મ બંધાતાં અટકે અને
નિર્જરાથી જુનાં કર્મનો નિકાલ થાય), દાન (ગૌતમ),
વૈયાવચ્ચ, સંયમ, અભિનવ જ્ઞાન, શ્રુત અને તીર્થ.
ગૌતમે ચારિત્ર અને કેવળજ્ઞાનનું દાન કર્યું.
જિન = વિહરમાન ભગવાન.
ચારિત્ર = સર્વવિરતિ, સંયમ = ઇંદ્રિય - મનનો સંયમ,
સમાધિ = સંઘ - સાધુને વૈયાવચ્ચ આદિ
સેવાશુશ્રૂષા વડે પરાર્થવૃત્તિ કેળવાય છે.
શ્રુત = જિનાગમ, તીર્થ = સ્થાવર તથા જંગમ.
ઉપરોક્ત ૨૦ સ્થાનકો ઉપર અનન્ય શ્રદ્ધા રાખવી.
ભાવથી જ દેવો પ્રસન્ન થાય છે.
દેવો ભાવનાં ભૂખ્યા છે માટે ખૂબ ભાવથી અનુષ્ઠાન કરવા.

પ્રવાહથી નવકાર અને કરેમિ ભંતે સૂત્ર અનાદિ છે
અને તીર્થની અપેક્ષાએ ગણધરકૃત છે.

નમો અરિહંતાણંમાં નમો એ પાપને શોષે છે, અરિહંત પુણ્યને પોષે છે તથા આણં નિર્જરા કરાવે છે. નમો વડે મનનું તારણ, અરિહંત વડે વારણ, તાણં વડે મનનું મારણ થાય છે. 'નમો' એ પુણ્યનો ગુણાકાર, પાપનો ભાગાકાર અને મોક્ષનો સરવાળો કરે છે. સમર્પણ એ જીવનનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. 'નમો' પદ દ્વારા તે અભિવ્યક્ત થાય છે, તેના પાછળ વિશ્વકુટુંબની ભાવના રહેલી છે. 'નમો' મંત્રનો વિનિયોગ સમસ્ત સત્ત્વવિષયક સ્નેહનો પરિણામ છે. જેમને નમવામાં આવે છે, તે બધા વિશ્વપુરુષ છે. નમનામાં રહેલો ધર્મ એ વિશ્વવ્યાપી છે.

ૐ મારા મનમાં - મારી વસ્તીમાં

Om is just a sound, meaningless, only a symbol of Almighty.

ૐ શબ્દ સર્વવ્યાપી છે, મહામંગળનો વાચક છે.
ૐ મારા મનમાં સ્થિર થાઓ અને
મારું મન મારી વસ્તીમાં સ્થિર થઈ જાઓ.

## ૨૪ તીર્થંકરોના નામનો ગૂઢાર્થ

(૧) ઋષભદેવ : સંયમભાર વહન કરવાને વૃષભ સમાન.

(૨) અજિતનાથ : પરિષહાદિથી નહિ જીતાયેલ.

(૩) સંભવનાથ : જેની સ્તુતિથી સુખ થાય તે.

(૪) અભિનંદન : દેવેન્દ્રો વડે અભિનન્દિત.

(૫) સુમતિનાથ : સુશોભિત મતિવાળા.

(૬) પદ્મપ્રભુ : પદ્મ જેવી પ્રભાવાળા.

(૭) સુપાર્શ્વનાથ : સારા પડખાવાળા.

(૮) ચંદ્રપ્રભુ : ચંદ્ર સમાન સૌમ્ય કાંતિવાળા.

(૯) સુવિધિનાથ : સર્વ વિધિમાં કુશળ.

(૧૦) શીતલનાથ : જીવોના સંતાપને શાંત કરનારા.

(૧૧) શ્રેયાંસનાથ : વિશ્વને શ્રેયરૂપ - હિતકર.

(૧૨) વાસુપૂજ્ય : વસુ નામના દેવોથી પૂજિત.

(૧૩) વિમલનાથ : નિર્મળ જ્ઞાનાદિવાળા.

(૧૪) અનંતનાથ : અનંત કર્મોનો ક્ષય કરનારા અને અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયવાળા.

(૧૫) ધર્મનાથ : દુર્ગતિમાં પડતાં જીવોને ધારણ કરનારા.

(૧૬) શાંતિનાથ : શાંતિસ્વરૂપ, શાંતિકારક.

(૧૭) કુંથુનાથ : પૃથ્વી ઉપર રહેલાં.

(૧૮) અરનાથ : કુળવૃદ્ધિમાં હેતુરૂપ આરાવાળા.

(૧૯) મલ્લિનાથ : પરિષહાદિ મલ્લને જીતનારા.

(૨૦) મુનિસુવ્રત : સારા વ્રતવાળા મુનિ.

(૨૧) નમિનાથ : પરિષહાદિને નમાવનારા.

(૨૨) નેમિનાથ : અરિષ્ટ-પાપ દૂર કરવામાં ચક્રધારા-સમાન.

(૨૩) પાર્શ્વનાથ : સર્વ ભાવોને જોવાવાળા.

(૨૪) વર્ધમાન મહાવીર : જન્મથી જ્ઞાનાદિ વડે વધતાં.

Dt. 13/4/74

V.V. Imp.

શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ શ્રેષ્ઠ શબ્દ કયો ?

એ સિદ્ધ હકીકત છે કે : શબ્દવિજ્ઞાનની દૃષ્ટિએ
શ્રેષ્ઠ શબ્દ અર્હં - અરિહંત છે.

શબ્દ જેવી કોઈ શક્તિ વિશ્વમાં છે નહિ.
પ્રભાવભૂત શબ્દ કયો? નામની નૈસર્ગિક શક્તિ કેટલી?
વિશ્વતંત્રની સાથે તેનો સંબંધ શો?
જગતમાં ઔષધ ઘણું છે, કિન્તુ
નામની તોલે આવે, એવું ઔષધ એક પણ નહિ.
ઔષધમાં જેમ પથ્યનું પાલન જરૂરી છે,
તેમ 'નામ' રૂપી ઔષધસેવનમાં પણ નિષ્ઠા-નિયમિતતા,
તપ, સંયમ, સદાચાર, અહિંસા, દયાદિ પથ્યના સ્થાને છે.

સુકૃતઅનુમોદન - દુષ્કૃતગર્હાપૂર્વક નવકારમંત્રનું શરણ
વૈમાનિક દેવગતિને યોગ્ય આરાધનાનું ભાથું બને છે.
ભાવ એ ભગવાન છે અને ભક્તિ એ ભગવતી છે.

સ્તુતિ - સ્તવન - સ્તોત્રના પ્રભાવે પણ
વૈમાનિક દેવગતિને યોગ્ય આરાધના થઈ શકે છે.

શ્રુતના શબ્દનો પણ અનુગ્રહ છે,
એથી અણાહારી યોગ - ક્ષેમ જીવનમાં થાય છે.
શબ્દની શક્તિ માનનારનાં દૃષ્ટાંતો આજે પણ
બંગાળમાં ચૈતન્યપ્રભુ, બ્રાહ્મોસમાજ તથા રાધેશ્યામવાળા
કૃષ્ણ ભક્તો તથા રમણ મહર્ષિનાં છે. સ્વામી રામતીર્થ
પણ એક ૐકારના પ્રભાવથી આશ્ચર્યકારક કાર્યો કરતાં.

શબ્દ એજ શ્રુતધર્મ છે અને
એના વડે જ ચારિત્રધર્મના સોપાન ઉપર ચઢી
સર્વતંત્ર સ્વતંત્ર એવા સિદ્ધપદને મેળવી શકાય છે.
સિદ્ધપદમાં 'દ' અને 'ધ' બે શબ્દો સૂચવે છે કે:
દમ, દયા, દાન વડે થતો ધર્મ એ સિદ્ધપદ આપે છે.
દયા એ અંતઃકરણની કોમળ વૃત્તિ છે, તે એકબાજુ
ઇંદ્રિયોનાં સુખોના ત્યાગરૂપ દમને અને બીજીબાજુ
બાહ્યસંપત્તિના ત્યાગરૂપ દાનધર્મને પુષ્ટ કરે છે.

## તપ - સંયમપૂર્વક જપ શા માટે?

જૈનદર્શનમાં તપ અને સંયમરહિત જપને સ્થાન અપાયું નથી. તપ તથા સંયમપૂર્વક થતો જપ અભીષ્ટ સિદ્ધિને આપનાર થાય છે. ઈતરો એકાંત જપ ઉપર ભાર આપે છે, તેવું જૈનશાસનમાં નથી. જપની સાથે તપ અને આરાધનાનો યોગ જોઈએ જ.

આરાધના યોગમાં દાન, દયા, અહિંસા અને
સર્વ પ્રકારના સંયમયોગો સમાઈ જાય છે.

જપમાં એકાગ્રતા આવતા ગયા પછી સ્વાનુભૂતિ, ભૂતકાળ તથા ભાવિનું જ્ઞાન વગેરે થવા લાગે છે. જેમ સદાચારના અભાવે જપ નિષ્ફળ જાય, તેમ આત્મલક્ષના અભાવે સદાચાર પણ ધાર્યું ફળ ન આપે. એ રીતે થતો જપ એ યોગનો પણ યોગ - મહાયોગ પરમ સ્વાધ્યાય છે, દ્વાદશાંગના સારનો પણ સાર છે.

દ્વાદશાંગીનો સાર મનોગુપ્તિ છે અને
મનોગુપ્તિનો સાર 'નમો અરિહંતાણં !' પદ છે.

### સમાધિની ચાર દશામાં...

ઉન્મની દશા જઘન્ય છે, મહોન્મની દશા મધ્યમ છે, પરમોન્મની દશા ઉત્કૃષ્ટ, સર્વોન્મની દશા સર્વોત્કૃષ્ટ છે.

## ષડાવશ્યકમય અને પંચાચારમય જૈનધર્મ

તનને જેમ સ્નાન, વસ્ત્ર, આભરણ, નિધાન, ભોજન અને
પાનની જરૂર છે, તેમ આત્મા અને મનને માટે પણ
એ છ એ છ વસ્તુ અનિવાર્ય છે.

સામાયિક = નિધાન, તેથી ચારિત્રાચારની શુદ્ધિ થાય.
ચઉવિસત્થો = આભરણ, તેથી દર્શનાચારની શુદ્ધિ થાય.
ગુરુવંદન = વસ્ત્ર, તેથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે.
પડિક્કમણું = સ્નાન, તેથી બધા આચારની શુદ્ધિ થાય.

જેમ સ્નાન વિના વસ્ત્ર પહેરાતું નથી, તેમ
દુષ્કૃતગર્હારૂપી પ્રતિક્રમણ વિના ગુરુવંદન શોભતું નથી.

પચ્ચક્ખાણ એ ભોજન છે અને
પ્રાંતે કાયોત્સર્ગ એ પાન છે.

કાયોત્સર્ગથી વિશેષ શુદ્ધિ થાય છે, તેથી તૃષા છીપે છે.
પચ્ચક્ખાણ વડે યમ-નિયમાદિ સુકૃતોનું સેવન થાય છે,
તેથી તે ભોજનના સ્થાને છે અને
તેથી તપાચારની શુદ્ધિ થાય છે.

વીર્યાચારની શુદ્ધિ સર્વ દ્વારા થાય છે, કેમકે દરેક
આચારના પાલનમાં અને દરેક આવશ્યકના સેવનમાં
મન - વચન - કાયાનું છતું બળ - વીર્ય વાપરવું પડે છે.

Imp

એક નવકારમાં ગર્ભિત રીતે
સામાયિક, ચઉવિસત્થો, ગુરુવંદન, પ્રતિક્રમણ,
કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ ગુંથાયેલા છે,
કેમકે તે શ્રુત અને સમકીત સામાયિક રૂપ છે અને
તે બંને વિરતિ સાથે સંબંધિત છે.

| | | | | |
|---|---|---|---|---|
| સામાયિક | = | વિધાન | - | આત્મરમણતા |
| ચઉવિસત્થો | = | આભરણ | - | ચતુઃશરણ |
| ગુરુવંદન | = | વસ્ત્રપરિધાન | - | સુકૃતાનુમોદન |
| પ્રતિક્રમણ | = | સ્નાન | - | દુષ્કૃતગર્હા |
| કાયોત્સર્ગ | = | પાન | - | દુષ્કૃતવર્જન |
| પચ્ચક્ખાણ | = | ભોજન | - | સુકૃતસેવન |

નાનામાં નાની ધર્મક્રિયામાં પણ
છ એ આવશ્યકો અને પાંચે આચારો ગુંથાયેલા છે.

સાધકના 3 ગુણ છે...

અભય, નિઃશંક અને સ્વધર્મનિષ્ઠા.
(અભય) જે નિઃશંક છે, તે નિર્ભય છે.
સમ્યગ્દૃષ્ટિને નીચેના સાતે પ્રકારના ભય હોતાં નથી:
ઈહલોક, પરલોક, આદાન, અકસ્માત,
આજીવિકા, મરણ અને અપયશ - એ ૭ ભયો છે.

## બ્રહ્મને જાણનારાઓથી અધિક કોણ?

આત્મા જ્યારે સંસારની ભાવનાથી મુક્ત થાય,
ત્યારે તે તુરીય અવસ્થા કહેવાય છે.
ભૂતોમાં દેહધારીઓ શ્રેષ્ઠ છે.
દેહધારીઓમાં બુદ્ધિજીવીઓ શ્રેષ્ઠ છે.
બુદ્ધિમાનોમાં મનુષ્યો શ્રેષ્ઠ છે.
મનુષ્યોમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે.
તેમાં પણ વિદ્વાનો શ્રેષ્ઠ છે.
વિદ્વાનોમાં બુદ્ધિ અનુસાર નિશ્ચય કરનાર શ્રેષ્ઠ છે.
નિશ્ચય કરનારાઓમાં પણ કર્મ કરનાર અને
કર્મ કરનારાઓમાં પણ બ્રહ્મને જાણનારા શ્રેષ્ઠ છે.
બ્રહ્મને જાણનારાઓથી અધિક કોઈ છે નહિ.
સાધના વડે બ્રહ્મજ્ઞાન સિદ્ધ થાય છે.

## કાળને જીતવાના ઉપાયો

નિર્ભય, નિર્દ્વંદ્વ, જિતેન્દ્રિય અને પ્રસન્નાત્મા થવું,
નિત્ય - નૈમિત્તિક કૃત્યો વિધિપૂર્વક કરવાં,
હૃદયગુફામાં યોગ દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરવા.
ભ્રૂમધ્યમાં જાપ કરવો, કામથી મુક્ત થવું,
પ્રણવનો જપ કરવો.

પ્રણવના ધ્યાનથી સર્વ જગતના પ્રભુ અને
વિશ્વના ભોક્તા ઈશ્વર પ્રસન્ન થાય છે.
આવી રહેલાં ૐકારને મસ્તકમાં જુઓ.
આત્મશુદ્ધિ માટે પહેલાં પ્રાણનું સંયમન કરી ચિત્તની
વિશુદ્ધિ કરવી. પછી ૐકારને શરીરમાં ધારણા કરવો,
પરમ અમૃતને ૐકાર રૂપે પોતાના શરીરમાં ભરીને પછી
મંત્રમાં શરીરને રથના ધાર જાણવું.
પ્રણવનો ઉચ્ચાર કરતાં પોતાનું શરીર ત્યજે,
તે બ્રહ્મસ્વરૂપ અને કાળનો વિજેતા બને.
પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિની સાથે
વિષ્ણુના પરમપદમાં ચિત્તને સ્થાપવું.
નિષ્કામ મનુષ્યે જો પુનર્જન્મ ન જોઈતો હોય,
તો હૃદયગુફામાં રહેલાં તે અમૃતસ્વરૂપ
પરમાનંદ પરમાત્માને તારકથી (ભ્રૂમધ્યે) ભજવા.
આવો સાધક દીર્ઘાયુ તથા બ્રહ્મવેત્તા થાય છે.
આગાઉ સત જ હતું અને તે જન્માદિનું કારણ છે,
કારણમાંથી ચતુર્વર્ણાત્મક અંકુરજાળ જન્યું,
તે ૐ એ બ્રહ્મ, જે બ્રહ્મજ્ઞાનનું એકમાત્ર સાધન છે.
એ વડે વિદ્વાનો પરમ અમૃતસ્વરૂપ અવસ્થાને પામે છે.

બિન્દુ સહિત પ્રણવ પ્રભાતકાળના સૂર્ય જેવો છે.
બિન્દુની ઉપર શુદ્ધ સ્ફટિક સમાન નાદ છે.
ૐકાર એ પરબ્રહ્મને જોવાની આંખ છે.
ૐકાર એ વાચક છે, તેનું વાચ્ય અમૃતાક્ષર રુદ્ર છે.
નાદમધ્યમાં મહાદેવ છે, તેનું દર્શન એ મૃત્યુનું ઔષધ છે.
ૐકારનું ધ્યાન ધરતાં જે પ્રણવને જપે છે,
તેના આત્મામાં મહાદેવ સતત પ્રકાશે છે. આ મહાદેવ
જ યોગીઓના હૃદયમાં રહેલ સાક્ષાત્ આત્મા છે.

## સાચું જોનાર કોણ ?

ભૂતમાત્રમાં પોતાને તથા પોતામાં ભૂતમાત્રને જોનાર
આત્મયાજી સ્વરાટ થાય છે.
આત્મામાં રહેલાં પરમાનંદસ્વરૂપ પરમાત્માને વિશુદ્ધ
ચિત્તવાળો જે નિત્ય જુએ છે, તે જ સાચું જુએ છે.
જે કોઈ ભૂતમાત્રમાં રહેલ પરમાનંદસ્વરૂપ આત્માને
અથવા ભૂતમાત્રને પોતાના આત્મામાં રહેલ જુએ છે,
તે જ સાચું જુએ છે.
પોતાના દેહમાં રહેલ આત્માને છોડીને
જે બહાર રહેલ પરમાત્માને પૂજે છે, તે હાથમાં રહેલ
રત્નને છોડી દઈને બીજું રત્ન પ્રાપ્ત કરવા ઇચ્છે છે.

જે કોઈ અદ્વૈત પરમાનંદસ્વરૂપ પોતાના આત્માના
'સોઽહં' એવા મંત્રથી ધૂન કરે, તે મૃત્યુંજય થાય છે
અથવા સમાધિનો અભ્યાસ કરીને કાળને જીતવો.
'સમાધિ' એટલે સર્વ આરંભરહિત શૂન્યતા.
એ જ જીવાત્મા અને પરમાત્માની સમતાવસ્થા છે.
સર્વ આરંભનો ત્યાગ કરી
નિત્ય શૂન્યતાનો અભ્યાસ કરવો અને ભય તથા
અભયથી નિર્મુક્ત થઈ પરમ તત્ત્વની અનુભૂતિ કરવી.

(૧) અરિહંતપદનો ઉપકાર (૨) સિદ્ધપદની અવિનાશિતા
(૩) આચાર્યપદનો સદાચાર (૪) ઉપાધ્યાયપદનો વિનય
(૫) સાધુપદથી સહકાર (૬) દર્શનપદથી સદ્ભાવના
(૭) જ્ઞાનપદથી વૈરાગ્ય (૮) તપપદથી સંતોષવૃત્તિ
(૯) ચારિત્રપદથી ગુણપ્રાપ્તિ.

ભારતનું સુખ જે પહેલાં ત્યાગ તરફ હતું,
તે ભોગ તરફ વળ્યું: પરિણામે બહારથી સુખી દેખાવા
છતાં અંતરનાં દુઃખોનો પાર ન રહ્યો.

સુખ - દુઃખ મનમાં ઉત્પન્ન થાય છે.
મનને ભૌતિક સુખોથી પાછું વાળી દો અને
આત્મસમાધિમાં લાગી જાઓ, તો સુખી થશો.

## વિષય - કષાયનું વિષ

આત્મા યા મનરૂપી - અંતઃકરણરૂપી કપડું
રોજેરોજ વિષય - કષાયરૂપી ધૂળમાં મેલું થાય છે,
તેને ધોવાની ક્રિયા પણ સવાર - સાંજ થવી જોઈએ,
નિરંતર થતી એ ક્રિયાનું નામ 'પ્રતિક્રમણ' છે.
નવકાર મહામંત્ર ગણતી વખતે
વિષય - કષાયનો વિલય કરવાનું ધ્યાન થાય છે,
તેથી તે જલરૂપ બનીને એકઠા મેલનો નાશ કરે છે.
આત્મારૂપી વસ્ત્રને ધોવા માટે
નમસ્કાર મહામંત્ર પવિત્ર ગંગાજલનું કામ કરે છે.
ગંગામાં જેમ ગટરને પણ ગંગાસ્વરૂપ બનાવવાનું
સ્વાભાવિક સામર્થ્ય છે, તેમ નમસ્કાર મંત્ર રૂપી ગંગામાં
ઝીલનાર આત્મા ગમે તેટલો અપવિત્ર હોય, તો ય
તેને પાવન કરવાનું સામર્થ્ય તેમાં રહેલું છે,
એવી શ્રદ્ધાપૂર્વક ત્રણ કાળ અને ત્રણ યોગ દ્વારા
નમસ્કાર મંત્રનું પાવન સ્મરણ નિરંતર આદરપૂર્વક
જીવનના અંત સુધી કરવાનો અભ્યાસ પાડવો જોઈએ.
તે સિવાય વિષય - કષાયનું વિષ
દૂર કરવાનું કાર્ય કોટિ ઉપાયે પણ સાધ્ય નથી.

<u>કર્મક્ષયથી સિદ્ધને ૩૧ ગુણ પ્રગટે છે.</u>

(૧) ૪ દર્શનાવરણીયના + ૫ નિદ્રાના ક્ષયથી ૯ ગુણ (૨) આયુના ક્ષયથી ૪ ગુણ (૩) જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી પાંચ ગુણ (૪) અંતરાયના ક્ષયથી ૫ ગુણ (૫) વેદનીયના ક્ષયથી ૨ ગુણ (૬) મોહનીયના ક્ષયથી ૨ ગુણ (૭) નામકર્મના ક્ષયથી ૨ ગુણ (૮) ગોત્રકર્મના ક્ષયથી ૨ ગુણ.

કુલ = ૯ + ૪ + ૫ + ૫ + ૨ + ૨ + ૨ + ૨ = ૩૧ <u>અથવા</u>

से न दीहे, न हस्से, न वट्टे, न तंसे,
न चउरंसे, न परिमंडले, इत्यादि (६)।
न किण्हे, न नीले, न लोहिए, न हालिद्दे,
न सुक्किले, इत्यादि (५)।
न सुरभिगंधे, न दुरभिगंधे, इत्यादि (२)।
न तित्ते, न कडुए, न कसाए,
न अंबिले, न महुरे, इत्यादि (५)।
न कक्खडे, न मउए, न गरुए,
न लहुए, न उण्हे, इत्यादि (५)।
न निद्धे, न लुक्खे, इत्यादि (२)।

न काउ = કાયા નથી, न रुहे = જન્મ નથી, न संगे = સંગ નથી, न इत्थी, न पुरिसे, न अन्नहा, इत्यादि (६)।

કુલ = ૬ + ૫ + ૨ + ૫ + ૫ + ૨ + ૬ = ૩૧.

## તમોગુણ - રજોગુણ - સત્ત્વગુણ

अधो गच्छन्ति तामसाः । मध्ये तिष्ठन्ति राजसाः ।
ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः ।
रजसस्तु फलं दुःखं, अज्ञानं तमसः फलम् ।
सत्त्वात् संजायते ज्ञानं । (પરિશિષ્ટ-૮)

ગુણનો એક અર્થ બંધન છે.
જ્યાં સુધી જીવ સત્ત્વાદિ ગુણની સાંકળમાં છે,
ત્યાં સુધી તે મુક્ત બનતો નથી.
મુક્તિ એ સત્ત્વગુણની પરાકાષ્ઠા નથી,
કિન્તુ ત્રિગુણાતીત અવસ્થા છે.
સત્ત્વ - રજ - તમગુણ એકબીજાને દબાવીને
પોતાનો પ્રભાવ પાથરતાં રહે છે.
ઘોર તમોગુણ કે રજોગુણમાં પડેલાંને પણ
ક્યારેક સત્ત્વની અનુભૂતિ થયાં વિના રહેતી નથી.
સત્ત્વગુણનો ઉદય થાય, ત્યારે...
મનમાં અનાયાસે જ આનંદ થાય છે,
સ્વભાવમાં સૌમ્યતા આવે છે, શરીરથી ત્યારે કોઈનું
બૂરું કે વચનથી કોઈને ઉદ્વેગ થાય એવું નહિ કરે,
મનમાં પ્રસન્નતા અને પવિત્રતાના ભાવ જાગી ઉઠશે.

## ૐની ઉપાસના

ગુણોથી પર થવાનાં અનેક સાધનોમાં બે મુખ્ય છે:
એક તો ગુણોથી પર અને ગુણોના સ્વામી એવા પરમ
તત્ત્વની ઉપાસના અને બીજું રજોગુણ-તમોગુણની
ભયંકરતા પારખી અને તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન.

પહેલા ઉપાયમાં ૐની ઉપાસના છે.

ૐના આકાર અને ઉચ્ચારમાં પરમ રહસ્ય ભર્યું છે.
ત્રણ માત્રા દ્વારા ત્રિગુણાત્મક સૃષ્ટિ અને
અર્ધ માત્રા દ્વારા ગુણાતીત તત્ત્વનો સંકેત છે.

ૐનો જપ અને તેના ભાવાર્થનું ચિન્તન - એ બે પાંખો
દ્વારા મનુષ્ય ત્રિલોકની સીમાઓને ઉલ્લંઘી શકે છે.
તમોગુણની જડતા - રજોગુણનો આવેગ તૂટવો જોઈએ.
રજોગુણથી રાગ-દ્વેષ અને તૃષ્ણા જાગે છે તથા
તમોગુણથી મોહાંધકાર અને અભિનિવેશ જાગે છે.

'હું'ના ગુરુત્વાકર્ષણથી અને
'મારું'ની ભ્રમણકક્ષાથી ઊર્ધ્વગતિ થતી નથી.

अनादित्वात् निर्गुणत्वात् परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय ! न करोति न लिप्यते ॥१॥

(પરિશિષ્ટ-૯)

## ચૈતન્યના વિલાસ સાથે તદ્રૂપતા

ચિત્ત જે પ્રકૃતિ - શરીરની સાથે એકાકાર થઈ ગયું છે,
તેને પરમપુરુષ - પરમચૈતન્ય સાથે એકાકાર કરવું,
એનું એક નામ સાધના છે. શરીરમાં રહીને જ
આ અશરીરી સાથે જોડાણ થઈ શકે છે.

મનુષ્યનું ચિત્ત જડના વિકારો સાથે જેટલું ઓતપ્રોત-
તદ્રૂપ થયેલું છે, એટલું ચૈતન્યના વિલાસ સાથે થઈ
જાય, તો આ જગત એક આનંદનું બજાર બની જાય.

ઉપાસનાનો માર્ગ હકારસૂચક - અસ્તિવાચક માર્ગ છે.
તેમાં એક પરમસત્તાનો સ્વીકાર કરી, તેનું અવલંબન
મેળવી પાર ઉતરવાનું છે. એ પરમાત્મકૃપાનો માર્ગ છે.
બીજો માર્ગ શુદ્ધ વિચારનો છે.

ઉદ્ધરેત્ આત્મનાત્માનં, નાત્માનમવસાદયેત્ । સ્મૃતિ:
આત્માનો આત્મા વડે ઉદ્ધાર કરવો, આત્માને દુઃખી ન કરવો.

માણસ એકવાર સમજી લે કે રજોગુણ - તમોગુણથી
કોઈ દિવસ સાચી શાંતિ કે સુખ મળતું નથી,
તો એમાંથી છૂટવાનો સંકલ્પ કર્યા વિના ન જ રહે.

મનુષ્યને મૃગજળ તરફ ખેંચી જનાર કોઈ હોય, તો
તે કામ છે - ક્રોધ છે.

કામ - ક્રોધ ભારે ખાઉધરા અર્થાત્ 'મહાશનઃ |' અને
મોટા પાપી અર્થાત્ 'મહાપાપ્મા |' છે, પરંતુ નજરના
મહાશત્રુ છે. મનુષ્યને બળજબરીથી ખેંચી જાય છે.
આસુરી સ્વરૂપ એટલે... કાં તો કાંઈ મેળવીને
ખુશ થઈશ અથવા કોઈને મારીને મને રાહત વળશે.
માણસ પોતાના કાર્યની પાછળ કારણ તપાસે અને તેના
પરિણામનો વિચાર કરે, તો ધીમે ધીમે રજોગુણરૂપ કામ
અને તમોગુણરૂપ ક્રોધની અસર ઓછી થતી જાય.
જેમ આરીસા ઉપર ધૂળ ચોંટી ગઈ હોય,
એને સાફ કરતાં આરીસો ચળકી ઉઠે, તેમ
મનુષ્યનું ચિત્ત સત્ત્વથી ઉજ્જ્વળ બની દીપી ઉઠે છે.
સત્ત્વગુણની વૃદ્ધિ એ પણ સાધન છે, સાધ્ય નહિ.
મૂળ તો ગુણો સાથે ચિત્તનું એકાકારપણું જ ગ્રન્થિ છે.
તમોગુણમાં મોહનું અંધારું એટલું બધું તો હોય છે કે
ચિત્તનું સ્વતંત્ર અસ્તિત્વ જોઈ જ શકાતું નથી.
રજોગુણમાં 'હું'પણાનો નશો ચગડોળ ઘુમતો હોય છે કે
એનાથી ચિત્તને અલગ પાડી શકાતું નથી.
એક સત્ત્વગુણ જ ચિત્તને સ્વચ્છ કરી
જુદું તારવી શકવાનો અવકાશ આપે છે.

સત્ત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે અને
આ જ્ઞાન ચિત્તને પ્રવૃત્તિના છેલ્લા તથા
અંત્ય સૂક્ષ્મ આવરણમાંથી છૂટું પાડી દે છે. આદિ અને
અંતવાળાં, ગુણોમાં અટવાતાં મનુષ્યના શરીરમાં જ એ
અનાદિ, અખંડ અને નિર્ગુણ પરમતત્ત્વ બિરાજે છે.
માણસ જન્મથી જ જે જગત જુએ છે, તે સતતપણે
પરિવર્તન પામતું દેખાય છે. જે શરીર લઈને જન્મે છે,
તે પણ એક પરિવર્તનનું પોટલું જ છે.
ચિત્ત તે શરીરની સાથે એવું જોડાયેલું છે કે
આ બધા પરિવર્તનમાં એ પોતાને પલટાતું અનુભવે છે.
વધ - ઘટના આ સંસારીપટે 'રતિ ઘટે, ન તલ વધે'
એવા કોઈ તત્ત્વની વાત કરવી, મૂર્ખાઈ જેવું ગણાય છે
પણ તે જ એક તત્ત્વ છે, સાચું છે, જીવનનો સાર છે.
એ ક્યાંયે દૂર નથી, સ્વશરીરમાં જ તે નિત્ય બિરાજે છે.

## આ પંચસૂત્રમાં લખેલી ત્રણે આવશ્યક વસ્તુ નવકારમાં કઈ રીતે ?

નમસ્કાર મંત્રમાં દુષ્કૃતગર્હારૂપી જળ છે,
સુકૃત અનુમોદનારૂપી વસ્ત્ર છે અને
શરણાગમન રૂપી આત્માને શોભાવનાર અલંકાર છે.

## શ્રી નમસ્કાર મહામંત્ર - શ્રેષ્ઠ મંત્ર કેમ ?

જે ઇષ્ટદેવનો મંત્ર હોય,
એની ઋદ્ધિ જેટલી ઊંચી હોય, એટલો એનો મંત્ર ઊંચો.
શ્રી નવકાર મહામંત્ર એ પંચ પરમેષ્ઠિનો મંત્ર છે.
પ્રથમ પરમેષ્ઠિ વીતરાગ સર્વજ્ઞ અરિહંત,
બીજા નિરંજન - નિરાકાર સિદ્ધ પરમાત્મા અને
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ ભગવંતો નિષ્પાપ, અહિંસક.
તેમની તોલે આવે, એવા ઇષ્ટ બીજા નથી, માટે
એમનો મંત્ર એ વિશ્વમાં શ્રેષ્ઠ મંત્ર છે.
નવકાર સમસ્ત પાપોનો નાશક, પ્રથમ કોટિનું મંગલ છે.
એની સાધના કરવી, એ જ આ જીવનનો સાર છે.
જીવને એનું સ્મરણ અપૂર્વ સમાધિદાતા છે.
આ શ્રદ્ધાને જમાવવા માટે જીવરાશિ ઉપર સ્નેહ
અને દુઃખિત પ્રાણીઓ ઉપર દયાળુતા હોવી જોઈએ.
આ સ્નેહ - દયાળુતાનું સામ્રાજ્ય વિશ્વવ્યાપી બને છે,
ત્યારે તેમાંથી ગુણી પ્રત્યે પ્રમોદ અને પાપી પ્રત્યે
માધ્યસ્થભાવ જાગે છે. નવકાર સ્નેહભાવને વિકસાવે
પણ છે અને નવકાર એ સ્નેહભાવનું ફળ પણ છે.
નવકારનાં મૂળ અને ફળ - ઉભયમાં સ્નેહભાવ છે.

## નવકાર મંત્રના ૩૨ અક્ષરોનું માહાત્મ્ય

'નમો' વડે મન-વચન-કાયા અરિહંત સાથે જોડાય છે.
મંત્ર અને તેનો સઘન અર્થ ૩૨ અક્ષરોમાં સમાઈ જાય છે.

## જિનવચનો કેમ અત્યંત મહત્ત્વના ?

તીર્થ આદિમાં થતી સાધના અને સ્ફૂરણાઓમાં
પરમાત્મશક્તિ બહુ વિશિષ્ટરૂપે પ્રેરક રહે છે.
પ્રાથમિક અવસ્થામાં જીવની અનાદિકાલીન
સ્થૂલ - સૂક્ષ્મ - સૂક્ષ્માતિસૂક્ષ્મ વાસનાઓને
સ્પષ્ટ સમજવા માટે જિનવચનો અતિ ઉપયોગી છે.
એ સમજ્યા પછી ચિત્તને સ્થિર કરવા માટે
જિનબિંબ - પિંડસ્થ આદિ ધ્યાનો અતિઆવશ્યક છે.
પિંડસ્થાદિ માટે જિનબિંબ અતિમહત્ત્વના છે તથા
આજ્ઞાવિચયાદિ ધ્યાન કરવા માટે
જિનવચન ખાસ સાધનભૂત તથા અવલંબનભૂત છે.

આચારાંગમાં આવતાં વાક્યો
સંસારનાં મૂળ કારણરૂપ વૃત્તિઓ અને
વાસનાઓને સમજવા માટે તથા અજ્ઞાન તોડવા માટે
ધરતીકંપ અને અણુસ્ફોટ જેવું કામ કરે છે.

પ્ર-ભા-સુ ૮, આત્મા - દિવ્યસ્ય વંદે ।

## સર્વ મંગળોમાં નવપદજી ઉત્કૃષ્ટ મંગળ કેમ?

(૧) જેની આકૃતિ પરમ મંગળમય છે.

(૨) જેની આરાધનાથી આરાધક પોતે મંગળસ્વરૂપ બને છે.

(૩) જેમાં સર્વશ્રેષ્ઠ માંગલિક વસ્તુઓનો સંગ્રહ છે. દા.ત. અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મ, ગુરુ, નિધિ, દેવી, વર્ગો ઈત્યાદિ.

(૪) સર્વ કાર્યોમાં કુંભ - કળશ માંગલિક ગણાય છે. આ અમૃતનો કુંભ છે, તેથી તેનું સ્મરણ, જાપ, ધ્યાન, પૂજન - બધું મંગળમય છે.

(૫) ૧૦ દિક્પાલો એ ૧૦ યતિધર્મનાં પ્રતીક છે. વિશ્વનું કલ્યાણ, ઉત્થાન, રક્ષણ, વ્યવસ્થા અને શાંતિનું મૂળ કારણ ૧૦ પ્રકારનો યતિધર્મ છે તથા ૧૦ પ્રકારના યતિધર્મનું પાલન કરનાર સત્પુરુષો છે. તે સર્વનો સંગ્રહ નવપદજીમાં છે.

## યોગ અને ઉપયોગમાં શું ફેર?

યોગ = જોડાણ, ઉપયોગ = સમાપત્તિ જોડાણ. અરિહંતને સતત ઉપયોગમાં રહે, તો જ ઉપયોગ શુદ્ધ થાય. નમો વડે મન યોગ - મન કરણનું જોડાણ થાય છે. 'અરિહંતાણં' વડે આત્માકાર ઉપયોગ થઈને પરમ વિશુદ્ધિનો અનુભવ થઈ શકે છે. - Mehsana

## નવપદની ભક્તિથી નવ નવ વસ્તુની પ્રાપ્તિ

(૧) પાંચ વિષય - ચાર કષાયનો ઉચ્છેદ થાય છે.
(૨) કષાયનાં કારણ એવા ૯ નોકષાયનો નાશ થાય છે.
(૩) કર્મબંધનાં નવ હેતુ એવા મિથ્યાત્વ[૧], અવિરતિ[૫], કષાય[૧], પ્રમાદ[૧] અને યોગનો[૧] નિરોધ થાય છે.
(૪) નવ નિયાણાનો પ્રતિકાર થાય છે. (૫) નવ પ્રકારના પુણ્યમાં ઉત્સાહ થાય છે. (૬) ૯ ગ્રહો અનુકૂળ વર્તે છે.
(૭) નવ તત્ત્વાદિ સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થાય છે.
(૮) નવ વાડયુક્ત બ્રહ્મચર્યનું પાલન. (૯) નવકલ્પી ઉગ્ર વિહાર થાય છે. (૧૦) નવકોટિ શુદ્ધ આહાર શક્ય થાય.
(૧૧) ૧૮૦૦૦ શીલાંગનો ધોરી થાય છે. (૧૨) નવ અંગ - પૂજાનો લાભ મળે છે. (૧૩) નવ ઋદ્ધિ+લબ્ધિની પ્રાપ્તિ.
(૧૪) નવનિધિ - અનાશંસભાવ - સાધનામાં સહાય મળે છે.
(૧૫) આઠ ગતિનો અંત કરી નવમી ગતિ આપે છે:

અર્થાત્ દેવગતિ, નારકી,
એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય,
કર્મભૂમિ તથા અકર્મભૂમિ અને
અંતર્દ્વીપના મનુષ્ય - એ આઠે ગતિનો અંત લાવીને પ્રાંતે સિદ્ધસ્વરૂપની નવમી ગતિનો લાભ આપે છે.

## નવપદમાં ચાર ચક્રો

(૧) અશોકચક્ર : ૐ હ્રીં પ્રાતિહાર્યમાં મુખ્ય પ્રથમ પ્રાતિ.
(૨) સુદર્શનચક્ર : પ્રથમ વલય (૩) ધર્મચક્ર : પૂજ્ય મંડલો
(૪) સિદ્ધચક્ર : દેવ - ગુરુ - ધર્મ - ધર્મીનું પ્રતીકચક્ર છે.
ધર્મચક્ર તીર્થંકરનું અને સિદ્ધચક્ર એ જૈનશાસનનું છે.

શાસનરક્ષા માટે શક્તિની જરૂર છે,
તે ઉપરના ચાર પ્રકારના ચક્રોના ધ્યાનથી પ્રાપ્ત થાય.

## નવ સંખ્યાસૂચક શાશ્વત વસ્તુઓ

(૧) શલાકાપુરુષો (વ્યક્તિ ૫૪ - ૫ + ૪ = ૯) ૬૩ - ૬ + ૩ = ૯.
(૨) ૨॥ દ્વીપ એટલે ૪૫ લાખ યોજન - ૪ + ૫ = ૯.
(૩) સિદ્ધશિલાનું માપ ૪૫ લાખ યોજન - ૪ + ૫ = ૯.
(૪) ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ - ૪૫ ભૂમિ, ૪ + ૫ = ૯.
(૫) દેવલોકની સંખ્યા - ૯૯.
(૬) લોકાંતિક દેવોની સંખ્યા ૯.
(૭) જીવના ભેદ એટલે ૫ સ્થાવર, ૪ ત્રસ - ૫ + ૪ = ૯.
(૮) નવકારના લઘુ અક્ષર - ૬૧,
ગુરુ અક્ષર ૭ + ૪ = ૧૧. ૬૧ + ૧૧ = ૭૨ = ૭ + ૨ = ૯.
(૯) નવ પ્રકારના ઉપયોગ - શુભ
૪ દર્શન + ૫ જ્ઞાન = ૯.

Dt. 1-10-74

આપણે જે કાંઈ મેળવીએ છીએ, તેમ
જીવનગુણથી પ્રાપ્ત છે અને જે કાંઈ આપીએ છીએ,
તેમ જીવનનિર્માણ પ્રાપ્ત છે. દૃ + નિદ્રા = જોવું સર્જન.
દેવાથી દેવ થવાય છે, દેવાથી દૈવત વધે છે.
અપ્રકૃતિમાં 'અહં'ની હાજરી હોય છે,
સત્યના સાક્ષાત્કારમાં આત્મા પ્રકૃતિ ભાસે છે, ત્યાં
અહં એ અર્ક બને છે. જ્યાં પ્રકૃતિનો વિચાર નથી,
ત્યાં દુઃખ છે. પ્રકૃતિ એટલે ઈશ્વર, તેના વિચારમાં
દુઃખનો વિલય અને સુખનો પ્રારંભ છે.
બીજ શુદ્ધ કુળ જ ઈશ્વરના ચરણમાં સ્થાન લે છે,
તેમ અતિશુદ્ધ પવિત્ર જીવન જ આપણને
ઈશ્વર પાસે જવાના અધિકારી બનાવે છે.
સર્વ ક્રિયાઓ અને વૃત્તિઓનો લય તે સમાધિ છે.
જે ક્ષણે અહં અટકે, ત્યાં જ પરમતત્ત્વ એનું સ્થાન લે.

वर्णा मंत्रात्मकाः प्रोक्ताः मंत्रा ध्वन्यात्मका मताः ।
ध्वनिर्नादात्मको ज्ञेयः नादो लयात्मको मतः ॥१॥
मोक्षकारणसामग्र्यां, भक्तिरेव गरीयसी ।
स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ॥ (પરિશિષ્ટ-૧૦)

અષ્ટપ્રકારી પૂજા (૧) અપૂર્વકરણ = ૮મું ગુણઠાણું:
જળસ્વરૂપ આત્મા - કળશ સમતા રૂપી જળ લઈને
પરમાત્માના મસ્તકમાં અભિષેક કરી સહજાનંદનું
આવરણ જાય છે અને આત્મા પવિત્ર બને છે.
ચોથા ગુણઠાણાનું નિકટનું ૮મું ગુણઠાણું - અપૂર્વકરણ.
(૨) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ = ૪થું ગુણઠાણું:
કેસર, ચંદન, બરાસ, કસ્તુરી રૂપી
મૈત્ર્યાદિ ભાવનાઓ રૂપી ભાવસુગંધિત વિલેપન કરતાં
આત્મા મિથ્યાત્વમોહ નાશ કરી સમ્યક્ત્વ પામે છે.
(3) દેશવિરતિ - પાંચમું ગુણઠાણું:
સદાચાર રૂપી પંચાચાર પુષ્પો વડે પ્રભુને અંગે ચઢાવે છે.
(૪) છઠ્ઠા સર્વવિરતિ પ્રમત્તથી - ૭ - ૯/૧૨ ગુણઠાણાં:
ધ્યાન દ્વારા સર્વવિરતિના અધ્યવસાય રૂપી ધૂપઘટા વડે
અવિરતિનો નાશ કરીને ક્ષપકશ્રેણિ આરોહણ કરે છે.
(૫) સયોગી કેવલી - તેરમું ગુણઠાણું:
ઘાતીકર્મનો ક્ષય કરી કૈવલ્ય રૂપી દિપક પ્રગટ થાય છે.
(૬) નવ ક્ષાયિકભાવો રૂપી અક્ષતપૂજા.
(૭) ફળ સ્વરૂપે અયોગી અવસ્થા અને
સિદ્ધત્વ પ્રગટ કરવા માટે શૈલેશીકરણ દ્વારા

(૮) અયોગી કેવલી - ચૌદમું ગુણઠાણું:
સંપૂર્ણ આત્મનિવેદન કરી
અનાહારી પદની પ્રાપ્તિ નૈવેદ્ય પૂજા વડે કરે છે.

## આઠની સંખ્યાનું મહત્ત્વ

(૧) રૂચક પ્રદેશ (૨) કર્મના મૂળ ભેદ (૩) સિદ્ધના ગુણ
(૪) કેવલી સમુદ્ઘાતના સમય (૫) અષ્ટ પ્રવચન માતા
(૬) યોગની દૃષ્ટિ (૭) યોગના અંગ (૮) અણિમાદિ સિદ્ધિ
(૯) ગ્રાહ્ય યોગ્ય વર્ગણા (૧૦) નવકારની સંપદા.

## આઠ ગતિના નામ

મનુષ્ય-મનુષ્યણી, તિર્યંચ-તિર્યંચિણી, દેવ-દેવી, નારકી-મોક્ષ.

## દશ પ્રકારે ધર્મ

(૧) દયા (૨) ભાવ-ક્રિયા (૩) રત્નત્રયી (૪) દાનાદિ
(૫) મહાવ્રતો (૬) ક્ષમાદિ દશ (૭) ૭ નયથી ધર્મ
(૮) ૮ પ્રવચન માતા (૯) બ્રહ્મચર્ય વાડ (૧૦) યતિ ધર્મ.

## ચાર પ્રકારના જીવ

(૧) ભવાભિનંદી - અનંતાનંત, મિથ્યાદૃષ્ટિ.
(૨) પુદ્ગલાનંદી - અલ્પ, પુદ્ગલરાગ ઘણો, સમકીતી.
(૩) આત્માનંદી - અલ્પાલ્પ, પુદ્ગલરાગ થોડો, દેશવિરતિ.
(૪) સહજાનંદી - ભવસ્થ કેવળી અને અનંત સિદ્ધો.

## આત્માના આઠ પ્રકાર

(૧) દ્રવ્યાત્મા (૨) કષાયાત્મા (૩) ચારિત્રાત્મા (૪) જ્ઞાનાત્મા
(૫) ઉપયોગાત્મા (૬) દર્શનાત્મા (૭) યોગાત્મા (૮) વીર્યાત્મા.

ભગવાન મહાવીર અજ્ઞાનાત્મા, કષાયાત્મા કે
બહિરાત્મા નહિ, કિન્તુ પરમાત્મા છે.

(૧) દ્રવ્યાત્મા = જ્ઞાનાત્મા, અજ્ઞાનાત્મા
સ્વરૂપથી સત્ અને પરરૂપથી અસત્.

(૨) કષાયાત્મા = સકષાયિ આત્મા.

(૩) યોગાત્મા = સયોગિ આત્મા.

(૪) ઉપયોગાત્મા = સર્વ જીવોનો આત્મા.

(૫) જ્ઞાનાત્મા = સમ્યગ્દૃષ્ટિ જીવાત્મા.

(૬) દર્શનાત્મા = સર્વ જીવોનો આત્મા.

(૭) ચારિત્રાત્મા = સર્વવિરતિધરના આત્મા.

(૮) વીર્યાત્મા = સર્વ સંસારી જીવોનો આત્મા.

ભાવનાં છ પ્રકાર: પારિણામિક, ઔદયિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔપશમિકાદિ અને છઠ્ઠો સાન્નિપાતિક ભાવ છે.
ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય = પારિણામિક ભાવે, પુદ્ગલદ્રવ્ય એ ઔદયિક - પારિણામિક, બન્ને ભાવે તથા જીવદ્રવ્ય એ સર્વ ભાવોએ વર્તે છે.

## શ્રી આચારાંગ સૂત્રનું અધ્યયન : (૧) શસ્ત્રપરિજ્ઞા

કર્મબંધનના (૨૭) હેતુ છે.

૩ કાળ સંબંધી ૩ કરણ, ૩ યોગ - જ્ઞપરિજ્ઞાથી સમજી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો ત્યાગ કરવો. મુનિ એટલે એ દોષોને સારી રીતે સમજી તેના કારણોથી દૂર રહેનાર.

अगुत्ते अण्णाणी । नाणी तिहिं गुत्तो ।

મહાપુરુષોએ આ માર્ગ સેવેલો છે, માટે નિઃશંકપણે તેનું સેવન કરવું. જે વિષયો છે, તે સંસાર છે અને

જે સંસાર છે, તે વિષયો છે.

જે મુનિ થઈને અગુપ્ત રહે છે, તે પ્રભુની આજ્ઞાથી બહાર વર્તે છે. આ વાતને સર્વ પાપથી અલગ રહેનાર તથા નિર્દોષ ચારિત્ર પાળવામાં યત્નવંત અને અપ્રમત્ત એવા વીરપુરુષોએ પરિષહાદિને હટાવી - કેવળજ્ઞાન પામીને સાક્ષાત્ જોયેલી છે, માટે આત્માર્થીજનોએ પ્રમાદ તજી નિરંતર ભાવથી ચારિત્રનું સેવન કરવું યુક્ત છે.

## અધ્યયન : (૨) લોકવિજય

જ્યાં સુધી ઇંદ્રિયની શક્તિ મંદ પડી નથી,
ત્યાં સુધી ચીવટ રાખી આત્માર્થ સાધી લેવો.
સંયમમાં થતી અરતિને દૂર કરવી.

નિર્લોભી થઈને વિષયોને પુંઠ દે છે, તે જ અણગાર છે.

જે ઉઠું અને હણવું નિષ્ફળ કરે છે,

તે સંસારના પ્રવાહને તરી પાર પામે છે.

સ્વેચ્છાએ વર્તનાર મુનિ મુક્તિ પામવાને માટે અયોગ્ય છે.

આત્મામાં મોક્ષ છે. જે પરમાર્થદર્શી છે,

તે મોક્ષમાર્ગને છોડી અન્યત્ર રમતો નથી.

તે નિસ્પૃહપણે સર્વને સમાન ગણી સદુપદેશ દે છે.

## અધ્યયન : (૩) શીતોષ્ણીય

ગૃહસ્થો સદા સુતેલાં છે, મુનિઓ સદા જાગતાં છે.

જગતમાં અજ્ઞાન અતિ અહિતકારી છે.

તું જ તારો મિત્ર છે. મિત્રને બહાર શા માટે શોધે છે?

આત્માને વિષયોથી રોકીશ, તો દુઃખમુક્ત થઈશ.

પ્રમાદીને ભય છે, અપ્રમાદીને નહિ.

જે મોહનીય કર્મને નમાવે છે, તે સર્વને નમાવે છે.

## અધ્યયન : (૪) સમ્યક્ત્વ

સંસારમાં આસક્ત રહેનારા ચિરકાળ સંસારપરિભ્રમણ કરે છે. જેટલાં કર્મ ખપાવવાના હેતુ છે, તેટલાં જ કર્મબંધનના હેતુઓ છે અને જેટલાં બંધનના હેતુઓ છે, તેટલાં જ કર્મક્ષયના હેતુઓ છે.

એમ સંપૂર્ણપણે સમજી પ્રભુની આજ્ઞા મુજબ
ધર્મ આરાધવા માટે કોણ ઉજમાળ ન હોય?
જેઓએ કષાયને શમાવ્યા છે, તેઓ જ પરમ સુખી છે.
ક્રોધાદિ વડે પ્રાણીઓ કેવા દુઃખી છે, તેનો તું વિચાર કર.
તપ વડે દેહનું દમન કરવું.
જેઓ બ્રહ્મચર્યમાં રહીને તપથી સદા શરીરને દમે છે,
તે મહાપુરુષો જ મુક્તિને મેળવનાર હોય છે.

## અધ્યયન : (૫) લોકસાર

સર્વ જીવોને પોતાના સમાન લેખી
મુનિએ સંયમાનુષ્ઠાનમાં સાવધાન રહેવું.
'જેવું આપણને દુઃખ હોય, તેવું સર્વ કોઈને હોય છે'
એમ માની કોઈને કાંઈપણ દુઃખ હોય, એમ ન કરવું.
'સર્વ કોઈને સુખ જ પ્રિય છે'
એમ વિચારી બધા સાથે સારો જ વ્યવહાર કરવો.

## અધ્યયન : (૬) ધૂતાધ્યયન

સર્વ પરિષહ - ઉપસર્ગોને સમભાવથી સહવાં.
મુનિએ સંકટોથી ડરવું નહિ. જગતમાં દુઃખોની પરિસીમા નથી.
નિઃસાર દેહને માટે પાપ કરી જીવો દુઃખી થાય છે.
હિંસા મહાભયંકર છે. મુનિએ સુખલંપટ બનવું નહિ.

અધ્યયન : (૭) મહાપરિજ્ઞા - વિચ્છિન્ન થયું છે.
અધ્યયન (૮) : કુશલત્યાગ, અધ્યયન (૯) : ઉપધાન શ્રુત
બ્રહ્મચર્ય - શ્રી વીરપ્રભુનો વિહાર - પ્રથમ શ્રુતસ્કંધ પૂર્ણ,
અધ્યયન (૧૦) : પિંડૈષણા, અધ્યયન (૧૧) : શય્યા,
અધ્યયન (૧૨) : ઈર્યા, અધ્યયન (૧૩) : ભાષાજાત,
અધ્યયન (૧૪) : વસ્ત્ર - પાત્રૈષણા, અધ્યયન (૧૫) : ભાવના,
અધ્યયન (૧૬) : અવગ્રહ પ્રતિમા, અધ્યયન (૧૭) : સ્થાન,
અધ્યયન (૧૮) : નિશીથિકા,
અધ્યયન (૧૯) : ઉચ્ચાર - પ્રસ્રવણ,
અધ્યયન (૨૦) : શબ્દ, અધ્યયન (૨૧) : રૂપ,
અધ્યયન (૨૨) : પરક્રિયા,
અધ્યયન (૨૩) : અન્યોન્ય ક્રિયા,
અધ્યયન (૨૪) : ભાવના (પ્રભુનું ચરિત્ર વિચારવું),
દરેક મહાવ્રતની રક્ષા અને પુષ્ટિ કરનારી ભાવના કરવી.
અધ્યયન (૨૫) : વિમુક્તિ.

કોનો મોક્ષ શીઘ્રપણે થાય ?

જે બંધ અને મોક્ષનાં કારણોને યથાર્થપણે જાણી તથા બંધના કારણોથી અળગા રહી મોક્ષના કારણોને સાવધાનપણે સેવે, તેનો શીઘ્ર મોક્ષ થાય.

આપણા ધ્યાન માટે કયું માધ્યમ ઉત્તમ ?

જેમાં વ્યક્તિનું મન એકાગ્ર થઈ શકે,
તે એના ધ્યાન માટે ઉત્તમ માધ્યમ ગણાય.
સિદ્ધ યોગીઓ કહે છે કે :
સાધક પોતાને પસંદ પડે તે માધ્યમ દ્વારા, પ્રેમપૂર્વક એકાગ્ર બનવાનું શરૂ કરે, તો આ એકાગ્રતા પરિપક્વ થતાં પરમાત્મા પ્રત્યક્ષ થાય છે. જ્યાં સુધી માનવનું અંતઃકરણ પવિત્ર બનતું નથી, ત્યાં સુધી પ્રભુ પ્રત્યેનો ગાઢ પ્રેમ કે એકાગ્રતા અસંભવિત છે. જેના હૈયામાં સ્વાર્થ ભર્યો હોય, તેને જ દિલમાં ડર લાગે, જે નિઃસ્વાર્થ હોય, તે તો સદા નિર્ભય હોય છે.

°

That which undergoes growth & decay is itself birthless, deathless, decayless. Bring this conclusion into relationship with the mystery of your own identity. ॐ means I turn within to the God in me and to the centre of my being. Here is perfect bliss, perfect peace.

## ભાવસંથારો - આત્મા

સંથારા વિના પણ સંથારાનું ફળ કોને મળે ?

(૧) રાગ-દ્વેષ-મોહ-કષાયનો ત્યાગ, પરમ પ્રશમનું સેવન.

(૨) સાવદ્યયોગની વિરતિ અને
પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિયુક્ત સંયમપ્રધાનતા.

(૩) નિર્મમ - નિરહંકાર, સમતૃણમણિ - લેષ્ટુકાંચન
અને પરમાર્થસારનું જ્ઞાન.

(૪) સ્વ - પર, શત્રુ - મિત્ર તથા
સ્વજન - પરજનવિષયક પરમ સમતા.

(૫) પ્રિયાપ્રિય અને માનાપમાનમાં સમબુદ્ધિ.

(૬) દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવમાં અપ્રતિબંધ અને
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ.

(૭) મોક્ષસાધક સમ્યક્ત્વ, જ્ઞાન અને
ચારિત્રગુણોનો વિસ્તાર.

(૮) ગુરુ પાસે આલોચના, સાત ભય, આઠ મદવિયુક્ત
અને નવ બ્રહ્મગુપ્તિ તથા દશવિધ શ્રમણધર્મથી યુક્ત
બાહ્યાંતર દોષથી દૂર અને બાહ્યાંતર ગુણથી સાધનાને
સંથારા વિના પણ સંથારાનું ફળ મળે છે.

॥ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ॥

સંવેગરંગશાલા ગાથા ॥ ૫૨૦૯ ॥ ॥ ૫૨૧૦ ॥માં કહ્યું છે:

સમ્મત્તભૂમિગાએ વિસુદ્ધ સદ્ધમ્મ ગુણતણેસું ચ ।
પસમ ફલગે વ સુવિસુજ્ઝમાણલેસા સિલાએ વા ॥
સંથારઈ અપ્પાણં કાઉં સંલેહણં પરં આયા ।
જમ્હા તિગુત્તિગુત્તો તા સો ભણિઓ હોઈ સંથારો ॥

ભૂમિસંથારો - સમ્યક્ત્વરૂપી ભૂમિ.
તૃણમયસંથારો - વિશુદ્ધ સદ્ધર્મ ગુણરૂપ તૃણ.
ફલકસંથારો - પ્રશમરસરૂપી પાટીયું.
શિલાસંથારો - સુવિશુદ્ધયમાન લેશ્યા.

ત્રિગુપ્તિથી ગુપ્ત આત્મા એજ ભાવસંસ્તારક છે. અહીં ગારવથી રહિત, ત્રિદંડથી મુક્ત, નિરાશંસભાવ, સમાહિત મન છે, જેનું સંયમ, નિયમ, તપયોગયુક્ત, સ્વપર કષાયને શમાવનાર જીવનો સંથારો સફળ છે. ષટ્કાયરક્ષક, નિવૃત્તચેષ્ટાયુક્ત, ૮ મદરહિત, વિષયતૃષ્ણા પિપાસાથી મુક્ત, સુવિહિત ગુણોનો જેમાં વિસ્તાર છે, તે ભવલોકમાં સારભૂત રત્નના અલંકારભૂત સંથારાને કરનારો છે. સર્વસહ, જ્ઞાનાદિ ગુણવાન, નિરતિચાર વ્રતનો પાલક, ઉપસર્ગ-પરિષહ જીતનારો, કર્મસૈન્યને જીતી લઈ આરાધનારૂપી પતાકાને ગ્રહણ કરનારો ધન્ય છે.

નવતત્ત્વમાં અનુગત આત્મતત્ત્વ એ
વચનાદિ અગોચર - નિર્વિકલ્પ છે. મૌન જ એની વ્યાખ્યા.
મૌન એ સમ્યક્ત્વ - સમ્યક્ત્વ એ મૌન, એમ જાણીએ.
આત્મનિષ્ઠ સમ્યગ્દૃષ્ટિ છે, પર્યાયનિષ્ઠ મિથ્યાદૃષ્ટિ છે.

આત્મસ્પર્શ વિનાનું જ્ઞાન એ બાલશ્રુત અને
આત્મસ્પર્શ વિનાનું ચારિત્ર એ બાલચારિત્ર છે.
ચિત્તશુદ્ધિ એજ વાસ્તવિક સંલેખના-સમાધિમરણ છે.
તૃણમય સંથારો કે કેવલ પ્રાસુક ભૂમિ નહિ પણ આત્મા
એ સાધ્ય અને દાન, દયા, અહિંસાદિ એનાં સાધન છે.

કાયોત્સર્ગમાં પ્રમાણ નિયત છે, ધ્યેય અનિયત છે.
ધ્યેય તરીકે સ્થાપનેશના ગુણો,
તત્ત્વ, સ્થાન, વર્ણ, અર્થ, આલંબન, સ્વદોષપ્રતિપક્ષ.
ચેષ્ટા કાયોત્સર્ગમાં તત્ત્વ એટલે સ્થાપનેશઃ પરમાત્મા
અથવા પરમેષ્ઠિના સ્વરૂપનું ચિન્તન કે ધ્યાન હોય.
તે વડે વિવેકની ઉત્પત્તિ થાય છે. વળી કહ્યું છે કે:

'एतद् विद्याजन्मबीजं तत्पारमेश्वरम् ।
अतः इत्थमेवोपयोगशुद्धेः ।
शुद्धभावोपात्तं कर्म अवन्ध्यं, सुवर्णघटाद्युदाहरणात् ।
एतदुदकतो विद्याजन्म, कारणानुरूपत्वेन ।'

આકૃતિ: આ ધ્યેયનું ધ્યાન વિવેકોત્પત્તિનું કારણ છે,
શાસ્ત્રસિદ્ધ - પરમેશ્વરથી ઉપદિષ્ટ છે.
એ રીતે જ ઉપયોગની શુદ્ધિ થાય છે.
શુદ્ધ લાભથી ઉપાર્જન થયેલ કર્મ અવન્ધ્ય હોય છે.
સુવર્ણઘટની જેમ ઉત્તરોત્તર શુદ્ધ લાભનું કારણ બને છે.
કારણને અનુરૂપ કાર્ય હોય છે.
વિવેકરત્નની ઉત્પત્તિ થાય છે.

ભાવનાલાભ એટલે... અચિંત્ય અમૃતસ્વરૂપ
જિનાગમના ગંભીરબોધથી જન્મેલ અમરસ સર્વાનુગ્રહ
પરિણતિવશ ભવ્ય અનુદાયના હિતમાં પ્રવૃત્તિ કરાવે તે.

સર્વ હેતુ અને સર્વ ક્રિયાના સંબંધમાં
સર્વાત્મભાવના જ પ્રધાનપ્રમાણ છે,
એવું જે અંતિમ તાત્પર્ય છે, તેમાં હેતુ, સ્વરૂપ અને
ફલસંબંધી નિર્ણીત બોધ હોય છે.
માત્ર પદવાચ્ય અર્થનો પ્રકાશ હોય, તે
મોક્ષમાર્ગમાં પ્રમાણભૂત નથી. સમ્યગ્જ્ઞાન એ તત્ત્વાર્થ
શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનના પાયા ઉપર ઊભું હોય છે.

0 'જો તમે સમયને બરબાદ કરશો,
તો એક દિવસ સમય તમને બરબાદ કરશે.'

## કાયોત્સર્ગની ધ્યાનક્રિયા કોને કહેવાય ?

મનનો લક્ષ્ય પ્રભુ, પ્રભુનો લક્ષ્ય પાદ,
પાદનો લક્ષ્ય નાદ, નાદનો લક્ષ્ય નાથ(માં થતો લય).
અંતરાત્મામાં સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરી
મનને કેમ વશ કરવું? તેનો સરળમાં સરળ ઉપાય
પાદ વડે પ્રભુને અને પ્રભુ વડે મનને વશ કરવાની
ક્રિયા, જેને કાયોત્સર્ગની ધ્યાનક્રિયા કહેવાય, તે છે.

## કાયોત્સર્ગનું ફળ શું ?

કાયોત્સર્ગમાં ધ્યેય પ્રશસ્ત હોવાથી તેનું ફળ વિશેષ છે
અને વિશેષનું ફળ શુભ ભાવની જાગૃતિ છે.
શુભ ભાવ એટલે વૈરાગ્ય ભાવ, ભક્તિ ભાવ વગેરે.
એનું ફળ મોક્ષમાર્ગે ભાવપ્રકર્ષ છે.
પહેલાં આદર = ઉદ્દેશ બુદ્ધિ અને એ પછી
અનુષ્ઠાન વખતે પ્રીતિ, વિઘ્નનાશ તથા સંપત્તિલાભ.
તત્ત્વ = સ્વરૂપ, રહસ્ય, લક્ષણ, વિધિ.
જ્ઞાનીઓનો સંગ કરતાં અને જિજ્ઞાસાની તૃપ્તિરૂપે.
મિથ્યાભિમાની શાસ્ત્રજ્ઞાનને પાત્ર રહેતો નથી,
તેથી સજ્જનોને શોચનીય છે.
'તિરને તું છે દીનતા, ડુબન તું અભિમાન.'

आत्मानमात्मनाऽऽत्मैव ध्याता ध्यायति तत्त्वतः ।
उपचारस्तदन्यो हि व्यवहारनयाश्रितः ॥ (परिशिष्ट-११)

આત્મા નિત્ય છે,
સર્વમાં રહેલો સર્વાત્મક છે અને સર્વનો નિયંતા છે.
આ આત્માની અનુભૂતિ એજ જીવનનું લક્ષ્ય છે.
સર્વત્ર આત્મદર્શન કરવાથી સર્વાત્મભાવ આવે છે.
નિઃસ્પૃહતા, નિરાકુળપણું એજ સર્વ સુખનો પુંજ છે.
નામ - રૂપાત્મક સર્વ પદાર્થો નાશવંત છે.
વિનાશી પદાર્થો શાશ્વત શાંતિ આપી શકે નહિ.
આત્માની નિત્યતાનો સતત વિચાર કરવાથી સર્વ દુઃખવૃત્તિનો અંત આવે છે. આત્મા સત્યસંકલ્પ છે. એના સંકલ્પ પ્રમાણે જગતમાં પદાર્થો ઉત્પન્ન થાય છે. દ્વન્દ્વાતીત થાઓ, સુખ-દુઃખ, માનાપમાન, જય-પરાજય, લાભ - અલાભ, સર્વ અવસ્થાઓમાં સમત્વ રાખો. દીપકના પ્રકાશથી જેમ અંધકાર નષ્ટ થઈ જાય છે, તેમ તત્ત્વબોધ દ્વારા વિવેકજ્ઞાનનો પ્રકાશ પડવાથી અવિદ્યા અદૃશ્ય થઈ જાય છે. શરીરમાં અહંતા અને પદાર્થોમાં મમતાનો ત્યાગ કરો. શત્રુ - મિત્રમાં રાગદ્વેષ વિનાના થાઓ. સર્વદા સ્વરૂપનું જ અનુસંધાન કરો.

ચિત્તની ગતિ પ્રાણની ગતિને આધીન છે.
પ્રાણની ગતિને રોકવામાં આવે, તો ચિત્ત શાંત થાય.
વૈરાગ્ય અને અભ્યાસથી આસક્તિ દૂર કરી
મનને અનુકૂળ પદાર્થમાં લાંબા કાળ સુધી સ્થિર થતાં
એકાગ્રતા આવે, ત્યારે પ્રાણની ગતિ રોકાઈ જાય છે.
પ્રાણાયામ અને તેના સાથે ઈપ્સિત પદાર્થના ધ્યાનથી
પ્રાણની ગતિ રોકાઈ જાય કે ઓંકારના ઉચ્ચારણને અંતે
જ્યારે બહારનાં સર્વ જ્ઞાનનો ઉપરામ થાય છે,
ત્યારે પ્રાણની ગતિ રોકાઈ જાય છે.
અખંડ જ્ઞાનરૂપ આત્મા તે જ સાચું હૃદય છે.
જ્યારે ચિત્તને વાસના વિનાનું નિર્મળ કરીને
જ્ઞાનસ્વરૂપ આત્મામાં જોડવામાં આવે, ત્યારે પણ
પ્રાણની ગતિ રોકાઈ જાય છે. આ પ્રકારના અભ્યાસને
અંતે પ્રાણોની ગતિ બંધ પડતાં મન શાંત થઈ જાય છે
અને મુક્તિ અવશેષ રહે છે. વિષયો પ્રત્યે વૈરાગ્ય
તથા આત્મામાં નિત્ય એકાગ્રતાનો અભ્યાસ - એ બે
ચિત્તનિરોધ તથા સ્વરૂપભાનનાં અસાધારણ કારણો છે.
વ્યક્તિના અધિષ્ઠાન તરીકે રહેલો શબલ આત્મા
અને સમષ્ટિના તરીકે રહેલ બ્રહ્મ - બંને એક જ છે.

આવી બુદ્ધિનો નિર્ણય - તે પરોક્ષ જ્ઞાન છે અને
એની અનુભૂતિ - તે અપરોક્ષ જ્ઞાન છે.
મિથ્યાજ્ઞાનથી બંધન અને યથાર્થજ્ઞાનથી મોક્ષ થાય છે.
અજ્ઞાનાવસ્થામાં આત્મા જગતરૂપે અનુભવાય છે અને
જ્ઞાનાવસ્થામાં આત્મા બ્રહ્મરૂપે અનુભવાય છે.

યોગમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં શું ફેર?

યોગમાર્ગમાં પ્રત્યાહાર - ધારણા - ધ્યાન - સમાધિ અને
જ્ઞાનમાર્ગે શ્રવણ, મનન, નિદિધ્યાસનનો આશ્રય લેવાય.
આ જગતમાં આત્મા સિવાય બીજું કાંઈ છે જ નહિ.
માત્ર મૂઢ લોકો જ શરીર અને મનને આધીન થાય છે.
શુદ્ધ, નિરાકાર, નિર્વિકાર આત્માનું અનુસંધાન રાખનાર
જ્ઞાનીને ભોગોની વાસના ક્યારેય બાંધી શકતી નથી.
વિવેકહીન - મૂઢ મનુષ્યો જ આશાઓ રૂપી
સાંકળોથી બંધાય છે અને દુઃખોથી ગ્રસ્ત થાય છે.
શાંત અને સ્થિર ચિત્તથી અવલોકન કરીને વિશ્વનું
આ ખરું સ્વરૂપ જાણો. આ જગતમાં દ્વૈત છે જ નહિ,
એક જ શાશ્વત પદાર્થ અનેકરૂપે ભાસે છે.

મુક્તિ એટલે મર્યાદિત અહંનો ત્યાગ.

સર્વોત્કૃષ્ટ શુદ્ધિ, ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.

'ॐ હ્રીં અર્હં નમઃ ।'માં...

(૧) નમોઽસ્તુ = ઇચ્છાયોગ.

(૨) ॐ = શાસ્ત્રયોગ. (3) હ્રીં = સામર્થ્યયોગ.

(૪) અર્હં = અયોગ કેવળ.

વિચારની નિવૃત્તિ = પદભંજન.

(૧)(a) વિનય = નમઃ, દાસોઽહં, ક્રિયા, હું તમારો, દુષ્કૃતગર્હા, ઇચ્છાયોગ ઇત્યાદિ.

(b) વિદ્યા = અર્હં, સોઽહં, જ્ઞાન, તમે મારા, સુકૃતાનુમોદન, શાસ્ત્રયોગ ઇત્યાદિ.

(c) વિવેક = તારું, ॐ, જ્ઞાન + ક્રિયા, તમે અને હું, એક - અભેદ, ચતુઃશરણ - સમર્પણ, સામર્થ્યયોગ.

(d) વિભુ = સિદ્ધસ્વરૂપ, પરાતીત, ઉચ્ચારાતીત, જ્ઞાન - શક્તિ, બ્રહ્મસ્વરૂપી, સર્વવ્યાપી, જ્યોતિસ્વરૂપી, અયોગિતા.

ઉચ્ચારની નિવૃત્તિ = પદભંજન

(૧) ઉપદેશ = મંત્રભાવના,
પાસે રહેલ આત્માને જગાવવું, દર્શનયોગ.

(૨) ઉપકાર = પ્રમોદ, જ્ઞાનયોગનો ભજનો, આનંદ દાન.

(3) ઉદાર = કારુણ્ય, ચારિત્રયોગ, અભયદાન, યોગ.

(૪) ઉન્મનીભાવ = માધ્યસ્થ્ય, તપોયોગ, ઉપશમ, સમતા.

## પ્રચારની નિરૂક્તિ - પદભંજન

(૧) પ્રતિક્રમણ = સૌ પ્રથમ આચારઃ પ્રથમો ધર્મઃ ।

(૨) પ્રશાપકતા = આચારપૂર્વક વિચાર.

(3) પ્રરૂપણતા = આચાર અને વિચારપૂર્વક ઉચ્ચાર.

(૪) પ્રભુતા = આચાર, વિચાર અને ઉચ્ચારપૂર્વક પ્રચાર.

ચોથે ગુણઠાણે પ્રારંભ, નવમે શ્રેણિ, ૧૩મે કેવળજ્ઞાન.

પ્રવૃત્તિમાર્ગમાં કામ - સંકલ્પ મુખ્ય છે.

તેને પ્રતિબંધનપૂર્વક પ્રવૃત્તિ ગ્રહણ કરે છે.

નિવૃત્તિમાર્ગમાં જ્ઞાન અને ત્યાગ - એ મુખ્ય છે.

કર્મમાં પ્રવૃત્તિ કામનાદિ - જ્ઞાનમાં તે ત્યાગાદિ રૂપ છે.

જ્યાં સુધી દેહરૂપી સાધન છે,

ત્યાં સુધી જ્ઞાની કે અજ્ઞાની - ઉભય માટે

ભૂમિકાનુસાર કર્મ ગ્રહણ મુક્તિ માટે જરૂરી છે.

રાગાદિ પર એવું હૃદય, અસત્યરહિત વાણી તથા

હિંસારહિત શરીર - એ ઈશ્વરની પૂજા છે.

સમતા સમાધિરૂપ છે. દ્રષ્ટા - દૃશ્ય જ્યાં સુધી અલગ રહે, ત્યાં સુધી તે 'ધ્યાન' કહેવાય છે. મન, વચન, કાયાની એકરૂપતા તે આર્જવ છે. મનઃશુદ્ધિ તે અભ્યંતર શૌચ છે. ધર્મના વિષયમાં વિશ્વાસ તે આસ્તિકતા છે.

'આચારઃ પ્રથમો ધર્મઃ ।'

'આચાર' શબ્દના નીચેના ચાર વર્ણ:

જે પ્રથમ ધર્મ છે, શ્રેષ્ઠ ધર્મ છે, પ્રધાન ધર્મ છે.
એનો અર્થ પદભંજન રૂપી નિરુક્તિ વડે થઈ શકે છે.

(૧) આ = આત્માને ઓળખો.

દુષ્કૃતગર્હા રૂપી સ્નાન વડે પાપરૂપી અશુદ્ધિને દૂર કરી,
સ્વરાગ દ્વેષ મેલને ધોઈ જ્ઞાનચેતનાને પ્રકાશિત કરી.

(૨) આ = આલંબન અરિહંતાદિનું સ્વીકારો,

સુકૃતાનુમોદન રૂપી વસ્ત્રને ધારણ કરી,
દર્શનગુણની શુદ્ધિ કરી દ્વેષ રૂપી કાલિમાને દૂર કરી.

(૩) આ = આજ્ઞાને આરાધો.

ચતુઃશરણાગમન રૂપી અલંકારને સ્વીકારો.
દેવ-ગુરુ-ધર્મને સમર્પિત થાઓ. મોહનો નાશ કરી.
સંપૂર્ણ વિનમ્રતા એ ચિત્તની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે.

(૪) આ = આનંદનો અનુભવ કરી.

દુષ્કૃતવર્જનરૂપી જલ વડે આનંદને અનુભવી
સુકૃતસેવનરૂપી મિષ્ટાન્ન વડે સચ્ચિદાનંદસ્વરૂપનો
અનુભવ કરી. શુદ્ધાત્મશરણાગમનરૂપી નિધાન પ્રાપ્ત
કરવા ક્રમશઃ ભવનો છેદ કરી સિદ્ધિરમણીને વશ કરી.

વશિષ્ઠ મુનિ પોતાના પુત્ર શક્તિને ઉપદેશે છે કે:

સંસારથી ભય પામેલા દેહધારીએ જ્ઞાનપૂર્વક દેહનો
અંત ન આવે, ત્યાં સુધી મુક્તિ માટે નિત્ય ધારણા,
ધ્યાન અને સમાધિનો યથાવિધિ અભ્યાસ કરવો.
ધારણા = યમાદિપાલન સંગે મન આત્મામાં સ્થિર થાય તે.
પ્રાણના બંધ અને મોક્ષનું મુખ્ય કારણ તે ધ્યાન છે.
આત્મસ્વરૂપનું ધ્યાન અને અનુભૂતિ મનથી થાય છે.
યમ - નિયમસંપન્ન થઈ, પ્રાણ તથા ઇંદ્રિયોને જીતી,
ધારણા - ધ્યાન કર્યા બાદ સમાધિનો અભ્યાસ કરાય છે.
જીવાત્મા અને પરમાત્માની સમતાની અવસ્થા તે સમાધિ
અથવા આત્માને આત્મામાં સ્થાપવો, તે સમાધિ છે.
સચ્ચિદાનંદસ્વરૂપ આત્માનું ધ્યાન ધરતાં સમાધિ થાય.
જિનાજ્ઞા = આશ્રવ હેય - સંવર ઉપાદેય. જિનાજ્ઞા જેના
હૃદયમાં અંકિત થઈ જાય, તેનું જીવન - મરણ તથા
પરલોક સુધરે અને અંતે પરમપદની પ્રાપ્તિ થાય.
દુષ્કૃત - આશ્રવની ગર્હા, સુકૃત - સંવરની અનુમોદના
અને આરાકારક પ્રભુની ભક્તિ તથા બહુમાન દ્વારા
શરણાગતિથી સાધકને જીવનમાં સંતોષ,
મરણમાં સમાધિ અને જન્માંતરમાં બોધિ મળે છે.

ઉદાસ એટલે...

નિરપેક્ષ, તટસ્થ, લોલુપતાઓથી પર, ઉપરતિ, વિરક્તિ.
આ જાતની ઉદાસ સ્થિતિ તત્ત્વદર્શનની જન્મદાત્રી છે.

જ્ઞાનીની ઉદાસીનતા એટલે...

દુ:ખ અને સુખથી વિમુખ નહિ પણ પર.
તે નિર્વિકલ્પ દશાથી નીતરતી નિર્ઝરિણી છે.
ઉદાસીનતાનો અનુભવ અલૌકિક છે,
નથી તૃપ્તિ કે નથી અતૃપ્તિ -
હૃદયની દશા તે વખતે નિરાનંદી અને નિજાનંદી છે.
તે સમષ્ટિગત અનુભૂતિનો વ્યક્તિગત રણકાર છે.
નથી અંધકાર કે નથી અજવાળું, એવી સ્થિતિના
અડધા મૌનમાં પ્રકાશની પહેલી હજી ફૂટી ગઈ નથી.
મૌનમાં પહેલી ફૂટી - ઓગળી જઈ સમરસ થઈ જાય,
ત્યારે એ મૌન બોલ્યા વગર બોલે છે.
આવું મૌન જે કરે છે, તે મંત્ર જ રટે છે.

જપમાં સંભળાતા ધ્વનિના પ્રકાર

મોટેથી શબ્દ તે ઉપાંશુ જાપ, મનમાં શબ્દ તે માનસજાપ.
પ્રારંભમાં શંખધ્વનિ, મધ્યમાં મેઘનાદ અને અંતે પર્વત
ઉપરથી પડતાં ધોધ જેવો ધ્વનિ સંભળાતો રહે છે.

અનાહત નાદ આત્માના વિશુદ્ધ સ્વરૂપનો અભિવ્યંજક છે.
એને જાગૃત કરવાને આત્મા દિવ્ય બની જાય છે,
તેથી તેને 'અનાહત દેહ' કહેવાય છે.
જેની રગેરગમાં પ્રભુ માટે પ્રેમ વ્યાપી રહ્યો છે અને
જેના શ્વાસોચ્છ્વાસે પ્રભુના નામની અખંડ ધુન ચાલી
રહેલી છે, તેને આ વિશ્વમાં કોઈપણ વસ્તુની કામના
રહેતી નથી. પરમતત્ત્વ આપણા અંતરમાં જ રહેલું છે
અને આપણે તેના ગોતાગોત બહાર કરીએ છીએ.

ક્રિયા કરો અને અનુભવો. Do & see.

આધ્યાત્મિક અનુભવો માટે આ ક્રમ છે કે:
પ્રથમ ક્રિયા, પછી લાભ.

કોઈપણ ક્રિયા પ્રથમ physical બને છે,
પછી mental અને અંતે spiritual બને છે.
જૈનદર્શન એ મોક્ષમાર્ગ છે, જે યોગ વડે જ પ્રાપ્ય છે.
યોગ એ રત્નત્રય સ્વરૂપ છે અને
રત્નત્રય એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે.
હઠયોગ, રાજયોગ - એ બધાં પગથિયાં છે.

°

They are the steps to higher knowledge and self-realisation.

જેટલી ઊંડાણથી દેહનાં નામ અને રૂપમાં આસક્તિ છે,
તેટલી જ ઊંડાણથી ભગવાનનાં
નામ અને રૂપમાં જો ભક્તિ જાગે, તો શાન્ત થવાય.
જ્યારે ભગવાનના નામ અને રૂપમાં થતી ભક્તિ
શાન્ત રસમાં પરિણમે છે, ત્યારે આપણી દેહાસક્તિ
વિવિધરૂપે ચિત્તની ચપળતામાં પરિણમે છે.
દેહના નામરૂપમાં રહેલી આસક્તિના નિવારણનો ઉપાય
પ્રભુના નામ - રૂપમાં ભક્તિ ઉત્પન્ન કરવી, તે છે.
જેમનું આત્મસ્વરૂપ આવરણથી રહિત થયું છે અને
જેઓ દેહધારી છે, તેમના નામ તથા ગોત્રનું સ્મરણ
પાપના ક્ષયનો પરમ મંગલ ઉપાય છે - સિદ્ધ ઉપાય છે.

ભાવસમાધિમાં ત્રણ રત્ન

ધર્મનું પ્રાબલ્ય, ભક્તિમત્તા અને શુદ્ધ આત્મસ્વરૂપનું
ચિંતનાત્મક ભાન. એથી વિષય-કષાયની અશાંતિ મટે.

ભાવસમાધિ = રત્નત્રયીની તાત્ત્વિક સાધના.

ધર્મમાં સ્વર્ગજનકત્વ ઉપેક્ષણીય છે અને
મોક્ષજનકત્વ જ ઉપાદેય છે.

'અનુકંપા દીનાદિકની જે કરે જ, તે કહિયે દ્રવ્યસમાધિ;
સારણાદિકથી ધર્મે સ્થિર કરે જ, તે કહિયે ભાવસમાધિ.'

# અનાહત અને ભાવસમાધિનું સાયુજ્ય

અનાહત એ ધર્મધ્યાનરૂપ છે.

ધર્મધ્યાન વડે આત્મા સમ્યગ્દર્શનાદિક સ્વસ્વરૂપમાં સ્થિર બને છે, માટે તે ભાવસમાધિ છે. જે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ ભાવસમાધિમાં સ્થિત બને, તે ચારિત્રમાં સ્થિત હોય અને જે ચારિત્રમાં સ્થિત રહે છે, તે સમાધિમાં સ્થિર બને છે.

દર્શનસમાધિવાળો જિનવચનથી ભાવિત થવાના કારણે કુમતના કુતર્કોથી ભ્રમિત થતો નથી.

જ્ઞાનસમાધિવાળાને સંવેગ અને શ્રદ્ધાની વૃદ્ધિ થાય છે.

તે ચારિત્રસમાધિમાં ય નિઃસંગ, નિરાશંસ બને છે.

તપસમાધિવાળો પરિષહોની યાતનાથી ઉદ્વેગ પામતો નથી, તે સિદ્ધોની જેમ સુખ - દુઃખથી બાધિત થતો નથી.

દ્વિતીય ખંડમાં બતાવેલ સમાધિનું આ સ્વરૂપ અનાહતને સમજવામાં સહાયક બને છે.

અક્ષરધ્વનિથી રહિત, ચિત્તનાં તરંગ વિનાનું, સમભાવમાં સ્થિત અને સહજ અવસ્થાને પ્રાપ્ત થયેલ ચિત્તમાં અનાહત ઉત્પન્ન થાય છે. અનાહતનો જ્યારે બ્રહ્મરંધ્રમાં લય થાય, ત્યારે પરતત્ત્વ સમાપત્તિ રૂપ સમાધિ પ્રકટે છે.

most Important

## વૈરાગ્ય અને સમાધિ

દુઃખનું ઔષધ સમાધિ, સુખનું ઔષધ વૈરાગ્ય.
કર્મવિપાકના વિચારથી સમાધિ રહે અને
કર્મબંધના જોખમોના વિચારથી વૈરાગ્ય વધે.
વૈરાગ્ય માટે કર્મબંધના જોખમો વિચારવા,
સમાધિ માટે કર્મનો ઉદય વિચારવો. વૈરાગ્ય માટે
'બંધ સમયે ચિત્ત ચેતીએ' ઉપદેશનું વચન છે અને
'ઉદયે શ્યો સંતાપ ?' એ વચન સમાધિવૃદ્ધિ માટે છે.
સુખ વખતે જગાવનાર વૈરાગ્ય છે તથા
દુઃખ વખતે રક્ષણ કરનાર સમાધિભાવ છે.
સુખમાં નવાં અશુભકર્મ ઉપાર્જન થઈ શકે છે,
દુઃખમાં પૂર્વનું અશુભકર્મ નિર્જરા થાય છે.
સમ્યગ્દૃષ્ટિને સુખનો ભય છે અને દુઃખમાં હર્ષ છે.
દુઃખમાં દીન બનવું અને સુખમાં લીન બનવું,
એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે.
દુઃખમાં ધીર થવું અને સુખમાં સુકુમાર બનવું,
એ સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે.
'સુકુમાર' એટલે બીજાના દુઃખે દ્રવિત થવું,
જેથી સુખનો સદુપયોગ થાય પણ દુરુપયોગ ન થાય.

મોક્ષને માટે મનને સૌ પ્રથમ વિવેકથી અને વૈરાગ્યથી
ઊંડું ખેડવું જોઈએ તથા સાત્વિક બનાવવું જોઈએ.
અનિત્ય પદાર્થોમાં આસક્તિનો ત્યાગ એ જ વૈરાગ્ય છે.
પ્રથમ વિવેક વડે નિત્યાનિત્યની સમજ અને પછી
વૈરાગ્ય વડે અનિત્યના ત્યાગપૂર્વક નિત્યનો સ્વીકાર.

Transcendental meditation અર્થાત્
ઇંદ્રિયાતીત ધ્યાનાવસ્થાનાં મુખ્ય લક્ષણો

શરીરને ઊંડો આરામ અને ઉપશાંતિમાં વધારો,
પ્રાણવાયુનો ઓછો ઉપયોગ, શ્વાસની ધીમી પ્રક્રિયા,
હૃદયના ઓછાં ધબકારા તથા
ચામડીની સંવેદનશીલતામાં નોંધપાત્ર વધારો વગેરે છે.
આ અવસ્થા દરમ્યાન ચિન્તામાં ઘટાડો જણાય છે.
શરીર ઊંડા આરામની સ્થિતિમાં હોય છે, ત્યારે મગજ
આંતરિક જાગૃત અને સજાગતાની સ્થિતિમાં હોય છે.
ધ્યાનાવસ્થાની આ ચોથી સ્થિતિને
'આરામસભર' ધ્યાન તરીકે ઓળખાવી શકાય.
મનુષ્યનું સૌથી મોટું સુખ તેની પોતાની સારપમાં છે
અર્થાત્ કષ્ટ અને દુઃખ હોવા છતાં
તે નૈતિક નિયમોનું પાલન કરે, એમાં છે.

## સંભેદ તથા અભેદ પ્રણિધાન

ધ્યેય સાથે અભેદ સાધવાનું સ્થાન સહસ્રાર ચક્ર છે,
તેમાં પ્રવેશ કરવા માટે જે ધ્યાન કરવું,
તે સંભેદ પ્રણિધાન કહેવાય છે અને તેમાં
ધ્યાતાનો ધ્યેય સાથે સંશ્લેષરૂપ કે સંબંધરૂપ ભેદ છે.
જે ધ્યાનમાં સ્વયં ધ્યેયરૂપ થઈ
અને ધ્યેયની સાથે પોતાના આત્માનો સર્વ પ્રકારે
અભેદ સાધવાનો હોય છે, તે અભેદ પ્રણિધાન છે.
સંભેદ દ્વારા જ અભેદને સાધી શકાય છે.

સમાધિઃ ધ્યાનવિશેષઃ । દશ૦ હા૦ વૃત્તિ
સમાધિસ્તુ તદેવાર્થમાત્રનિર્ભાસિનસ્વરૂપકઃ । અભિ૦
વિશિષ્ટ ધ્યાન તે સમાધિ. - દશવૈકાલિક હારિભદ્રીયટીકા
તે જ પદાર્થ વિષે 'અભિધાન કોષ'માં એમ કહ્યું છે કેઃ
આત્મસ્વરૂપનું અનુભાવન થવું, તે સમાધિ છે.

જે કાળે ધર્મ મળે, તે સત્યુગ.
ધર્મ મળે કલિકાળમાં તો કલિકાળ પણ નમસ્કારલાયક
બને. કલિકાળ એ માટે ખરાબ છે કે જેને ધર્મ કરવો છે,
જેને ઊંચા કામ કરવા છે, તેમનામાં તાકાત નથી હોતી,
જેમનામાં તાકાત હોય, તેમનામાં ભાવના જ હોતી નથી.

## 'સચ્ચિદાનંદ'નો જાણો સુંદર અર્થ

કોઈપણ કામને વ્યવસ્થિતપણે પાર પાડવું હોય,
તો તે માટે ત્રણ વસ્તુ આવશ્યક છે:
કામમાં વેગ જોઈએ, વ્યવસ્થિતપણું જોઈએ અને
ત્રીજી વસ્તુ એ કે તે કામ વિષેનું જ્ઞાન જોઈએ.
લખતાં ક્યારે આવડ્યું કહેવાય?
શીઘ્ર લેખન એ કર્મ, સુંદર લેખન એ ભક્તિ અને
શુદ્ધ લેખન એ જ્ઞાન. એ ત્રણે ત્રણનો યોગ સાધવો,
એ જ કામ કરવાની સાચી આવડત ગણાય.
આનું જ બીજું નામ 'સચ્ચિદાનંદ'.
કામનો વેગ એ સત્, સમજણપૂર્વક કરવું તે ચિત્
અને કામનું વ્યવસ્થિતપણું એ આનંદ.
જે કામમાં વેગ નથી, તે અસત્ છે.
જ્ઞાન ગયું એટલે ચેતના જ ગઈ જાણવી અને
વ્યવસ્થિતપણું ગયું એટલે આનંદ જ ગયો માનવો.
આત્મા સચ્ચિદાનંદ છે, તેથી
તેની પ્રત્યેક ક્રિયામાં ત્રણ ગુણોનો સુમેળ જોઈએ.
યોગઃ કર્મસુ કૌશલમ્ ।
અર્થાત્: કાર્યની કુશળતા એ જ યોગ.

આત્મા સચ્ચિદાનંદઘન છે. સકલ અવસ્થામાં તેની શક્તિ
નાદ - બિન્દુ - કલા અને અમૃતરૂપે પ્રગટ થાય છે.

અરૂપી ગુણનો વિકાસ તે નાદ,
અગુરુ - લઘુ ગુણની સ્થિતિ તે બિન્દુ,
અવ્યાબાધ ગુણનો વિકાસ તે કલા અને
અક્ષય સ્થિતિની અભિવ્યક્તિ તે અમૃત સ્વરૂપ છે.

કર્મના ચાર શુભ વિપાકના ચાર નામ છે:
નાદ એ નામકર્મ, બિન્દુ એ ગોત્રકર્મ,
કલા એ વેદનીયકર્મ અને અમૃત એ આયુષ્યકર્મ,
એમ અઘાતી ચારે શુભ વિપાકના ચાર નામ છે.

તેમાંથી જે જ્યોતિ પ્રકટે છે,
તે આત્માના શુદ્ધ જ્ઞાનાદિ સ્વરૂપનું પ્રતીક છે.
તે બધાનું સ્મરણ એક જ મંત્રથી કરવું હોય, તો
મંત્ર છે: 'ૐ અર્હં નમ ઇતિ સચ્ચિદાનંદઘન
નાદબિન્દુકલાજ્યોતિઃસ્વરૂપાય નમો નમઃ।' - વર્ણ ૩૨

આત્મા એમ સત્ - ચિત્ - આનંદસ્વરૂપ છે,
તેમ સ્વરાટ અને સમ્રાટ પણ છે.
'સ્વરાટ' એટલે સ્વતંત્ર અને 'સમ્રાટ' એટલે સર્વતંત્ર.
સ્વતંત્ર = પોતે પોતા સિવાય બીજા કોઈને આધીન નહિ.

સર્વતંત્ર = સર્વ ઉપર પોતાનું આધિપત્ય છે.
એ રીતે પાંચ ગુણવાળો આત્મા ઐશ્વર્યકી
આત્મા સચ્ચિદાનંદઘન આકૃતિ
નાદ - બિન્દુ - કલા અને જ્યોતિઃ સ્વરૂપ પણ છે.
નાદ - બિન્દુ - કલા એ સ્વાતંત્ર્યતાનાં પ્રતીક છે અને
જ્યોતિ એ સર્વતંત્રતાનું ચિહ્ન છે.
એ માટે સંપૂર્ણ મંત્ર ઉપર મુજબ બન્યો.

કાલી - લક્ષ્મી - સરસ્વતીનું નવું સ્વરૂપ

દુષ્કૃતગર્હા કાલી છે, સુકૃતાનુમોદના લક્ષ્મી છે અને
શરણાગમન સરસ્વતી છે. પ્રયત્ન કરનારા થોડા છે,
એમાં પણ સફળતા મેળવનાર વિરલ છે.
સરસ્વતી દેવી પાસેથી પ્રસાદની પ્રાપ્તિ કરી લીધી, એણે
જીવન્મુક્તિ મેળવી લીધી, સચ્ચિદાનંદમાં સ્થિર થયો,
સાધનાનું ધ્યેય સિદ્ધ થયું, વિજયનો ધ્વજ લહેરાયો
તથા તેને 'અહં બ્રહ્માઽસ્મિ ।'ની પ્રતીતિ થઈ.

o સમાધિઃ સમ્યગ્ આધીયતે, વ્યવસ્થાપ્યતે મોક્ષં,
તન્માર્ગં વા પ્રતિ યેનાત્મા ધર્મ-
ધ્યાનાદિના સ સમાધિઃ, ધર્મધ્યાનાદિકઃ ।
અથવા યેન ધર્મેણ યોગ્યઃ ક્રિયતે અસૌ ધર્મઃ સમાધિઃ ।

(પરિશિષ્ટ-૧૨)

Life - સત = નાદ, નાદમાંથી બિન્દુ.

Light - ચિત = બિન્દુ, બિન્દુમાંથી કલા.

Love - આનંદ = કલા, કલામાંથી ઉન્મના, આત્મભાવસ્થા.

'ધ્યેય' એટલે ધ્યાનનો વિષય અથવા આલંબન.

કોઈપણ ધ્યેય ચિન્તવવાનો અંતિમ હેતુ
આત્મધ્યાન ઉપર આરૂઢ થવાનો છે. જે કાંઈ ચિન્તવતાં
આત્મા નિરાલંબવૃત્તિને પામી અકંપપણું પામે, તે ધ્યેય.

તેમાં મુખ્ય ધ્યેય ત્રણ છે:

(૧) જિનાયતન અથવા મૂર્તામૂર્ત વસ્તુ.

(૨) પંચપરમેષ્ઠિ અને (૩) આત્મા.

આત્મસ્વરૂપઅજ્ઞાન રૂપ અવિદ્યાને ટાળે, તે ખરી વિદ્યા.
આત્મવિદ્યા જ આત્મઅજ્ઞાનને ટાળે છે.

અન્ય વિષયોને છોડીને કેવળ
ધ્યેયવસ્તુનું સતત ધ્યાન કરવું, તે ભાવના છે.

જેનું ચિત્ત નિર્મળ હોય છે, તેને પ્રભુભાવના અને
જેનું ચિત્ત મલિન છે, તેને વિષયવાસના હોય છે.

અંતરાત્માને વિષે પરમાત્માના ગુણોનો નિવેશ કરવો,
તે સંસર્ગારોપ સમાપત્તિ અને પરમાત્મામાં અંતરાત્માનું
વિલીનીકરણ કરવું, તે અભેદારોપ સમાપત્તિ છે.

ધ્યાનની એકાગ્રતા એ ચિત્તપ્રસન્નતા છે અને તે
મૈત્ર્યાદિભાવો સ્વરૂપ છે, તેથી ચિત્તનો સંક્લેશ ટળે છે.

સંક્લેશ એટલે - તમોગુણરૂપ છે.

રજોગુણથી ચંચળતા અને તમોગુણથી મલિનતા સર્જાય છે.
એક વિષયવૃત્તિરૂપ છે અને બીજી કષાયવૃત્તિરૂપ છે.

મૈત્ર્યાદિથી કષાયવૃત્તિ શમે છે અને
જ્ઞાનાદિના અભ્યાસથી વિષયવૃત્તિ શમે છે.

ચિત્તપ્રસન્નતાનું મૂળ છે...
અરિહંત પ્રભુની આજ્ઞાના પાલનનો અધ્યવસાય.
ઇચ્છાનો નાશ આજ્ઞાપાલનથી જ શક્ય છે.

## પરિહરવાલાયક પાંચ દ્વાર

(૧) ૧૮ પાપસ્થાનકો (૨) આઠ પ્રકારના મદ
(3) ક્રોધાદિ ચાર કષાયો (૪) પ્રમાદ (૫) પ્રતિબંધ ત્યાગ.

## કરવાના ૧3 દ્વાર

(૧) સમ્યક્ત્વમાં સ્થિરતા (૨) અરિહંતાદિ ઉપર ભક્તિ.
(3) પંચ નમસ્કારપરતા (૪) આજ્ઞોપયોગ
(૫) પંચમહાવ્રત રક્ષા (૬) ચતુઃશરણગમન (૭) દુષ્કૃતગર્હા
કરવી (૮) સુકૃતાનુમોદન (૯) બાર ભાવના (૧૦) શીલપાલન
(૧૧) ઇંદ્રિયોનું દમન (૧૨) તપમાં ઉદ્યમ (૧3) નિઃશલ્યતા.

સાધનાની ભૂમિકાઓમાં ક્રમ જાળવવાની જરૂર છે.
જો કોઈ પગથિયું ઓળંગવાની ઉતાવળ કરશે, તો
તે ભૂલો પડશે અને તેને એમાં નિષ્ફળતા મળવાની.
અધીરા જનોને લાભ મેળવવા મથે, તેઓ નિરાશ થાય.
સાધકમાં તમોગુણ તથા રજોગુણની
અશુદ્ધિઓને કાઢવા જેટલું ધીરજ હોવી જ જોઈએ.
વિકૃતિવાળી ભૂમિકામાં સાત્ત્વિક છોડ ઉગે જ નહિ.
સાધકે બંને છેડા સમજી લેવા જોઈએ:
પોતાની વર્તમાન ભૂમિકા અને ધ્યેયનું સ્વરૂપ.
એમ કરતાં કરતાં ભાવરૂપ - શક્તિરૂપ થઈ જવાશે,
પોતાને સર્વ ભૂતોમાં જોઈ શકાશે, જીવન્મુક્ત થવાશે,
જન્મ - મરણના અનંતચક્રમાંથી છૂટકારો મળશે,
સંસારસમુદ્રને તરી જવાશે, ચિન્તા - ભય - વિપદાઓનો
અંત આવશે અને વળી શાશ્વત વિજય વરી શકાશે.
મનુષ્યદેહ પાંચ ભૂતોનો બનેલો છે.
પાંચ ભૂતો પાસેથી લીધેલા સામગ્રીઓ દ્વારા
બંધાયેલા દેહમાં જીવ રહેલો છે.
જીવ અજ્ઞાનને લીધે દેહને પોતાનો માની બેસે છે,
તેથી તેને બંધન થાય છે અને બંધન એ જ દુઃખ છે.

## સંસારસાગરનું સ્વરૂપ

(૧) તેમાં કર્મજનિત જન્મ - જરા - મરણરૂપી જળ છે.
(૨) મહામોહરૂપી આવર્તનો છે. (૩) વાસનારૂપી ભરતી છે.
(૪) આશારૂપી પવનથી પ્રકૃષ્ટ કષાયરૂપી પાતાળકળશો છે.
(૫) સંકલ્પ - વિકલ્પરૂપી કલ્લોલ (૬) અજ્ઞાનરૂપી દુર્દિન
(૭) કદાગ્રહરૂપી દુર્વાત ઉપરાંત
(૮) વ્યાધિરૂપી મત્સ્ય - કચ્છપ તથા દોષરૂપી પર્વત છે.

## સંસારસાગરને તરવાના ઉપાય

(૧) ચારિત્ર રૂપી પોત
(૨) સમ્યક્ત્વ રૂપી દૃઢ બંધન
(૩) ૧૮૦૦૦ શીલાંગ રૂપી ફલક (૪) જ્ઞાનરૂપી નિર્યામક
(૫) ગુપ્તિ રૂપી નિશ્છિદ્રતા
(૬) ઉત્સર્ગ તથા અપવાદ રૂપી ભૂદંડ - આચાર રૂપી મંડપ
(૭) સદાશય રૂપી ખીલાઓ
(૮) સદ્યોગ રૂપી કૂપસ્તંભ ઉપર અધ્યાત્મ રૂપી સઢ
(૯) તપ રૂપી અનુકૂળ પવન
(૧૦) સદ્ભાવના રૂપી મંજુષામાં સચ્ચિત રૂપી રત્ન
(૧૧) વૈરાગ્ય રૂપી માર્ગ અને તે ઉપરાંત
(૧૨) નિર્વાણનગરમાં રહેવાથી સંસારસાગર તરી શકાય.

## મોહરાજ અને ચારિત્રરાજનું યુદ્ધ

(૧) દુર્બુદ્ધિ રૂપી નાવ અને દુષ્ટ નીતિ રૂપી નાવ મોહરૂપી લુંટારાના દુષ્ટ બુદ્ધિવાળા સુભટોનો તત્ત્વચિન્તનાદિ તીક્ષ્ણ બાણો વડે વધ.

(૨) સમ્યગ્દર્શનમંત્રી દ્વારા મિથ્યાત્વમંત્રીનો ઘાત.

(૩) પ્રશમાદિ યોદ્ધાઓ વડે કષાયોનો નાશ.

(૪) શીલ રૂપી સુભટ દ્વારા કામના રૂપી ચોરનો ઘાત.

(૫) વૈરાગ્ય રૂપી સેના વડે હાસ્યાદિ લુંટારાઓનો ઘાત.

(૬) શ્રુતોદ્યોગ આદિ દ્વારા નિદ્રાદિનો અંત.

(૭) ધર્મ-શુક્લધ્યાન દ્વારા આર્તરૌદ્રધ્યાનનો વિજય.

(૮) ઇંદ્રિયવિજય વડે અસંયમનો અંત.

(૯) ક્ષયોપશમભાવ રૂપી સુભટો વડે ચક્ષુદર્શનાવરણાદિ કર્મનો અંત. (૧૦) પુણ્યોદય દ્વારા અશાતાનો અંત.

(૧૧) ધર્મરાજ વડે રાગકેસરી અને દ્વેષગજેન્દ્ર તથા તેના પિતા મોહમહારાજનો અંત.

(૧૨) ધર્મમહારાજના વિજય વડે સાધુપુરુષો રૂપી વહાણોને સંસારસાગરનો પાર, મોક્ષનગરની પ્રાપ્તિ થશે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

-'અધ્યાત્મસાર', શ્લોક ૬૧૭/૨૮

## <u>સાચી સિદ્ધિ કોને કહેવાય ?</u>

<u>ભાષણો કે વ્યાખ્યાનો આપવા અથવા શિબિરો યોજવા,</u>
<u>તે પંડિતોનું કાર્ય ગણાય, પરન્તુ સિદ્ધ પુરુષોનું નહિ.</u>
મહર્ષિ રમણ, શ્રી અરવિંદ કે રંગઅવધૂત વગેરે ભાષણો
કે વ્યાખ્યાનો આપવા કોઈ જગ્યાએ ગયા નહિ અને
પોતાના આશ્રમોમાં પણ ભાષણ કે વ્યાખ્યાન આપ્યાં નહિ.

અધ્યાત્મનો સંબંધ આત્મતત્ત્વ સાથે છે.
તે આત્મતત્ત્વને ઓળખવાનું તથા પામવાનું વિજ્ઞાન છે.
જ્યાં સુધી આત્મા કે પરમાત્મા સાથે તાર જોડાય નહિ,
ત્યાં સુધી સાચા અર્થમાં આધ્યાત્મિકતા આવતી નહિ.

સદા સર્વદા બ્રાહ્મીસ્થિતિમાં રહેવું અને
એક પળ માટે પણ ઈશ્વર અથવા
આત્માનું વિસ્મરણ ન થવું, તે જ સાચી સિદ્ધિ છે.

## સંતોને <u>થયેલા સાકાર - નિરાકાર પ્રભુદર્શન</u>

નરસી, મીરાં, તુલસી, તુકારામ વગેરેને સાકાર સ્વરૂપે
અને નાનક, કબીર, રમણમહર્ષિ વગેરેને નિરાકારરૂપે
પરમાત્માનાં દર્શન થયેલ હતાં તથા શ્રી રામકૃષ્ણ,
અરવિંદ, વિવેકાનંદાદિને ઉભય સ્વરૂપે દર્શન થયાં છે.
નિરાકાર દર્શન વિશાળ - અગાધ મહાસાગર જેવું છે.

મહાસાગરમાં કોઈ જગ્યાએ ભરતું આવવાને
આકાર થયો હોય, તો તે આકાર દર્શન છે.
સિદ્ધ વ્યક્તિની આજુબાજુ તથા ઉપર - નીચે
દિવ્ય આનંદ, પવિત્રતા અને શાંતિ ઉભરાય છે.
જિજ્ઞાસુ પણ ખુલ્લા દિલથી તેમાં પ્રવેશે,
તો તેના ચિત્તના પણ ઉચ્ચસ્તરમાં વિહરવા માંડે છે.
સૂક્ષ્મ એવા આત્મા અને પરમાત્માનો
જેમણે સાક્ષાત્કાર કર્યો છે, તેના માટે દૃશ્ય કે
દુનિયાની ભૌતિક ઘટનાઓ ગૌણ, એ સહેલી વાત છે.
આત્મા સર્વસ્વ છે, તેની સાથે જેણે નિરંતર અદ્વૈત
સાધ્યું છે, તેનામાં સર્વસ્વના ગુણો સહેજે આવી જાય છે.
જ્યોતિષનું ભૌતિક કથન ચોક્કસ કે ખોટું હોઈ શકે,
સિદ્ધપુરુષનું ભૌતિક કથન કદી મિથ્યા હોતું નથી. તેમના
દર્શનમાત્રથી જિજ્ઞાસુનો આત્મા જાગ્રત થઈ જાય છે,
તેના સત્સંગથી જીવન ધન્ય - ધન્ય થઈ જાય છે.

## કમનસીબ કે અભાગિયો કોણ ?

ભારતવર્ષની આ પવિત્રતમ ભૂમિ ઉપર
માનવ તરીકેનો જન્મ લઈને જે પ્રભુ તરફ વળતો નથી,
એના જેવો કમનસીબ કે અભાગિયો બીજો કોઈ નથી.

સાચા જ્ઞાની, ભક્ત કે યોગીને
જાહેરાતનું ઢોલ-ઢોલ વગાડવું પડતું નથી. જિજ્ઞાસુઓ
આપોઆપ તેમની તરફ ખેંચાઈ આવે છે. ઘડીભરનો
સત્સંગ અંતકાળ સુધી લાભ આપનારો થઈ જાય છે.

જગત એક મેળો છે.
મેળામાં જાતજાતના માણસો ભેગા મળે - વિખેરાય છે.
કાળની કેડી પર ઘડીક માટે માનવીઓ ભેગા થાય,
પરન્તુ ઘડીભર માણેલો સંગ
અંતકાળ સુધી તેનો રંગ લગાડી જાય છે.

જિંદગીનાં વીતાવેલાં વર્ષો કરતાં કોઈના સાંનિધ્યમાં
વીતાવેલ ક્ષણો સ્મરણમાં ચિરસ્થાયી બની જાય છે.
ક્રિયા વિધિવિધાન તથા બાહ્યાચારોમાં અટવાતો માણસ
સાંપ્રદાયિક ગણાય, પરન્તુ તે આધ્યાત્મિક ગણાય નહિ.
અધ્યાત્મને કોઈ કોમ કે સંપ્રદાય સાથે સંબંધ નથી,
એ તો આત્મતત્ત્વને ઓળખવા અને પામવાનું વિજ્ઞાન છે.
મિથ્યાત્વને વશ જીવ પોતાના હિતાહિતનો વિચાર
કરી શકતો નથી. હિતને હિત અને અહિતને હિત,
દુઃખને સુખ - સુખને દુઃખ, પરને સ્વ અને સ્વને
પર માને છે તથા ભવચક્રમાં અનંત દુઃખને પામે છે.

જીવે નિજસ્વરૂપમાં ઠરીને અને
અન્ય સર્વથી પૃથક્‌પણાંનો અનુભવ કર્યો નથી.
આત્મતત્ત્વ એકત્વ - વિભક્ત સ્વરૂપ છે.
તે નિજસ્વરૂપમાં એક અને પર પદાર્થથી પૃથક છે.
જ્ઞાન - દર્શન - ચારિત્ર એક આત્મા જ છે અથવા
પરસ્પર પૂરક હોવાના કારણે એક છે.
માત્ર સમજાવવા માટે વિશ્લેષણ પદ્ધતિ દ્વારા
તે ત્રણેને વિભક્ત રૂપમાં બતાવાય છે.
જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન, અધિગમ તે જ્ઞાન છે
અને રાગાદિ દોષોનું પરિહરણ તે સમ્યક્ચારિત્ર છે.
એ ત્રણ મળીને મોક્ષમાર્ગ બને છે.
રાજાને જાણી, સદ્દહી, અનુસરાય છે, તેમ જીવરાજાને
મોક્ષાર્થી જીવોએ જાણવા - સદ્દહવા - સેવવા યોગ્ય છે.
વ્યવહારનયથી દર્શન - જ્ઞાન - ચારિત્ર એ ત્રણ છે,
કિન્તુ નિશ્ચયનયથી શુદ્ધ જ્ઞાયક એક જ છે.
સાધનમાં પુરૂષાર્થ કરવાથી સાધ્ય સ્વયમેવ પ્રાપ્ત થાય છે.
નિશ્ચયચારિત્ર સાધ્ય - વ્યવહારચારિત્ર તેનું સાધન છે.
સમતાનો ભાવ એ નિશ્ચયચારિત્ર છે અને
સમિતિ તથા ગુપ્તિ એ વ્યવહારચારિત્ર છે.

સત્ય શોધવાનું છે, શીખવાનું નહિ.

એ લેવાતું અથવા દેવાતું નહિ.

એનું કોઈથી પણ દાન થઈ શકે નહિ.

પ્રયત્નને અંતે સત્યનું દર્શન પમાય છે.

ધર્મસાધના એટલે...

પોતાની જાતની ખોજ કરવી, એને નિર્મળ બનાવવા અર્થે યત્ન કરીને પોતાના મૂળ સ્વરૂપનું દર્શન કરવું. ધર્મસાધના એટલે આત્મસાધના. 'વત્થુ સહાવો ધમ્મો |'

'આત્મા' નામની વસ્તુનો સ્વભાવ, તે ધર્મ.

મન, વચન, કાયાને શાંત, સ્વસ્થ અને નિર્મળ બનાવવા તે ત્રણેને એકરૂપ કરવા, તે ધર્મની સમજનું મૂળ છે અને એને જ ધર્મનું આચરણ કહેવાય છે.

સાચા ધર્મમાં કોઈની હિંસા ન કરવી,

અહિંસું જ પૂરતું નહિ પણ જીવોને મદદરૂપ થવું,

તે પણ અહિંસું જ જરૂરી છે.

નિર્મળ ચિત્તની નિશાની કઈ કઈ ?

સંકીર્ણતાના સ્થાન ઉપર ઉદારતા,

દુર્ભાવનાના સ્થાન ઉપર સદ્ભાવના, દ્વેષના સ્થાન પર પ્રેમ, વૈરના સ્થાન પર મૈત્રી, ઈર્ષાના સ્થાન પર પ્રમોદ.

## દૂષિત ચિત્તની નિશાની કઈ કઈ ?

ઉદારતાના સ્થાન પર સંકીર્ણતા,
સદ્ભાવનાના સ્થાન પર દુર્ભાવના, પ્રેમના સ્થાન પર
દ્વેષ, મૈત્રીના સ્થાન પર વેર, મુદિતાના સ્થાન પર ઈર્ષા.

## શુદ્ધ પ્રજ્ઞા પુષ્ટ હોવાની નિશાની કઈ ?

વિશુદ્ધ વિવેકનું નામ 'પ્રજ્ઞા' છે.
ધર્મના પ્રત્યેક અંગનું સાચું મૂલ્યાંકન કરવું અને
સર્વાંગીણ વિકાસ કરવો, એ પ્રજ્ઞાપ્રાપ્તિનું ફળ છે.
પ્રજ્ઞામાં સ્થિતિ વધતી જાય, તેમ તેમ શીલ પુષ્ટ થાય
અને સમાધિ સુદૃઢ થતી જતાં મન વશમાં આવે છે
અને સદાચાર જીવનનો સહજ સ્વભાવ બને છે.

## શુદ્ધ પ્રજ્ઞા પુષ્ટ હોવાની નિશાની

દરેક વસ્તુનું ઉચિત મૂલ્યાંકન કરવું તે છે.
પ્રજ્ઞા સ્થિર ત્યારે થઈ ગણાય કે જ્યારે
કોઈપણ ઉપયોગી વસ્તુનો તિરસ્કાર ન થાય અને
નિરર્થક વસ્તુની આસક્તિ ન રહે.
આપણે જાણીએ છીએ,
આગ્રહબુદ્ધિ ન વધે, તેવી કોઈ મહાન તાકાત
આ આખી દુનિયાભરમાં છે નહિ.

આપણે દેશ છીએ અને સારી સૃષ્ટિ દેશ છે.
જે રીતે કુંભકાર માટીને જે રૂપ આપવું હોય,
તે આપી શકે છે, તે રીતે આપણે પણ આ સૃષ્ટિને
આપણી ઇચ્છા મુજબનું રૂપ આપી શકીએ છીએ.
એટમબોમ્બ ખૂબ શક્તિશાળી છે, તે ભૌતિક દૃષ્ટિએ છે.
આત્મબોમ્બની શક્તિ તેનાથી અનંતગુણી વિશેષ છે.
એટમબોમ્બને સરજનારો માનવ તો
તેનું વિસર્જન પણ કરી શકે છે.
આત્માથી વધુ બળવાન દુનિયામાં કાંઈ જ નથી, પરંતુ
એ શક્તિ કેવળ શાસ્ત્રમાં નહિ પણ આત્મામાં-પ્રેમમાં છે.
જીવ મુખ્ય છે, ધર્માધર્મ જીવના ઉપયોગમાં આવે છે.
ધર્મ એ ગતિસૂચક છે અને અધર્મ એ સ્થિતિસૂચક છે.
મુક્તિપર્યંત ગતિમાં ધર્મ સહાયક છે, અધર્મનું આચરણ
કરનારને અધર્માસ્તિકાય આ સંસારમાં રોકી રાખે છે.
કાળ શાશ્વત છે, તે આત્માની નિત્યતા સૂચવે છે.
આકાશ સર્વને અવકાશ આપે છે, એ સૂચવે છે કે:
જીવે પણ આકાશ સમ બનવું જોઈએ.
પુદ્ગલ એ પૂરણ-ગલનધર્મ વડે ભેદજ્ઞાન કરાવે છે.
આત્માના અસંખ્ય પ્રદેશો અખંડિત છે.

'ધર્મ' એટલે માન્યતા નહિ પણ આચાર.
વ્યવહાર જીવનનો હેતુ માત્ર એક જ હોઈ શકે:
ઈશ્વરેચ્છાની શોધ અને તે પ્રમાણે વ્યવહાર.
ધર્મનો અર્થ વિશ્વચૈતન્યમાં રમણ કરવાનો છે.
સર્વને પ્રિયતમ છે, તે વસ્તુ ધર્મ છે.
ધર્મ એટલું જ શીખવે છે કે...
જે તમે પોતા પ્રત્યે ચાહો છો, તેવું જ બીજા પ્રત્યે વર્તો.
પોતા પ્રત્યે જે નહિ ઈચ્છતાં, તેવું બીજા પ્રત્યે ન વર્તો.
આ ધર્મનું જેઓ પાલન કરશે, તેઓ
સદ્ગતિના ભાગી બનશે - દુર્ગતિગમનથી ઉગરી જશે.
પ્રભુએ જે કહ્યું, તે સાચું અને શંકા વિનાનું છે એવું
કારણ એ છે કે જે સાચું અને શંકા વિનાનું છે,
તે જ પ્રભુએ આગમમાં કહ્યું છે.
આ = અરિહંતે દર્શાવેલ આત્મતત્ત્વ,
ગ = ગણધરગુંફિત જ્ઞાન,
મ = મુનિ વડે આચરાતું ચારિત્ર.
આ = આદિનાથ - દેવ - દર્શન.
ગ = ગૌતમ - ગુરુ - જ્ઞાન.
મ = મંગલ - ધર્મ - મલિનાશક ચારિત્ર.

સત્યનો એક અર્થ 'સદ્ભ્યો હિત ।' થાય છે.
સત્પુરુષોને યા સન્માર્ગ - મોક્ષમાર્ગને
જે હિતકારી હોય, તે સત્ય છે.
ચિત્તની સમાધિ સર્વને હિતકારી - સુખકારી છે, તેનો
વિચાર કરવાથી સમાધિ મળે જ છે, તેથી તે સત્ય છે.
એ રીતે ધર્મનો વિચાર કરવાથી પણ
સ્વપરને સમાધિનો લાભ થાય છે, માટે
ધર્મ એ સર્વને હિતકારી છે તથા તેથી મંગળરૂપ છે,
વિઘ્નવિનાશક છે, કલ્યાણકારી છે, સુખમાર્ગનું મૂળ છે.
એ ચિન્તા અસ્થાને છે કે :
આપણે ધર્મ ન કરીએ, તો ધર્મનું શું થશે ?
એ ચિન્તા કરવી જરૂરી છે કે :
આપણે ધર્મ ન કરીએ, તો આપણું શું થશે ?
ધર્મ = દાન - શીલ - તપ - ભાવ.
ભાવના ભવનો ભેદ પેદા કરે છે.
કર્મજન્ય ભવના નાશનો ઉપાય તપ છે.
તે શીલ સહિત હોય, તો જ શોભે છે અને
શીલ પણ દાન સહિત હોય, તો જ શોભે છે.
એ રીતે ચારે પ્રકારનો ધર્મ પરસ્પર સંબંધિત છે.

સૌથી મોટું તપ = શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું પાલન.
પ્રભુની આજ્ઞા એ ઇચ્છા રૂપી રોગનું પરમૌષધ છે.
ઇચ્છા = મોહનીયનો ઉદય, તેનો નાશ આજ્ઞાથી થાય છે,
તેથી આજ્ઞાનું આરાધન એજ મોક્ષનો પરમ ઉપાય છે.

તપધર્મની શુદ્ધિ એ છે કે:

કર્મનિર્મિત વિભાવ સ્વરૂપમાં રાચવું નહિ,
પરન્તુ આત્મસ્વરૂપમાં રમણતા કરવી.
સામાન્યથી શીલપાલન અને વિશેષથી સ્વરૂપરમણતા રૂપ
બ્રહ્મચર્યનું પાલન તપના દિવસોમાં હોવું જોઇએ.
બ્રહ્મ એટલે આત્માનું સ્વરૂપ, તેમાં રમવું તે બ્રહ્મચર્ય.
શક્તિ મુજબ દ્રવ્યભાવ જિનપૂજા અને
ક્રોધાદિ કષાયોનો નિગ્રહ - એ તપને શોભાવનાર છે.

તપસ્વીને આદર્શ કોણ ?

ક્રોધ, માન, માયા કે લોભને આદર્શ તપસ્વી ન રાખે,
પરન્તુ તે ત્રણે તપસ્વીને આદર્શ કરે છે, તેથી
તપ એ સર્વ ધર્મોમાં રાજાના સ્થાને છે.
આત્મરમણતા કરનાર તપસ્વીઓ કષાયો દૂર કરે છે.
તપગુણથી ખુદ પોતે શોભે, તે આરાધક અને
જે તપગુણને શોભાવે, તે પ્રભાવક.

આત્મસ્વરૂપમાં રમણ કરનારો,
શ્રી જિનની દ્રવ્ય - ભાવપૂજા કરનારો અને કષાયોને
સ્વાધીન કરનારો તપસ્વી જ તપગુણને દીપાવે છે.
દેહના પ્રતિબંધથી છતી શક્તિએ તપ ન કરે,
તો માયામોહનીય અને વીર્યાંતરાય કર્મ બંધાય છે.
(૧) સુખશીલપણાથી જીવો તીવ્ર અશાતાવેદનીય બાંધે છે.
(૨) આળસુપણાથી મૂઢમતિ જીવ ચારિત્રમોહનીય બાંધે છે.
(૩) દેહના પ્રતિબંધથી મૂર્છાપરિગ્રહ - રાગમોહનીય બાંધે છે.
તપ તેવો જ કરવો કે જેથી દેહને અતિ પીડા ન થાય,
દેહ અતિ પુષ્ટ ન થાય અર્થાત્
માંસ - રૂધિર વધે નહિ અને ધર્મધ્યાનની વૃદ્ધિ થાય.

तदेव हि तपः कुर्यात् दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते क्षीयन्ते नेन्द्रियाणि वा ॥१॥
यत्र ब्रह्म जिनार्चा च कषायाणां तथाहतिः ।
सानुबन्धा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ॥२॥

અર્થાત્ : તે જ તપ કરવો, જેમાં દુર્ધ્યાન ન થાય અને યોગોની હાનિ કે ઇન્દ્રિયો પણ ક્ષીણ ન થાય. જેમાં બ્રહ્મચર્યનું પાલન, જિનપૂજા, કષાયોની અલ્પતા અને જિનાજ્ઞાનો અનુબંધ રહે, તે જ તપ શુદ્ધ કહેવાય છે.

પ્ર. ભાદરવા સુ - ૧૩, સં. ૨૦૩૦, મુંદરા

'દાન દેવાથી સુખ મળે છે' એ વચન સત્ય છે પણ
'સુખ મેળવવા માટે દાન આપવું જોઈએ'
એ વચન મિથ્યાત્વ છે.

દાન એ ત્યાગનો અભ્યાસ કરવા માટે છે.
સુખના હેતુએ દાન કરવું - તે રાગનું પોષણ છે
અને રાગ એ કર્મબંધનો હેતુ છે.

દાન આપનાર આપતો નથી પણ મેળવે છે,
શીલ પાળનાર સુખ છોડતો નથી પણ મેળવે છે અને
તપ કરનાર કૃશ નહિ પણ પુષ્ટ બને છે.

શ્રીમંત હોય કે ગરીબ - પણ દિલથી જે ઉદાર છે,
તે જ પ્રેમભર્યું દાન આપી શકે છે.
આવું દાન દેનાર - લેનાર ઉભયનું કલ્યાણ કરે છે.

'જીવોની દયા પાળવાથી મારી મુક્તિ છે.'
એ વિચારની અપેક્ષાએ એ વિચાર યથાર્થ છે કે:
'જીવોની દયા ન પાળવાથી મારી મુક્તિ અશક્ય છે'.

અહિંસા એ ધર્મરથ છે, સંયમ અને તપ તેના ધોરી છે.
તપ તથા સંયમથી નિરપેક્ષ અહિંસા -
એ ધર્મ નહિ પણ ધર્મનો માત્ર આભાસ છે.

Back of everything is an idea. Imagination and communication. How God communicates. God indwelling. God expressing through us. All growth from within God is within. The Divine plan. Our faculty of imagination needs to form a mental picture of the presence of God as being within us, not a God a far off. Answer to our prayers come to us in the form of ideas. These may flash into our minds through books, magazines, newspapers, words of other people & so on. Do you not see my life pulsating throughout my creation? Do you not see I am the one presence & power in your life, even one life moving in every atom of my creation?

## વિના વિલંબે કરવા યોગ્ય શું ?

સત્સંગ, મમતાનો ત્યાગ અને પરમાત્માની
પરમ પ્રેમલક્ષણા ભક્તિ. ભક્તિ પ્રભુની પ્રભુતા અને
ભગવાનની શક્તિના ભાનપૂર્વક કરવાની છે.
સાચી ભક્તિ ભગવાનના ભરોસે
જીવનનું બલિદાન કરવાથી થાય છે.
એમાં જ ભક્તિની પરિપૂર્ણ સિદ્ધિ છે.
પ્રાર્થના વડે પ્રવચનની આરાધના, અહંત્વનો નિરોધ
અને મહાપુરુષોનું અનુસરણ થાય છે.
કરવા લાયક કાર્યમાં સમ્યગ્ પુરુષાર્થ ન કરવો અને
ન કરવા લાયક કાર્યમાં પુરુષાર્થ કરવો, તે પ્રમાદ છે.
અતત્ત્વમાં તત્ત્વરુચિ ન થવા દેવી અને
તત્ત્વમાં અરુચિ ન થવા દેવી, તે સમ્યક્ત્વમાં અપ્રમાદ છે.
તત્ત્વદૃષ્ટિ તે છે કે જે
જડદ્રવ્યનું દ્રવ્યભાવ - અને ઉભયસ્વરૂપ જાણે છે.
વિધિપૂર્વક આમ્નાસિદ્ધ પ્રવૃત્તિ - તે શ્રુતસામાયિક છે.
સાધ્ય સાધવાનો અભ્યાસ, તે દેશવિરતિ છે અને
સાધ્ય ઉપર પ્રભુત્વ - આધિપત્ય પ્રાપ્ત કરવું,
તે સર્વવિરતિનો અપ્રમાદ છે.

## વિશ્વમાં સ્યાદ્વાદ વિજયવંત શાથી?

સ્યાદ્વાદ સિદ્ધાંત એ સર્વ ધર્મોની સમાનતાનો
પ્રતિપાદક નથી, કિન્તુ સત્યનો જ એક પ્રકાર છે.
'અનેકાંતવાદ સર્વથા ખોટો છે' એમ કહેવું તે પણ
અનેકાંતવાદ છે. સ્યાત્ પદલાંછિત સર્વ વાક્યો સત્ય છે
અને સ્યાત્ પદ નિરપેક્ષ સર્વ વાક્યો અસત્ય છે.
તે કારણે સ્યાદ્વાદ વિશ્વમાં વિજયવંત વર્તે છે.

## સાત ક્ષેત્રો કે નવ ક્ષેત્રો?

જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ, સાધુ, સાધ્વી,
શ્રાવક તથા શ્રાવિકા - એમ ૭ ક્ષેત્રો ઉપરાંત
પ્રતિષ્ઠા અને તીર્થયાત્રા મળીને કુલ નવ ક્ષેત્રો થાય છે.

## વિકથા એ પ્રમાદની જનની કઈ રીતે છે?

વિકથા એ સદ્ધર્મ - ધ્યાનને વિઘ્ન કરનારી છે,
તે અબોધિનું બીજ છે, સ્વાધ્યાયનો શત્રુ છે,
તે પાંચે સમિતિનો નાશ કરનારી છે,
તે ત્રણ ગુપ્તિનો ભંગ કરે છે,
તે સંયમગુણોને હાનિ કરનારી છે,
તે કુવાસનાનું કારણ છે અને પ્રાંતે
અનર્થની જનની, અશિષ્ટની પક્ષા, લઘુતાનું કારણ છે.

પાવં = પાંસુકરં, અવગુંઠઇ જીવં તેણ ભણ્ણઇ પાવં |
અર્થાત્: જીવને મલિન કરે છે, માટે 'પાપ' કહેવાય છે.
પુણ્યના માલિક પરમેશ્વર પરમેષ્ઠિ છે, તેથી પુણ્યમાં
તેઓ મુખ્ય નિમિત્ત છે. પાપના માલિક આપણે છીએ,
કેમકે આપણે સહજમલથી બંધાયેલા છીએ.
આપણું ઉપાદાન અશુદ્ધ છે અને
તે પાપમાં બાહ્યને નિમિત્ત બનાવે છે,
તેથી અપરાધી નિમિત્તો નહિ પણ પોતે છે.
પુણ્યમાં ઉપાદાન પોતાનું ભવ્યત્વ હોવા છતાં તેનો
પરિપાક ચતુઃશરણાદિ નિમિત્તો સિવાય થતો નહિ,
તેથી ત્યાં પ્રધાનતા મુખ્ય નિમિત્તોની છે. ભવ્યત્વરૂપી
ઉપાદાનમાં વિશેષનું આધાન સ્વપ્રયત્ને થતું નહિ, કિન્તુ
તે માટેના મુખ્ય નિમિત્તોની અપેક્ષા રાખે છે.
પાપ અને પુણ્ય પ્રકટ કરવાથી
નાશ પામે છે અથવા ઓછાં થાય છે. ઢંઢેરો પીટવો
હોય, તો પોતે કરેલા પાપનો પીટવો જોઈએ, જેથી પાપ
નાશ પામે કે ઓછું થાય. પુણ્ય તો જેટલું ગુપ્ત
રહે, તેટલું તીવ્ર બને. વળી કરેલું પુણ્ય ભગવાન તો
જાણે જ છે, પછી દુનિયાને જણાવવાનો ધખારો શા માટે?

માનવની જિંદગીની ક્ષણે ક્ષણ અને પળે પળ કિંમતી છે.
જીવન જીવવામાં ભોગવાતું પુણ્ય કિંમતી છે.
મળેલી બુદ્ધિશક્તિ અને પુરુષાર્થશક્તિ મહાકિંમતી છે.
પુરુષાર્થશક્તિ એટલે બુદ્ધિમાં લીધેલ નિર્ણય, તેનો
જ મન - વચન - કાયાથી અમલ કરવાની શક્તિ તે.
જેનાથી મહાન કલ્યાણરૂપી ફળ ઉત્પન્ન થાય,
આ બધી શક્તિને તેમાં જ કામે લગાડવી જોઈએ.
શક્તિને દેહ, ઈંદ્રિય કે મનને મોજ થાય તેમાં નહિ,
પરન્તુ આત્માને લાભ થાય, તેમાં યોજવી જોઈએ.
માનવજીવનની શક્તિ અને સમય
પુણ્યલાભ, ગુણસંપત્તિ, સુસંસ્કારની વૃદ્ધિમાં વપરાય,
તો જ તે બન્ને સાર્થક થયાં ગણાય.
દુર્લભ ધર્મસામગ્રી અને જિનશાસન મળ્યાં છતાં
જો ઉત્તમ લાભ ન સર્જાય અને દારૂણ લાભ સર્જાય,
તો એનાથી મોટી ખોટ કઈ ગણાય ?
રાગદ્વેષ, કષાયવૃદ્ધિ કે ભૌતિકલાભમાં જ જીવન વેડફાઈ
જાય અને વૈરાગ્યવૃદ્ધિ, ક્ષમા, સમતાદિ ગુણોની વૃદ્ધિ
કે ધર્મભાવનાનો વિસ્તાર ન થાય, તો બધી શક્તિને
વેડફી નાંખી જ નહિ પણ મહાઅનર્થકારી બનાવી ગણાય.

આપણા વિચાર, વાણી કે વર્તન અથવા તો તન, મન કે ધન જો રાગ-દ્વેષાદિને વધારવામાં વપરાય, તો લાભના સ્થાને મહાનુકસાનમાં ઉતરી જવાય. પુણ્યના યોગે મળતાં સુખમાં વિરાગભાવ અને પાપના યોગે આવતાં દુઃખોમાં સમાધિભાવ જો ટકી રહે, તો જીવન દિવ્ય બની જાય. તે માટે જ જિનવચનાનુસારી કર્મસ્વરૂપ અને આત્મસ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે. સૌએ શરીરના રોગ મટાડવાના છે અને મનના કુતર્કોને કાઢવાનાં છે. શરીર અને મનના એ સર્વ દુશ્મનો સામે જે ઘોર લડાઈ આદરવાની છે, એમાં વિરલા સફળતાને મેળવે છે અને એ સફળતા પ્રભુદ્વારે લઈ જાય છે.

## મોટા થવાની શરૂઆત કઈ?

મોટા થવું હોય, તો પ્રથમ નાના થતાં શીખો. જે ઊંચું અને વિશાળ મકાન બાંધવા ઇચ્છે છે, તેને સૌ પ્રથમ નીચામાં નીચા પાયાનો વિચાર કરવો પડે છે. પાયા વિના ભવ્ય ઇમારત શક્ય નથી. જેટલું ઊંચું મકાન, તેટલો નીચો એનો પાયો નાખવો જોઇએ. વિનય-નમ્રતા મોટા પુરુષોના પાયામાં પુરાયેલી બાબત છે. જ્યાં વિનય અને નમ્રતા નથી, ત્યાં મોટાઈ નથી, નર્યા આડંબરનું પોલાણ છે.

ક્ષમાને કોઈ સીમા નથી.
કોઈ ભૂલ એવી નથી કે જેને ક્ષમા માફ ન કરી શકે.

ભગવાન નડતો નથી, કિન્તુ
ભગવાન વિષેની આપણી સમજણ નાની છે.

દરેક જીવ પોતાની અહિંસાને ઈચ્છે છે.
પોતાના પ્રત્યે બીજા તરફ લેશ પણ
અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ કે પરિગ્રહને ઈચ્છતો નથી.
પોતાના પ્રત્યે બીજાની ક્ષમાવૃત્તિ, નમ્રવૃત્તિ,
સરળવૃત્તિ અને સંતોષવૃત્તિને જ ચાહે છે.
બીજા પોતાની ઇચ્છાનો નિરોધ કરે,
પોતાની ઇચ્છાને કાબુમાં રાખે અને પોતાના ઉપર
પૂર્ણ વિશ્વાસ રાખે, એમ સર્વ કોઈ જીવો ચાહે છે.

પ્રતિભા પ્રગટે છે અપાર ધીરજમાંથી.

જીવનની પ્રત્યેક પળ અનંતતાનો ભાગ હોઈ
તેનું મહત્ત્વ અનંત જ હોય.

સુખ વસે છે વધારે વસ્તુઓની માલિકીમાં નહિ,
પરન્તુ ઓછી વસ્તુની જરૂરીયાતોમાં.

સુખ નહિ પણ દુઃખ જ માણસમાં રહેલી
શ્રેષ્ઠતાને બહાર પ્રગટાવે છે.

most Important

<u>કઈ સમજનું નામ 'સમ્યગ્દર્શન'</u> ?

'સહજમલ અશુભના સંબંધમાં આવવાની પોતાની જ યોગ્યતારૂપ છે, તેથી જે કાંઈ અશુભ બને છે અને તેમાં જે કોઈ નિમિત્તરૂપ બને છે, તે બધાનું કારણ પોતાનો સહજમલ છે, તેથી પાપ અને તેનાં ફળરૂપ દુ:ખમાં જવાબદાર બીજો કોઈ નહિ પણ પોતે જ છે.'

આવી સમજનું નામ 'સમ્યગ્દર્શન' છે.

સ્વદોષદર્શન અને તેની વારંવાર નિંદા - ગર્હાદિથી જ સહજમલ દૂર થઈ શકે છે. પ્રતિપક્ષમાં જે કાંઈ સારું બને છે અને તેમાં જે કોઈ નિમિત્ત થાય છે,

તેમાં પ્રધાનતા તે તે નિમિત્તોની છે.

ભવ્યત્વ સ્વભાવ પોતાનો જ હોવા છતાં તેનો પરિપાક કરવાનું સામર્થ્ય તે તે નિમિત્તોમાં રહેલું છે. ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન નિમિત્ત વિના અશક્ય છે, તેથી શુભમાં પ્રધાનતા તે તે નિમિત્તોની છે અને અશુભમાં પ્રધાનતા જીવના પોતાના ઉપાદાનની છે.

<u>દોષમાં કારણ સહજમલ</u> છે.

સહજમલ રૂપી સહજ યોગ્યતાથી જ જીવ અશુભના સંબંધમાં આવે છે, તેથી ત્યાં નિમિત્તોની ગૌણતા છે.

દોષના દર્શનમાં ઉપાદાનને ગ્રહણ કરવાનું છે, જ્યારે ગુણની પ્રાપ્તિમાં નિમિત્તોની મુખ્યતા ગણવાની છે અને જો એમ બને, તો જ સાચી દુષ્કૃતગર્હા અને સાચી સુકૃતાનુમોદના થઈ જીવનો સહજમલ ઘટે અને તથાભવ્યત્વ વિકસે છે. જો એમ માનો કે: તથાભવ્યત્વ મુક્તિગમન યોગ્યતા રૂપ હોવાથી તે યોગ્યતાને પ્રકટાવનાર નિમિત્તો તીર્થરૂપ બનીને જીવનો ભવનિસ્તાર કરે છે, તે જીવ ભાવથી ચતુઃશરણનો સ્વીકાર કરી શકે છે.

## સત્સંગનો મહિમા

જગતના વાતાવરણમાં જે અણુયુદ્ધ સતત ચાલતું રહે છે, એ અણુઓ છે સુવિચાર અને કુવિચારના. સુવિચારના અણુનો વિજય થાય, એમ જો તમે ઇચ્છતાં હો, તો જીવનમાં સત્સંગ વધારતાં જાઓ. ભક્તિથી ભક્ત બનાય અને આંસુથી ભક્તિ થાય છે. તે આંસુ હર્ષ અને શોક - ઉભયનાં છે. આજ સુધી ન મળ્યાં, મળ્યાં છતાં ન ફળ્યાં, ન ઓળખ્યાં, તેનો શોક અને અનંતકાળે પુણ્ય આજે મળ્યાં, તેનો હર્ષ - એ અમૃતક્રિયાનાં લક્ષણ છે.

સામાયિકનો અર્થ છે: શાંત સ્વીકાર.

જે કાંઈ બની રહ્યું છે, તે નિસર્ગના મહાગણિતને
અનુસરીને જ બની રહ્યું છે, તેની ફરિયાદ અથવા તો
સામનો નહિ પણ શાંત સ્વીકાર - તે જ સામાયિક છે.
પ્રસન્નભાવે શાંત સ્વીકાર, તે જ આધ્યાત્મિકતા છે
અને તે જ આત્મોન્નતિની ટોચ છે.

વારસા - વારસત્વ જગાડવા માટે વિશ્વવ્યવસ્થા, વિશ્વ-
વિધાન અને વિશ્વવ્યવસ્થાપકને સમજવા અનિવાર્ય છે,
જેથી વિશ્વક્ષેત્રે પોતાની અનંત શક્તિનું ભાન પ્રગટે.

'અપને ખ્યાલ પલક મેં ખેલે, કરે રાજુ કા ચૂરા.'

આત્મસ્વરૂપના સૌંદર્યની એક જ ઝાંખી - આહ્લાદ ઝલકથી
પોતાનો ખ્યાલ આવ્યો કે મોહનું મેદાન જીતાઈ ગયું.
પ્રભુનામ આત્માનું આત્મા સાથે આત્માનુસંધાન કરાવે છે.

સાધકનું જીવન કેવું હોય?

સાધકનું જીવન તે એકાંતનું, મૌન ધ્યાનનું જીવન છે.
ટોળું, ઘોંઘાટ કે કલહનું ત્યાં નામ કે નિશાન પણ નહિ.

સાધના દ્વારા પોતાનું અંતઃકરણ જ્યારે
સંવેદનશીલ અને કોમળ બને છે, ત્યારે
સાધક નિસર્ગના સર્વવ્યાપી તત્ત્વને અનુભવે છે.

ઉકરડો છે, ત્યાં ઉદ્યાન અને ગંદી ગટર છે,
ત્યાં ભાગીરથી ગંગા વહેવડાવવા છે.
જ્યાં ઊંડી ખાડી છે, ત્યાં વિશ્રાંતિગૃહ બનાવવું છે.
દુઃખ જગાડવા આવે છે, સુખ સુવાડવા.
તંગીવાળી સ્થિતિ જ માણસને તાકાતવાન બનાવે છે.
જેને ઘેર માગ્યાં પૈસા - મિઠાઈ મળે છે,
તે લોકો જ નબળાં, કમજોર અને માંદલા રહે છે.
જેને પેટનો ખાડો પૂરવા પાણાં ખોદવા પડે છે,
તે સંતોષી, તંદુરસ્ત અને સુખી રહે છે.
માણસોને ખોટા ખર્ચા કરતાં રોકો.
મોજશોખની વાતો ત્યજી, મહેનતનો મહિમા વધારો.
શું કલ્કિ સોનાનો વરસાદ વરસશે?
શરીરથી પરાર્થની પ્રવૃત્તિઓ કરવી,
મનથી સદ્વિચાર અને વૈરવિરોધનો ત્યાગ કરવો અને
ધનથી દાન - દયા - ન્યાય - નીતિના પાલનરૂપ સદાચારથી
વગર માગ્યે સોનાનો વરસાદ વરસશે.
બીજું સોનું તો શઠ, લુંટારા અને ચોરને પેદા કરશે.
સદાચારરૂપી સોનું સુખ, શાંતિ અને માણસાઈને લાવશે.
સદાચાર = સુવર્ણસિદ્ધિ. શ્રમ = સોનું બનાવવાનો કીમીયો.

એવું નથી કે મનમાં ઉઠતાં વિચાર, વિકલ્પ, સંસ્કાર
દેખાતાં નથી, માટે તે સ્વપ્નું કોઈ અસ્તિત્વ જ નથી.
તે જ રીતે સુખ - દુઃખ દેખાતાં નથી, સંભળાતાં નથી,
સુંઘાતાં નથી, ચખાતાં નથી કે સ્પર્શી શકાતાં નથી,
પરન્તુ અનુભવાય તો છે જ.
ભૂખ - તરસ પણ દેખાતી નથી, છતાં નથી એમ નથી.
પરમ તત્ત્વ આંખ, કાન, નાક કે ત્વચાનો વિષય નથી,
કેમકે તે અતીન્દ્રિય છે. પરમાત્મા જ્ઞાનઆનંદસ્વરૂપ છે,
તેમ મન તથા ઇંદ્રિયોના અવિષય છે, માત્ર
યોગજન્ય સાધના દ્વારા તેનો અનુભવ થઈ શકે છે.
'યોગ' એટલે દિવ્ય સાથે જોડાવું અને
પરમ સત્ય સાથે તાદાત્મ્ય પામવું.
સિદ્ધિ અને સાધના - બંનેને યોગ શબ્દથી સંબોધી શકાય.
યોગદર્શનમાં ઈડા - પિંગળા નાડીઓને ચંદ્ર - સૂર્ય કહે છે.
બંનેમાં વહેતા પ્રાણને એક કરી સુષુમ્ણામાં પ્રવેશ કરાવવો,
એ મુખ્ય સાધના છે. મનના પ્રદેશમાં તે સુખ-દુઃખ, લાભ-
હાનિના સમત્વમાં લઈ જાય છે. મનુષ્યમાં વહેતી પ્રાણની
અને મનની બે ધારા જ્યારે પણ એકાકાર બને છે,
ત્યારે જ આપણને સંપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

'अग्नीसोमात्मकं जगत् ।' - वैदिक मंत्र

આ જગત અગ્નિતત્ત્વ અને સોમતત્ત્વનું બનેલું છે.
એક તરફથી શોષણ કરતું અગ્નિચક્ર ચાલે છે, બીજી
તરફથી પોષણ કરતું સોમચક્ર પણ અવિરત ફર્યા કરે છે.

## સાચી બુદ્ધિમત્તા શેમાં ?

જેને મહાન થવું છે, તે સર્વને પ્રિય બની શકતાં નથી,
જેને સર્વપ્રિય થવું છે, તે મહાન બની શકતાં નથી.
જો મરવાનું નક્કી જ છે, તો મરીને ક્યાં જવું છે,
તેની તૈયારી કરવી, તેમાં બુદ્ધિમત્તા છે.
શું કરવાથી સદ્ગતિ મળે અને
શું કરવાથી દુર્ગતિ મળે, તે નક્કી કરવું જ જોઈએ.
દેવગતિ સારી એટલા માટે નથી કે
ત્યાં ગયા પછી પણ પાછું મરવાનું છે અને
તિર્યંચાદિ ગતિઓમાં ભટકવાનું છે.
દેવો પણ માયાજાળની જેમ અનિત્ય છે.
જેમ દેવોનાં સુખો પણ શાશ્વત નથી, તેમ
નારકીનાં દુઃખો પણ શાશ્વત નથી,
નારકી મરીને નારકી થતો નથી. કર્મ શુભ હો યા અશુભ,
તે આત્માને ભવમાં ભટકાવનારું હોઈ પાપરૂપ જ છે.

તીવ્ર ઇચ્છા એ આત્માર્થીનું લક્ષણ છે.

જગતમાં જેટલાં પદાર્થો છે, તે બધાં જ પ્રતિસમય
ઉત્પન્ન થનારાં - નાશ પામનારાં - કાયમ રહેનારાં છે.

સંસારનું સ્વરૂપ એટલે...

પર્યાયરૂપે ઉત્પાદ - વિનાશ અને દ્રવ્યરૂપે ધ્રૌવ્ય.

'દ્રવ્ય - ગુણ - પર્યાય વડે અનુસ્યૂત'નો અર્થ એ છે કે:
ગુણ - પર્યાય વગર દ્રવ્ય હોય નહિ અને
દ્રવ્ય વગર ગુણ - પર્યાય હોય નહિ.

વસ્તુ ન હોય અને ન દેખાય, તેને 'અભાવ' કહેવાય.

વસ્તુ હોય અને ન દેખાય, તેને 'અનુપલબ્ધિ' કહે છે.

તેમાં કારણ ઘણાં છે:
સૂક્ષ્મ, દૂર (કાળથી, ક્ષેત્રથી) - (સ્વભાવથી).

શરીર તે શરીર છે અને આત્મા તે આત્મા છે.
અંતિમ પ્રેમ તરીકે આત્મા સિદ્ધ થાય છે, શરીર નહિ.
આત્માને ક્ષણિક માનવાથી વૈરાગ્ય સિદ્ધ થાય. ક્ષણિક-
વાદમાં કૃતનાશ - અકૃતાગમ દોષ અને સતનો સર્વથા
તથા અસતનો ઉત્પાદ - એ બે દોષ પણ આવે છે.
નિયત કાર્ય - કારણભાવ નહિ ઘટે.
વસ્તુ નિત્યાનિત્ય, સદસત ઉભયધર્મો એક સાથે છે.

શુક્રવાર, તા. ૨૫/૧૦/૯૪

## પંચપરમેષ્ઠિ નમસ્કારનું માહાત્મ્ય

પાપનું મૂળ સુખ છે અને સુખના સાધનોમાં રાગ છે
તથા દુઃખ અને દુઃખનાં સાધનોમાં દ્વેષ છે.
સુખમાં વિરાગ - રાગનો અભાવ અને દુઃખમાં સમાધિ.
દ્વેષનો અભાવ થાય, તો પાપનો નાશ થાય.
નવકારના પ્રથમ બે પદોમાં તે સિદ્ધ થયેલ છે,
અરિહંત અને સિદ્ધમાં વીતરાગતા છે તથા
રાગ-દ્વેષનો અભાવ સિદ્ધ થયેલ છે, તેથી તેમને કરવામાં
આવતો નમસ્કાર રાગદ્વેષનો નાશ કરવામાં સમર્થ છે.
પાપનું ફળ દુઃખ અને દુઃખાનુબંધી સુખ છે અને
પાપનું મૂળ સુખરાગ - દુઃખદ્વેષ છે.
પાપનું સ્વરૂપ મિથ્યાત્વ અને અજ્ઞાન છે કે જે
પાપના મૂળ અને ફળની સાચી શ્રદ્ધા થવામાં બાધક છે.
પ્રથમ બે પદમાં રાગ-દ્વેષનો સર્વથા અભાવ છે, પછીના
ત્રણ પદમાં રાગદ્વેષથી મુક્ત થવાની સતત સાધના છે,
તેથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો નમસ્કાર પણ
મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ, કષાયરૂપી પાપનો
નાશ કરે છે, પાપનાશ કરવાની બુદ્ધિ પેદા કરે છે.

પાપનાશથી વિઘ્નમાત્રનો વિનાશ થાય છે અને તે જેનાથી થાય છે, તે મંગળોનું પણ મંગળ છે. પંચ પરમેષ્ઠિ ભગવંતોને ભાવથી નમસ્કાર કરવામાં પાપનો ભાગાકાર, પુણ્યનો ગુણાકાર અને મોક્ષસાધક ધર્મમાત્રનો સરવાળો રહેલો છે. રાગ-દ્વેષરૂપી પાપના નાશના ધ્યેયથી થતો નમસ્કાર તે ભાવનમસ્કાર છે. જેમને નમવામાં આવે છે, તેઓ આપણા બને છે. ઘડો કૂવામાં નમે છે, તો કૂવાનું પાણી ઘડાનું બને છે. વંદન ચંદનથી પણ શીતળ છે. ચંદનથી માત્ર શરીર શીતળ થાય, વંદનથી તો આત્માને ઠંડક મળે! વૃક્ષો પણ જે નમે છે, તે ગુણવંત હોય છે અને ઉત્તમ ગણાય છે, દા.ત. આંબા, રાયણાદિ. વિષય-કષાયને નમવાથી અને અરિહંતાદિ પરમેષ્ઠિઓને ન નમવાથી જીવ સંસારી બને છે અને ચાર ગતિમાં ભટકે છે. વિષય-કષાયને ન નમે અને પરમેષ્ઠિઓને નમે, તો તે પરમેષ્ઠિપદમાં આવી શકે છે અને પંચમી ગતિને પામે છે. દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના વડે જ અરિહંતાદિનું શરણું પામી શકાય છે, કેમકે અરિહંતાદિ પરમેષ્ઠિઓ દુષ્કૃતમાત્રના કટ્ટર શત્રુ, સુકૃતમાત્રના પરમ મિત્ર છે.

મૃત્યુને મહોત્સવ મનાવવા માટે શું કરવું?

મૃત્યુને મહોત્સવ રૂપે મનાવવા માટે આપણે
રોજ રાત્રે સૂતી વખતે
મૃત્યુનું નાટક ભજવવું જોઈએ.
મૃત્યુ એ જીવનસિન્ધુમાં બુદ્બુદ્ રૂપ છે.
બુદ્બુદ્ તે સિન્ધુ છે, તેમ મૃત્યુ પણ જીવન જ છે,
જીવનનું જ એક નામાંતર અને રૂપાંતર છે.
મરણને ટાળવા નહિ, સુધારવા પ્રયત્ન કરવો જોઈએ.
અઠવાડીયાના સાત વારમાંથી કોઈ વારે મૃત્યુ આવવાનું
જ છે, માટે સવારે ઉઠો ત્યારે વિચાર કરો કે મૃત્યુ
મને આજે લેવા આવે, તે માટે મારી તૈયારી છે?
બહારગામ ફરવા જતા જેમ તૈયારી કરીએ છીએ,
તેમ રોજરોજ મૃત્યુ માટેની પણ તૈયારી રાખી
ચિત્તને પ્રભુમાં પરોવવું જોઈએ.
ભગવાનના સ્મરણમાં જ જો દેહ છૂટે,
તો તેને 'મરણ' નહિ પણ 'પ્રયાણ' કહેવાય.
મરણની પણ તૈયારી કરનાર
હસતે મુખે દુનિયાની વિદાય લઈ શકે છે અને
હસતે મોઢે પ્રભુને મેળવી શકે છે.

ભૂતકાળનો વિચાર ચિંતા કરાવે છે,
ભવિષ્યકાળનો વિચાર ભય પેદા કરે છે,
વર્તમાનકાળનો વિચાર ભવિષ્યને સુધારે છે, માટે જ
શાસ્ત્રો કહે છે વર્તમાન ક્ષણમાં જ શા માટે રહેવું ?
જે પ્રતિક્ષણને સુધારે છે, તેનું ભવિષ્ય સુધરેલું જ છે.

0 સુખનો વિરોધી શબ્દ દુઃખ છે,
આનંદનો વિરોધી કોઈ શબ્દ નથી, તેથી આનંદ એ
આત્માનું સ્વરૂપ છે, જે સંયમ અને સંતોષમાં વસે છે.
'ધ્રુવ' એટલે અચળ - અવિનાશી આત્મા.

0 તપ વગર સિદ્ધિ મળે નહિ.
જેણે તપ કર્યું છે, તેને સર્વત્ર પ્રભુદર્શન થાય છે.

0 પાપ કબૂલજો, ભૂલ કબૂલજો.
સત્યને જાણશો, તો ભગવાનને જાણશો.

0 તક ગુમાવી, તે તકદીર ગુમાવે છે.

0 પુરુષમાં વિવેક અને સ્ત્રીમાં સ્નેહ રહેલ છે.
માયા = કાયાનું સ્મરણ અને આત્માનું વિસ્મરણ.

0 'દીતિ' એટલે ભેદબુદ્ધિ, તે સર્વ દુઃખોનું મૂળ છે.
'હું અને મારું' - એ બે ભેદબુદ્ધિનાં સંતાન છે.

0 જ્યાં અહંકાર, ત્યાં વિનાશ.

સ્વર્ગ એ ભોગભૂમિ છે,
મનુષ્યવતન એ કર્મ - ધર્મભૂમિ છે.
પિંડ એટલે શરીર, તેનું દાન તે પિંડદાન.
ભગવાન જે જ્યારે જે સ્થિતિમાં રાખે,
તેમાં સુખ અને સંતોષ મનાવી લેજો.
ચંચળ મનને શાંત કરવું, એ બહુ દુષ્કર છે.
અભ્યંતર વ્યુત્સર્ગ એટલે...
ચારે કષાયોનો ત્યાગ તથા મૃત્યુ કાળે શરીરનો ત્યાગ.
કાયોત્સર્ગ એટલે... વિશિષ્ટ પ્રતિજ્ઞાપૂર્વક
મન - વચન - કાયાની ચેષ્ટાઓનો ત્યાગ.
વિચારવું એના કરતાં મરવું સારું.
Thought is very cruel.
એનો અર્થ એ છે કે વિચારને કોઈનો પક્ષપાત નથી.

o

The only true strength is the
strength of the soul, because
different forms of power is that
bow down to death.
The only real power is that
which does not bow to death.

## ધ્યાનથી મૃત્યુનો સાક્ષાત્કાર

(૧) મૃત્યુ જાણવાનો ઉપાય = પ્રતિક્ષણ સજાગ રહેવું.
(૨) મૃત્યુ સાત દિવસોમાં છે, મુક્તિ પણ ૭ દિનમાં છે.
(૩) રોજ મરવાનું શીખે, તેને મૃત્યુ મૃત્યુ રહેતું નથી.
(૪) કુદરતનું મૃત્યુ અમંગળ નહિ પણ મંગળ છે,
કેમકે તે ભગવાનના મિલનમાં સહાય કરે છે.
(૫) મૃત્યુ સાક્ષાત સત્ય છે. તે પોતાના અનિવાર્ય
આગમનની રોજ સૂચનાઓ આપે છે.
(૬) રાત્રે સૂતી વખતે પ્રકૃતિ સૂતાં બાદ સ્થૂળ દેહથી
સૂક્ષ્મ શરીર જુદું પડે છે, તેને વિચારવાથી સ્થૂળ-સૂક્ષ્મ
શરીર અને આત્માનું પાર્થક્ય પ્રત્યક્ષ કરી શકાય છે.
શરીર શાંત થાય છે, તે વખતે જીવ તેને જુએ છે.
આ પ્રકારના ધ્યાનથી મૃત્યુનો સાક્ષાત્કાર થઈ શકે છે.
જન્મ થાય છે, તે દિવસથી જ મૃત્યુનો પ્રારંભ થાય છે.
જીવન એક યજ્ઞ છે, જન્મ એ પ્રથમ આહુતિ અને
મૃત્યુ એ યજ્ઞની અંતિમ પૂર્ણાહુતિ છે.
જન્મ અને મરણ એ જીવનના આદિ-અંત ભાગ છે.
મૃત્યુનો ભય કાલ્પનિક છે, કારણકે
તે એક અનિવાર્ય પ્રાકૃતિક તત્ત્વ છે.

'વિશેષાવશ્યક ભાષ્ય'માં કહ્યું છે કે:
કેવળ ચિત્તનિરોધ એ જ ધ્યાન નથી,
યોગોનો સુદૃઢ - પ્રયત્નપૂર્વક પ્રશસ્ત વ્યાપાર અથવા
વિદ્યમાન એવા યોગોનો નિરોધ, એ પણ ધ્યાન છે.
બુદ્ધિ ધ્યાનમયી અને અપૂર્વ ઉપકારકારક છે.
'ધીઃ નિર્મલતત્ત્વાનુયાયિની બુદ્ધિઃ ।'
યોગના અભ્યાસથી જેની બુદ્ધિ
નિર્મળ તત્ત્વાનુયાયી થઈ છે, તેવો ધ્યાતા:
નિપુણધી = ધીમાન્.
સ્થિરમતિ = યોગી. શુભમતિ = મુનિ.
અબુધ = મિથ્યાદૃષ્ટિ - અજ્ઞાન અંશ.
બુધ્યમાન = ગ્રન્થિભેદ સન્મુખ, પુનઃ ઉત્થાનવાળો.
બુધ = ચોથા - પાંચમાં ગુણસ્થાનકે રહેલ
તત્ત્વારોહણ પ્રક્રિયામાં નિપુણ.
પ્રબુદ્ધ = સર્વવિરતિધર - સ્થિરમતિ -
શુભમતિ, જગજ્જ્યોતિર્મય અંશ.
સંપ્રબુદ્ધ = પરતત્ત્વના ભાનવાળો - નિષ્પન્ન માનસ.
સર્વ વર્ણોનું મૂળ કારણ સ્વરો છે.
અક્ષર તે બીજ છે તથા અનક્ષર (નાદ) નિર્બીજ છે.

માર્ગપ્રિય = સારપ્રિય.

જ્ઞાન-પ્રકાશની પ્રાપ્તિ છે, ભક્તિ ભેદનો વિનાશ કરે છે.

ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ -

એ ત્રણેયમાં એકસરખો ભાવ જે રાખી શકે અને

એ ભાવ જેનામાં હોય, તે 'જ્ઞાની' છે.

પુસ્તકોથી મળેલું જ્ઞાન ભરે વખતે કામ આવતું નથી,

અનુભવમાં આવેલું જ્ઞાન જ કામમાં આવે છે.

જ્ઞાન વડે નિર્ગુણ પ્રકાશ ઉત્પન્ન થાય છે અને

ધ્યાન વડે સગુણ પ્રકાશ ઉત્પન્ન થાય છે.

વાસ્તવિક ધર્મસાધક ધ્યાન એટલે

પ્રારંભમાં સંક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ.

તે એક પ્રકારના પ્રશસ્ત મનોવ્યાપાર રૂપ છે.

'યોગનિરોધ' એટલે મન - વચન - કાયાની દોષરહિત

નિર્મળ પ્રવૃત્તિ અને સર્વથા અપ્રવૃત્તિ.

છદ્મસ્થ ધ્યાનનાં ૪૪૨૩૬૮ પ્રકારો - કઈ રીતે?

કરણ ૯૬ × ૨૪ ધ્યાનભેદ × ૯૬ કરણયોગ

+ ૯૬ ભવનયોગ = ૪૪૨૩૬૮ અથવા

૯૬ × ૨૪ = ૨૩૦૪ × ૯૬ = ૨૨૧૧૮૪ + ૨૨૧૧૮૪

= ૪૪૨૩૬૮.

ચૌદ ગુણસ્થાનકોમાં કેવી દશા હોય છે?

૧ થી ૩ ગુણઠાણા સુધી નિદ્રા દશા છે,
૪ થી ૬ ગુણઠાણા સુધી સ્વપ્ન દશા છે,
૭ થી ૧૨ ગુણઠાણા સુધી જાગૃત દશા છે અને
૧૩ તથા ૧૪ ગુણસ્થાનકોમાં ઉજાગર દશા છે.
ચિત્તનિરોધ પ્રથમ ગુણસ્થાનકથી શરૂ થઈ શકે છે.
ત્રણે યોગનું પ્રયત્નપૂર્વક પ્રશસ્ત પ્રવર્તન
છઠ્ઠા ગુણઠાણા સુધી જરૂરી છે.
૭ થી ૧૨નો કાળ અંતર્મુહૂર્ત છે, તેરમે ધ્યાનાન્તરિકા છે.
ચૌદમે ગુણસ્થાનકે ચિત્તનિરોધરૂપ ધ્યાન નહિ, કિન્તુ
યોગનિરોધરૂપ ધ્યાન છે.
મન એ સંસારનું ચિન્તન કરવા માટે નહિ,
પરન્તુ પરમાત્માના ચિન્તન માટે છે.
ધ્યાન એ બાળની ભૂલ શોધવા માટે નહિ,
પરન્તુ મનને શુદ્ધ કરવા માટે છે.
અન્ય વિષયોમાં વિખરાયેલા પ્રેમને
પરમાત્મામાં કેન્દ્રિત કરો, તો સુખ થશે.
ભવ મનોગોચર છે, આલંબનરહિત મન અતિદુર્જય છે.
એ કારણે મનને વશ કરવા આલંબન ધ્યાન જરૂરી છે.

આલંબનો અનેક છે, તેમાં નવપદ મુખ્ય છે. નિરાલંબન ધ્યાન ગમે અને સાલંબન ન ગમે તો તેની પાછળ ક્રિયા પ્રત્યેની અરૂચિ અને પ્રમાદ કામ કરે છે. આ નવપદોનું ધ્યાન એ મનને વશ કરવાનું પ્રધાન આલંબન છે.

અહીં ત્રિયોગનાં મળીને 300 આલંબનો ટાંક્યા છે.

મનોયોગના (૧૦) આલંબનો

चित्तं त्रिकालविषयं ।

(१) निश्चेतनीकरणं । (२) निःसंज्ञीकरणं ।

(३) निर्विज्ञानीकरणं । (४) निर्धारणीकरणं ।

(५) विस्मृतीकरणं । (६) निर्बुद्धीकरणं ।

(७) निरीहीकरणं । (८) निर्मतीकरणम् ।

(९) निर्वितर्कीकरणं । (१०) निरुपयोगीकरणम् ।

ઉપરાંત વચન-કાયયોગના ૨૯૦ આલંબનો - કઈ રીતે?

વચનયોગના (૫૮) આલંબનો

સત્ય - અસત્ય - મિશ્ર ભાષાના મળી 30 તથા વ્યવહાર ભાષાના ૧૨ = ૪૨ આલંબનો ઉપરાંત 3 લિંગ, 3 વચન, 3 કાળ, ૨ પ્રત્યક્ષ, ૨ પરોક્ષ, ૨ ઉપનય, ૨ અપનય, ૨ તદુભય, ૨ અપનય - ઉપનય અને ૨ અધ્યાત્મવચન - એમ ૪૨ + ૧૬ = ૫૮.

કાયયોગના (૨૩૨) આલંબનો

ઔદારિક કાયયોગ - ૩૨ પ્રકારે,

વૈક્રિય કાયયોગ - ૨૫ પ્રકારે,

તૈજસ - ૫૮ તથા કાર્મણ કાયયોગ - ૫૮ પ્રકારે,

આહારક - ૧ પ્રકારે તથા ઔદારિકાદિ મિશ્રના - ૫૮.

૩૨ + ૨૫ + ૫૮ + ૫૮ + ૧ + ૫૮ = ૨૩૨.

આ રીતે વચનયોગના ૫૮ આલંબનો તથા કાયયોગના ૨૩૨ આલંબનોનો સરવાળો થાય = ૨૯૦ આલંબનો.

૭ પ્રકારના આલંબન વિષે...

(૧) વાગ્યોગ આલંબન - સામાચારાદિ.

(૨) સ્થાનાલંબન - વંદન, સંક્રમણાદિ.

(૩) ઉત્સાહ આલંબન - ઊર્ધ્વલોકવસ્તુ ચિન્તા.

(૪) પરાક્રમ આલંબન - અધોલોકવસ્તુ ચિન્તા.

(૫) ચેષ્ટાલંબન - તિર્યગ્લોકે ચિન્તન.

(૬) શક્તિ આલંબન - તત્ત્વ તથા પરમતત્ત્વ ચિન્તન.

(૭) સામર્થ્ય આલંબન - સિદ્ધાયતન - સિદ્ધસ્વરૂપ ચિંતન.

સિદ્ધાયતન = સિદ્ધશિલા અને સિદ્ધ ભગવંતો.

(૧) સાધુ - સાધ્વી (૨) શ્રાવક - શ્રાવિકા

(૩) ભવનયોગ - કરણયોગ (૪) ૯૬ કરણ.

## ૧૦ પ્રકારનાં સત્ય

(૧) જનપદ સત્ય : પય, પિચ્ચ, ઉદક, નીર.

(૨) સમ્મત સત્ય : પંકજ = કમળ.

(૩) સ્થાપના સત્ય : શતરંજના હાથી ઘોડા.

(૪) નામ સત્ય : કુલવર્ધન, ધનવર્ધન. (૫) રૂપ સત્ય : વેષધારી. (૬) પ્રતીત્ય સત્ય : અપેક્ષા - નાનું, મોટું ઈત્યાદિ.

(૭) વ્યવહાર સત્ય : પર્વત બળે છે, ઘડો ઝરે છે.

(૮) ભાવ સત્ય : ભ્રમર કાળો, બગલો ધોળો, અનુદરા કન્યા.

(૯) યોગ સત્ય : દંડી, છત્રી ઈત્યાદિ.

(૧૦) ઔપમ્ય સત્ય : સમુદ્ર જેવડું સરોવર.

## ૧૦ પ્રકારનાં અસત્ય

(૧) ક્રોધનિસૃત (૨) માનનિસૃત (૩) માયાનિસૃત
(૪) લોભનિસૃત (૫) પ્રેમનિસૃત (૬) દ્વેષનિસૃત
(૭) હાસ્યનિસૃત (૮) ભયનિસૃત (૯) આખ્યાયિકાનિસૃત
(૧૦) ઉપઘાતનિસૃત - અભ્યાખ્યાન.

## ૧૦ પ્રકારની મિશ્રભાષા

(૧) ઉત્પન્નમિશ્રિત (૨) વિગતમિશ્રિત (૩) ઉભયમિશ્રિત
(૪) જીવમિશ્રિત (૫) અજીવમિશ્રિત (૬) ઉભયમિશ્રિત
(૭) અનંતમિશ્રિત (૮) પ્રત્યેકમિશ્રિત (૯) અદ્ધામિશ્રિત
(૧૦) અદ્ધાદ્ધામિશ્રિત.

## વ્યવહાર ભાષાના ૧૨ પ્રકારો

(૧) આમંત્રણી (૨) આજ્ઞાપની (૩) યાચની (૪) પૃચ્છની
(૫) પ્રજ્ઞાપની (૬) પ્રત્યાખ્યાની (૭) ઇચ્છાનુલોમા
(૮) અનભિગૃહીતા (૯) અભિગૃહીતા
(૧૦) સંશયકરણી - 'સૈન્ધવમાનય।' (૧૧) વ્યાકૃતા
(૧૨) અવ્યાકૃતા - બાળકની આગળ પંડિતની ભાષા.

°

Do not tell the world
what you can do, show it.

A careful inventory of all your past experiences may disclose the starting fact that everything has happened for the best.

If man looks on others with love and respect, that in itself is the real worship of God, meditate on yourself, honour and worship your own self, kneel to your own self, your Lord dwells within you, as you.

- Baba Muktananda

## ઉપમિતિ ભવપ્રપંચા - ઉપસંહાર

દ્વાદશાંગનો સાર = આશય, રહસ્ય, નિચોડ ધ્યાનયોગ - ધ્યાનવિશુદ્ધિ, આર્તરૌદ્રનો ત્યાગ, ધર્મશુક્લનું આસેવન.

ધ્યાનયોગ એ મૂલોત્તર ગુણ અને
સર્વ બાહ્ય ક્રિયાઓનું લક્ષ્ય છે.

મુક્તિનું અનંતર કારણ ધ્યાનની સિદ્ધિ છે અને
ધ્યાનસિદ્ધિનું અંતરંગ કારણ

ચિત્તશુદ્ધિ - મનઃપ્રસાદ - મનની નિર્મળતા છે.
મનની નિર્મળતાનું સાધન અહિંસાદિ શુદ્ધ અનુષ્ઠાન,
પવિત્ર આચરણ - ચિત્તવિશુદ્ધિપૂર્વક મનની એકાગ્રતા.
શુભ એક વિષયમાં મનની સ્થિરતા તે ધ્યાનયોગ છે.

મોક્ષને આપનાર પરમતત્ત્વ અર્થાત્
સર્વથી મહત્ત્વની વસ્તુ ધ્યાનયોગ છે અને
તે ચિત્તની નિર્મળતા અને એકાગ્રતાથી સધાય છે.

(૧) જે રીતે હિંસાદિ કરવા છતાં ચિત્ત નિર્લેપ રહે
અને કાદવથી આકાશ ખરડાય નહિ, તેમ
ચિત્તને લેપ ન લાગવા દેવો, તે મહત્ત્વની વસ્તુ છે.

(૨) ભગવાનનું નામસ્મરણ સર્વ પાપથી મુકાવનાર છે.

(૩) પ્રભુસ્મરણ કરનાર બાહ્ય - અભ્યંતરથી પવિત્ર છે.

(૪) પાપાશન મંત્ર પાપનો વિનાશક છે.

(૫) વાયુજય એ મોક્ષનું સાધન છે.

(૬) ધ્યાનથી હૃદયકમળ ઉઘડે છે અને તે મનભ્રમરને સુખ આપે છે, એથી મન રૂપી ભ્રમર પરમપદમાં સ્થિત થાય છે અર્થાત્ આ પ્રકારનો મનનો જે નાદ લક્ષ્યમાં આવે, તે ખરૂં તત્ત્વ છે (નાદ પરમપદ છે).

(૭) રેચક, પૂરક અને કુંભક હૃદયપુંડરીકને વિકસ્વર કરવાનું સાધન છે, તેથી જ બ્રહ્મધ્યાન પરમતત્ત્વ છે.

(૮) હૃદયની મધ્યમાં શ્વેત બિંદુ છે, તે ઉપર - નીચે અને આડું - અવળું જાય, તે ચાલવું જ કારણ છે.

(૯) બ્રહ્માંકુરની ઉપર - નીચે અગ્નિશિખા ચાલે, તેની માત્રા તે અમૃતકળા છે.

(૧૦) નાસાગ્ર યા ભ્રૂમધ્યમાંની બાર અને મુક્તાના બાર વચ્ચે જે સ્વચ્છ બિંદુ છે, તે ધ્યાનનો વિષય છે. તે ચળ અને સ્થિર છે તથા ભિન્ન ભિન્ન વર્ણ વડે ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. શ્વેત વર્ણ પુષ્ટિદાયક છે.

(૧૧) નાડીમાર્ગ સાધવો જોઈએ. નાડીચક્રના પ્રચારસ્થાનથી કાળ અને બળનું જે ભાન થાય છે, તે બહિરંગ છે અને અંદર જે ઘંટાનાદ સંભળાય છે, તે અંતરંગ છે.

(૯૨) ૐકારનો દીર્ઘ ઉચ્ચાર શાંતિદાયક છે.

(૯૩) નાભિમાંથી જે પ્રાણ ઉઠે છે, તે કમળના તંતુ જેવી સૂક્ષ્મ આકાર ધારણ કરીને બ્રહ્મરન્ધ્ર સુધી જાય છે, તેનું ચિન્તન કરવું જોઈએ અને વાયુસંચાર ધીમા ગતિએ કરવો જોઈએ.

(૯૪) સૂર્યમંડળમાં રહેલ આદિપુરુષનું ધ્યાન કરવું જોઈએ.

(૯૫) હૃદયમાં સહસ્ર કિરણવાળા નિત્ય પરમપુરુષનું ધ્યાન કરવું જોઈએ અને તેને ધ્યેય તરીકે ઓળખવો જોઈએ.

(૯૬) કેટલાક આકાશ માત્રને ધ્યેય તરીકે આદરવા કહે છે. કેટલાક ચરાચર સમગ્ર વિશ્વને, કેટલાક ચિત્તને કેટલાક શાશ્વત બ્રહ્મને ધ્યેય તરીકે ઓળખવા - આદરવા કહે છે.

## શુદ્ધ અનુષ્ઠાનની જરૂર શા માટે?

જે જે અનુષ્ઠાનો રાગ, દ્વેષ, મોહરૂપ વ્યાધિઓનો નાશ કરનારા હોય, તે જૈનમતમાં હોય કે અન્ય તીર્થોમાં હોય, તે સર્વેના મતને સમ્મત છે અને કર્મવ્યાધિને દૂર કરવામાં અનુકૂળ છે. જે જે અનુષ્ઠાનો જો ચિત્તને મલિન કરનાર હોય અને તેથી મોક્ષને રોકનાર હોય, તે કરનાર પછી મુનિ હોય કે શ્રાવક હોય, પરન્તુ તે જૈનમતથી બહાર છે.

દુષ્ટ વર્તન આદિનો ધ્યાનયોગ ગણે તે તીર્થમાં રહેલ, તો પણ તે નિરર્થક જ છે. ચિત્તની નિર્મળતા આદિ શુદ્ધ અનુષ્ઠાનની જરૂર ચોક્કસ સંકળાયેલ છે. સ્થિરતા - નિર્મળતા ઉત્પન્ન કરનાર અહિંસાદિ અનુષ્ઠાનો આચરવાથી ચિત્તમાં શુભ ફળોનો ઉત્પન્ન થાય છે. સુપાચ્ય ખોરાક એમ સુખ અને આરોગ્ય આપે છે, તેમ શુભ અનુષ્ઠાનો પ્રસન્નતા અને ભાવારોગ્યનું કારણ બને છે. ધ્યેય તરીકે પરમાત્મા બને છે, ત્યારે પ્રાણીઓના ચિત્ત પર જે અસર ઉપજાવી શકે છે, તેવા બિંદુ વગેરે ધ્યેયો ઉપજાવી શકતાં નથી. ચિત્તને જેવું આલંબન મળે, તેવું તે થાય છે. મહાસ્થૂલપણાને ધારણ કરનારને બિન્દુ વગેરે ધ્યેય પણ ચિત્તની વિશુદ્ધિ કરનાર થઈ પડે, તે જાણવા યોગ્ય છે. જ્યારથી વિશુદ્ધિ કર્તવ્ય કરનારા - મોક્ષ સાધવાની ઇચ્છાવાળા પ્રાણીઓ અનેક પ્રકારનાં ધ્યેયનો આશ્રય લઈને મોક્ષને સાધે છે, તેનું કારણ માધ્યસ્થ્ય છે. રુચિભેદના કારણે ચિત્તની વિશુદ્ધિ કોઈને કોઈ આલંબનથી થાય અને જુદાને જુદા આલંબનથી થાય, તેથી જ જિનમાર્ગની દેશના અનેક પ્રકારના નયથી ભરેલી છે.

દુ:ખી માનવને કહેવું કે : સુખના દિવસોની જેમ
આ દુ:ખી દિવસો પણ વીતવીતતાં જતાં રહેશે.

સુખ-દુ:ખ માનસિક કલ્પના સિવાય બીજું કશું નથી.

સુખ - દુ:ખ અને તેની સામગ્રી
શુભાશુભ કર્મનાં ફળરૂપે મળે પણ અહીં નિમિત્તભૂત
જે કાંઈ બને, તે ભવિતવ્યતાના યોગથી થાય છે.

સુખ - દુ:ખ એ મનના ધર્મ છે, આત્માના નથી.
આત્માનો ધર્મ તો એક માત્ર આનંદ છે.

अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानां ।
अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥ અર્થાત્ :
પ્રમાદગ્રસ્ત, ચરણકરણરહિત એવા અમારા જેવા માટે
સમુદ્રમાં વહાણની જેમ પ્રવચનરાગ શુભ ઉપાય છે.

નિષિદ્ધસેવનની જેમ વિહિતનું અસેવન પણ પાપ છે.
સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ અને અકષાય એ વિહિત છે,
તેનું સેવન ન કરવાથી પણ પાપ બંધાય છે.

પ્રાયશ્ચિત્તથી પાપ અને પાપવાસનાનો નાશ થાય છે.

નવતત્ત્વમાં બે જીવ - અજીવને જાણી,
ચાર - પુણ્ય, પાપ, આસ્રવ, બંધને છાંડી,
ત્રણ - સંવર, નિર્જરા, મોક્ષને ગ્રહણ કરવા યોગ્ય છે.

## ઈશ્વર વાણી એ શિવ છે.

ક્યાં? ક્યારે? કેટલું? કેવું? બોલવું કે ન બોલવું,
તે બહુ વિચારવું જોઈએ, તેમાં બહુ સંભાળવું જોઈએ,
જાણી - અજાણી, પોતાના કે બીજાના
ઘાતક ન બની જવાય, તેનું ધ્યાન રાખવું જોઈએ.
વૈખરી પ્રકારની વાણીમાં વાચિક અને
મધ્યમા વાણીમાં વૈકલ્પિક પદનું આલંબન હોય છે.
તેમાંથી નિર્વિકલ્પ પદ સુધી પહોંચવાનું હોય છે.
વડીલોના પવિત્ર આચરણનું અનુકરણ કરાય,
પરન્તુ એમની ભૂલોનું નહિ.
પરિજપન એ વાગ્વ્યાપારરૂપ ક્રિયા નથી,
કિન્તુ તે ધારાવાહિક મંત્રજાપ છે.
મૌન જપ જ ફલસિદ્ધિનું કારણ છે.
પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને સૂક્ષ્મ અવસ્થા
પ્રાપ્ત કરે, ત્યારે તે દેવતા સ્વરૂપ બની જાય છે.
પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે.
વિમર્શનું તાત્ત્વિક સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે.
તે જ મંત્રમયી - પદમયી મંત્રદેવતા છે.
તાત્ત્વિક વિમર્શ પશ્યંતી વાણીરૂપ છે.
તેને આત્માની અમૃતકલા પ્રકટ કરે છે.

## જીવનનું લક્ષ્ય શું ?

સદાચાર અને સદ્વિચાર - એ જ સાચી મૂડી છે.

સંસારમાં રહેવાથી નહિ પણ
તેનું ચિન્તન કરવાથી મન બગાડે છે.

મન કહે તે સાચું નહિ, શાસ્ત્ર કહે, તે જ સાચું છે.

કુસંગતિ બહુ વધી ગયાં છે અને
મનુષ્યના મસ્તક ખાલી થઈ ગયાં છે.

આંખ - કાન સ્થિર થાય, તો જ મન સ્થિર થાય.

શાંતિ એજ પરમાત્માનું સ્વરૂપ છે.

સ્નાનથી તન અને ધ્યાનથી મન શુદ્ધ થાય છે.

સંસારના ચિંતનથી બગડેલા મનને સુધારવા માટે
ધ્યાન સિવાય બીજો કોઈ ઉત્તમ ઉપાય નથી.

જીવનનું લક્ષ્ય શાંતિ મેળવવાનું છે.

ત્રણ બાબતો ભયાવહ છે:

બુદ્ધિ થોડું - બોલે ઝાઝું, ધન થોડું - ખર્ચ ઘણો તથા
લાયકાત ઓછી અહંકાર ઘણો.

૦ ઉત્સવ એ દેહભાન ભૂલવા માટે છે.

સત્કર્મ કરતાં શરમ અનુભવાય, એ શિક્ષણ શા કામનું?

બીજાને અપયશ નહિ પણ યશ આપો, તે યશસ્વી.

અહિંસા એ ધર્મ છે, સંયમ એ સુખનો સદુપયોગ છે
તથા તપ એ દુઃખનો સદુપયોગ છે.

સુખ અને દુઃખ - ઉભયને અહિંસારૂપી ધર્મનાં સાધન બનાવવા, તે અનુક્રમે સંયમ અને તપ છે.

સંયમ એટલે સંકોચ - માનસિક મૂર્છાનો ત્યાગ અને
પુરુષાર્થ એટલે તપ.

જ્યાં કામનો સ્પર્શ થાય, ત્યાંથી સૌંદર્ય નાશ પામે.
કામનાનાં આધાર ઉપર માનવી આગળ વધે છે.

કામનામાંથી જ અર્થપુરુષાર્થની ઉત્પત્તિ છે અને એમાંથી જ ધર્મ અને મોક્ષપુરુષાર્થની ય ઉત્પત્તિ છે.
પશ્ચિમમાં અર્થપુરુષાર્થ તથા કામપુરુષાર્થનું પ્રાગટ્ય છે, પૂર્વમાં ધર્મપુરુષાર્થ તથા મોક્ષપુરુષાર્થનું પ્રાગટ્ય છે.

વિવેકબુદ્ધિ એ સ્વતંત્ર છે, કોઈના બંધનમાં નહિ.

પરલોકની શ્રદ્ધા અને પાપભીરુતા
એ આર્ય - સ્વભાવનાં ખાસ લક્ષણો છે.

o

બીજાઓએ તારી સાથે જેવી રીતે વર્તવું જોઈએ, એમ તને લાગે છે, તેવી રીતે તું બીજાની સાથે વર્તન કર.

Do unto others as you would
want others to do unto you.

દ્રવ્યથી ભલે આપણે ૭ વ્યસનોથી દૂર રહેતાં હોઈએ,
ભાવથી આપણે એ સાતે વ્યસન સેવતાં તો નથી ને?

(૧) ભાવથી દ્યુત - અશુભ વડે શુભને હારી જવું.
(૨) માંસભક્ષણ - દેહભાવમાં નિમગ્ન થવું.
(૩) મદિરાપાન - મિથ્યાત્વ મોહમદિરાનું સેવન.
(૪) વેશ્યાગમન - કુમતિને વશ થવું.
(૫) શિકાર - નિર્દયતાથી પ્રાણોનો ઘાત કરવો.
(૬) પરસ્ત્રીગમન - પરપદાર્થ પ્રત્યે પ્રેમ કરવો.
(૭) ચોરી - પરભાવ વડે સ્વભાવની ચોરી.

તત્ત્વની બે બાજુ છે : પરમ પ્રેમ અને પરમ સત્ય.

દર્શનમાં સત્યનું દર્શન છે,
જ્ઞાનમાં સત્યનો વિશેષ પરિચય છે અને
ચારિત્રમાં સત્યમાં સ્થિતિ છે.

જ્ઞાનયોગ એ અભેદ ઉપાસના રૂપ છે, જ્યારે
ભક્તિયોગ એ ભેદોપાસના રૂપ છે.

નિશ્ચયમિથ્યાત્વ અને વ્યવહારમિથ્યાત્વ

દર્શનમોહ - મિથ્યાત્વમોહ - ઊંધી માન્યતા.
પુદ્ગલને પોતાનું માનવું, તે નિશ્ચયમિથ્યાત્વ.
કુદેવાદિને સુદેવાદિ માનવા, તે વ્યવહારમિથ્યાત્વ.

## શબ્દાનુવિદ્ધ સમાધિના હેતુ

(૧) માતાની જેમ શ્રદ્ધા અને વિશ્વાસનું ભાજન.

(૨) પિતાની જેમ ભક્તિ અને બહુમાનનું પાત્ર.

(૩) મિત્રની જેમ અનુમોદના અને પ્રમોદનું સાધન.

(૪) બંધુની જેમ પ્રેમ અને પ્રીતિનું સ્થાન.

(૫) સન્માનને યોગ્યનું સન્માન અને સમર્પણ.

(૬) બહિરાત્મભાવનું વિસર્જન અને અંતરાત્મભાવનું સર્જન.

(૭) ગુરુ - ગુરુણી ઉપરનો અનુરાગ અને સ્નેહ.

એ બધાં શબ્દાનુવિદ્ધ સમાધિના હેતુ છે.

## તીર્થંકરો કેવા હોય?

(૧) મહાત્માઓના પૂજનીય (૨) દેવેન્દ્રોના દર્શનીય

(૩) યોગીન્દ્રોના આદરણીય (૪) મુનીન્દ્રોના માનનીય

(૫) નરેન્દ્રોના નમસ્કરણીય

(૬) સાર્વભૌમ ચક્રાધીશ્વર - સર્વોત્કૃષ્ટ સર્વેશ્વર.

(૭) સ્વામી, દેવ, પ્રભુ - હું સેવક, દાસ, કિંકર.

(૮) પાંચ મહાવ્રતો, પાંચ આચારો, ઔદાર્યાદિ પાંચ લિંગો, શમ - સંવેગાદિ લક્ષણો, મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ, ક્ષાન્ત્યાદિ ચાર ધર્મો, શબ્દાદિ પાંચ વિષયો અને જ્ઞાનાદિ પાંચ ગુણોના ધારનારા તીર્થંકરો હોય છે.

શસ્ત્રયુદ્ધ કરતાં પણ શું ભયંકર ?

વિચાર ઈશ્વરનું જ સ્વરૂપ છે.
નરી આંખે વિચાર ભલે દેખાતો નથી પણ
તેની શક્તિ અણુ કે હાઈડ્રોજન બોમ્બથી પણ વધારે છે
અને તેની ઝડપ પ્રકાશ કરતાં પણ વધુ છે,
પલકારામાં તે સમગ્ર બ્રહ્માંડમાં પહોંચી શકે છે.
શસ્ત્રયુદ્ધ કરતાં પણ વિચારયુદ્ધ ભયંકર છે.

o

(1) Question: What helped to clear off the greatest obstacles of life?
Answer: The other obstacles.

(2) A great achievement is usually born of great sacrifice & is never the result of selfishness.

(3) If a man has built a sound character, it makes but little difference what people say about him because he will win in the end.

I am happy because each person is a blessing to me.

(4) Yesterday is but a dream,
Tomorrow is only a vision,
but today welllived makes every
yesterday a dream of happiness &
every tomorrow a vision of hope.
Look well, therefore, to this day.
(5) There is a suitable reward
for every virtue and appropriate
punishment for every sin a man
commits. Both the reward and
the punishment are effects over
which no man has control, because
they come upon him voluntarily.
(6) No man has a chance to enjoy
permanent success until he
begins to look in a mirror for
the real cause of all his mistakes.
I live in the light, the light is in me.
I walk in the light, joyous & free.

## થોડાં પ્રશ્નોત્તર

(૧) મુખ્ય તત્ત્વ શું? શિવસ્વરૂપ આત્મા.

(૨) સર્વશ્રેષ્ઠ દાન કયું? અભયદાન.

(૩) સર્વ પ્રકારે આનંદ ક્યાં છે? મુક્તિમાં.

(૪) દુઃખનું મૂળ શું?
અનાત્મ પદાર્થોમાં રહેલી મમતા નામની વૃત્તિ.

(૫) કોના નાશમાં મોક્ષ છે? મનના નાશમાં મોક્ષ છે.

(૬) જેને જાણ્યા પછી કાંઈ પણ જાણવા યોગ્ય રહેતું નથી, તે કોણ? બ્રહ્મતત્ત્વ.

(૭) કઈ કઈ વસ્તુઓ દુર્લભ છે?
બ્રહ્મનો વિચાર, અનિત્ય પદાર્થોનો ત્યાગ અને આત્માનું દૃઢ અપરોક્ષ જ્ઞાન.

(૮) પશુથી પણ પશુ કોણ? જે શાસ્ત્રાધ્યયનમાં પ્રવીણ છતાં સ્વધર્મનું પાલન કરતો નથી તે.

(૯) ચંચળમાં ચંચળ વસ્તુઓ કઈ? ધન, યૌવન, આયુષ્ય.

(૧૦) કરવા યોગ્ય શું? પરમાત્માનું પૂજન.

(૧૧) રાત - દિવસ ચિન્તન કરવા યોગ્ય શું? સંસારનું મિથ્યાપણું અને બ્રહ્મનું સત્યપણું.

(૧૨) સર્વશ્રેષ્ઠ કર્મ કયું? પ્રભુપ્રીત્યર્થે કરેલું કર્મ.

ઘડિ ઘડિ સાંભરે સાંઈ સલૂના -
પદ્મપ્રભુ જિન દિલ સે ન વિસરે,
માનૂં કિયો કછુ ગુન કો ટૂના, દરિસન દેખત હિ સુખ પાઉં,
તો બિન હોત હું ઊના દૂના. ...ઘડી-૧
પ્રભુગુન જ્ઞાન - ધ્યાન વિધિ રચના
પાન સુપારી કાથા ચૂના, રાગ ભયો દિલ મેં આયોગે;
રહે છિપાયા ના છાના છૂના. ...ઘડી-૨
પ્રભુગુન ચિત્ત બાંધ્યો સબ સાખે,
કુન ભઈસે લેઈ ઘર કા ખૂના;
રાગ જગ્યા પ્રભુશું મોહિ પરગટ
કહો નયા કોઉ કહો જૂના. ...ઘડી-3
લોકલાજ સેં જે ચિત્ત ચોરે,
સો તો સહજ વિવેક હી સૂના;
પ્રભુગુન જ્ઞાન વિગર ભ્રમ ભૂલા,
કરે કિરિયા સો રાને રૂના. ...ઘડી-૪
મેં તો નેહ કિયો તોહિ સાથે,
અબ નિવાહ તો તો થેઈ દૂના;
જસ કહે તોં બિન ઓર ન સેવું,
અમિય ખાઈ કુન ચાખે લૂના. ...ઘડી-૫

## જ્ઞાન અને ક્રિયાના સમન્વયનું સ્તવન

સજન રા થાર મોહિમહિરાજી.

મિથ્યામતિ કે જોરે ગહુજી,

પ્રવચનશાસ્ત્ર મિટાં પાજી. સ૦૧

નિકટ દશા છાંડ, જડ ઊંચી દૃષ્ટિ દેત રેતાજી,

ન કરે કિરિયા જન કું લાજે, નહિ લવધિતિ પાકી. સ૦૨

ભાજનગાત ભીખ કોઉ છાંડી, દસ્તર મિઉં દોરે,

ગ્રહત જ્ઞાન દુ કિરિયા ત્યાગી, રોત ચોરકી ઓરે. સ૦૩

જ્ઞાન બાત નિસુની સિર ધૂને, લાગી નિજમતિ માઠી,

જો કોઉ બોલ કહે કિરિયાકી, તો માને રૂપચાડી. સ૦૪

જ્યું કોઉ તારૂ જલમાં પેસા, હાથ પાઉં નહિ લાવે,

જ્ઞાન સેતી કિરિયા સબ લાગી, યું આપનો મત ગાવે. સ૦૫

જિસે પાગ કોઉ સિર બાંધે, પહિરન નહિ લંગોટી,

સદ્ગુરુ પાસ ક્રિયા બિનુ સિખે, આગમ બાત ત્યું ખોટી. સ૦૬

જૈસે ગજ અપને સિર ઉપર ધાર આપ હી ડારે,

જ્ઞાન ગ્રહત ક્રિયા ઉચ્છેદકારત, અલ્પબુદ્ધિ ફલ હારે. સ૦૭

જ્ઞાન- ક્રિયા દોઉ શુદ્ધ ધરેંગે, શુદ્ધ કરે નિરધારી,

જસ પ્રતાપ ગુનનિધિકો ગાઉં, ઉનકી મેં બલિહારી. સ૦૮

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૬)**
માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વથી અધિક સુદ્રઢ સ્નેહ એ ભક્તિ છે. તેનાથી જ મુક્તિ કહી છે, બીજી રીતે નહીં. - વલ્લભાચાર્ય

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૫)**
શુદ્ધ નયમાં સ્થિરતા વડે જ્યારે જગતના જીવોમાં કર્મનિર્મિત દ્વિવિધતા ન દેખાય, ત્યારે હણાય નહીં તેવી અનાહત સમતા પ્રાપ્ત થાય.(૧) પોતાના ગુણો માટે પણ માધ્યસ્થ્ય-એકત્વ અધ્યવસાયથી જેનું મન આત્મામાં રમતું રહે છે, તેનું સામ્ય અનુત્તર છે.(૨) જ્યારે 'પોતાના પ્રયોજનની સિદ્ધિ પોતાને જ આધીન છે' એમ ભાસે, ત્યાર પછી બાહ્ય પદાર્થોમાં સંકલ્પોની ઉત્પત્તિ હણાય છે (દૂર થાય છે).(૩)
- અધ્યાત્મસાર, સમતા અધિકાર, શ્લોક ૮, ૯, ૬

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૪૦)**
સંસારમાં રહેલા જીવોને જિનેશ્વર ભગવાન પ્રત્યે ભક્તિ, જીવો પ્રત્યે મૈત્રી, ગુરૂ ઉપદેશમાં તપ્તિ (તત્પરતા), આચાર અને ગુણયુક્ત જીવો પ્રત્યે પ્રીતિ, ધર્મશ્રવણમાં મતિ (હોવી જોઈએ).(૧) ધન પરોપકારમાં તથા ચિત્ત પરલોકની ચિંતામાં હોય, તો નિરૂપમ પૂણ્યશાળી એવા તેઓનો જન્મ ધર્મપ્રધાન થાય છે.(૨) - સંવેગરંગશાળા ૨૬૨૬/૭

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૫૫)**
શ્રી આદિનાથ ભગવાને સવા સો કરોડ લયના પ્રકારો કહેલા છે, તે બધા લયોમાં નાદાનુસંધાન એકને જ મુખ્ય માનીએ છીએ. - હઠયોગ પ્ર.૪/૬૬

**પરિશિષ્ટ - ૫/૬ (પૃષ્ઠ ૫૯)**
'અ'કાર વડે વિષ્ણુ, 'રેફ'માં બ્રહ્મા, 'હ'કારથી હર છે. આમ 'અર્હં' ત્રયાત્મક છે.
૦ ભૂતિ, શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ (એ સર્વ) હોંશિયાર પુરૂષમાં વસે છે, આળસુમાં નહીં.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૮૨)**
બુદ્ધિમાન, સમસ્ત શાસ્ત્રોના સારને પામેલો, લોકસ્થિતિને જાણનારો, પ્રશાસન કરનાર, પ્રતિભાશાળી, પહેલેથી જાણનારો કે કથામાં આગળ શું આવશે, પ્રશ્નને

સહન કરવામાં સમર્થ, બીજાનું હિત કરનારો, પ્રશંસાથી પર, ગુણનો નિધાન એવો ગણિ (મુનિ) સ્પષ્ટ અને મધુર શબ્દોવાળી ધર્મકથા કહે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૧૫)**

તમોગુણવાળા અધોલોક (નરક)માં જાય, રજોગુણવાળા મધ્યલોક (મનુષ્યલોક)માં જાય તથા સત્ત્વગુણવાળા ઉર્ધ્વલોક (દેવલોક)માં જાય છે. તમોગુણનું ફળ અજ્ઞાન છે, રજોગુણનું ફળ દુઃખ છે તથા સત્ત્વગુણથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૧૬)**

હે અર્જુન! અનાદિ, નિર્ગુણ (રજસ્ આદિ ગુણોરહિત), અવ્યય એવા પરમાત્મા શરીરધારી હોવા છતાં કાંઈ કરતાં નથી, કર્મથી લેપાતાં નથી.(૧)

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૨૫)**


અક્ષરો મંત્રાત્મક કહેલા છે. મંત્રો ધ્વનિસ્વરૂપ, ધ્વનિ નાદસ્વરૂપ અને નાદ લયસ્વરૂપ જાણવો. ૦ મોક્ષના હેતુભૂત સામગ્રીમાં ભક્તિ જ મહાન કારણ છે. ભક્તિ સ્વરૂપનું અનુસંધાન કરાવનારી કહેવાય છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૩૯)**

તત્ત્વથી તો ધ્યાન કરનાર આત્મા પોતાના આત્મા વડે જ આત્માનું ધ્યાન કરે છે (આ નિશ્ચય મત છે). વ્યવહારનયને આશ્રયીને તો આત્મા સિવાયની અન્ય વસ્તુ (પ્રતિમા) આદિમાં ઉપચાર કરાય છે અર્થાત્ પરમાત્મા આદિના આલંબને ધ્યાન કરાય છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૫૫)**

સમ્યગ્ ધારણ કરાય તે, મોક્ષની વ્યવસ્થા કરાય તે અથવા મોક્ષમાર્ગ પ્રતિ જે ધર્મ-ધ્યાનાદિ વડે આત્મા સ્થિર કરાય, તે સમાધિ અર્થાત્ ધર્મ-ધ્યાનાદિ સમાધિ છે અથવા જે ધર્મ વડે આ આત્માને મોક્ષને યોગ્ય કરાય, તે સમાધિ છે.




ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૪ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# પંચપરમેષ્ઠિ નમસ્કાર વડે પાંચ આચારની શુદ્ધિ




જૈનદર્શનમાં પંચાચારની શુદ્ધિ તો મોક્ષપંથે જવાની
ચક્રવર્તી ચાવીરૂપ હોવાથી તે અવશ્ય આદરવા યોગ્ય જ છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in